3. 'પંચદંડ'ની વાર્તાનું પ્રાચીન સ્વરૂપ અને તેનાં સ્વરૂપાન્તરો

વિક્રમ-વિષયક વાર્તાચક્રોમાં 'પંચદંડ'નું વાર્તાચક્ર મહત્વનું સ્થાન ધરાવે છે. આ વાર્તાચક્રોમાં, 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી', 'પંચદંડ', 'વિક્રમચરિત્ર રાસ', 'વિક્રમ-લીલાવતી', 'વિક્રમ કનકાવતી', 'વિક્રમ અને ખાપરો ચોર' આદિ વાર્તાચક્રો પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં જાણીતાં છે. આપણા આ વાર્તાસાહિત્યનાં મૂળ અને પ્રાચીન સ્વરૂપ આપણને પ્રાચીન ભારતીય સંસ્કૃત, પ્રાકૃત, અને અપભ્રંશ વાર્તાસાહિત્યમાં એક યા બીજા સ્વરૂપે મળે છે. જે સ્વરૂપમાં વાર્તાઓની કૃતિઓ હાલ ગુજરાતી સાહિત્યમાં પ્રાપ્ત થાય છે તે જ સ્વરૂપમાં સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશ સાહિત્યમાં તે મળવી મુશ્કેલ છે; કારણ કે, એક વાર્તા બીજરૂપે એક દેશ, સ્થળ, કાળ અને સમાજમાં ઉદ્ભવે છે તે પ્રવાસ કરતી કરતી, અનેક દેશ, સ્થળ, કાળ અને સમાજમાંથી પસાર થાય છે અને તેમાં તે તે દેશની પરંપરાઓ, પ્રસંગો, પાત્રો અને વર્ણનોના પ્રવાહ ભળતાં મૂળ વાર્તા નવા જ રૂપે આપણી સમક્ષ રજૂ થાય છે; અને તે રીતે, વાર્તાઓનાં મૂળ શોધવાં એ એક અઘરો પ્રશ્ન છે. આ વિષયમાં, 'કથાસરિત્સાગર'ના (વૉ.૧) ટૉનીના અંગ્રેજી અનુવાદના ઉપોદ્ઘાતમાં સર રિચાર્ડ કાર્નેક ટેમ્પલે જણાવ્યું છે કે, (પ્રસ્તાવના, પૃ-૧૫)

'This is to say, it was fundamentally Aryan, with accretions from every race with which the Aryans had come in close contact for, say, three thousand years by Somadeva's time. These races were Dravidians, 'Kolarians' or, shall we say, 'aborigines' and people across the Northern and Eastern frontiers — all very different in origin from the Aryans. They all carried their religions, folk-tales and folklore with them, and cannot but have infected the indigenous corresponding nations of the Aryans of India with alien ideas and folktales.'

મહાભારત અને રામાયણનાં ઉપાખ્યાનો, બૌદ્ધ જાતકકથાઓ, ગુણાઢ્ય-કૃત 'બૃહત્કથા', સોમદેવ-વિરચિત 'કથાસરિત્સાગર', ક્ષેમેન્દ્રની 'બૃહત્કથા-મંજરી', શ્રીસંઘદાસગણિ વાચક-રચિત 'વસુદેવ-હિંડી' (પ્રથમ ખંડ), બુધ-સ્વામી કૃત 'બૃહત્કથાશ્લોકસંગ્રહ', 'પંચતંત્ર', 'હિતોપદેશ', હરિભદ્રસૂરિ-કૃત 'ધૂર્તાખ્યાન', ઉદ્યોતનસૂરિની 'કુવલયમાલા કહા', 'બૃહત્કથાકોશ', જુદા જુદા લેખકોએ રચેલાં સંસ્કૃત-પ્રાકૃત તીર્થંકર-ચરિત્રોમાંની આડકથાઓ, 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર (પર્વ ૧-૧૦)', 'પરિશિષ્ટ પર્વ', મુનિરત્નસૂરિ-પ્રણીત 'અમમચરિત્ર' — આ સર્વ કૃતિઓએ ગુજરાતી વાર્તાસાહિત્ય પ્રબળ અસર કરી છે. આ સર્વ રચનાઓમાં, ગુણાઢ્યકૃત લુપ્ત 'બૃહત્-કથા' એ ભારતીય લોકવાર્તા-સાહિત્યનો ભંડાર હતી. સોમદેવ-વિરચિત 'કથાસરિત્સાગર' અને ક્ષેમેન્દ્રની 'બૃહત્કથામંજરી' એ 'બૃહત્કથા'નાં કાશ્મીરી રૂપાન્તર છે, જ્યારે 'વસુદેવ-હિંડી' અને 'બૃહત્કથાશ્લોકસંગ્રહ' એ તેનાં અનુક્રમે જૈન અને નેપાળી રૂપાન્તર છે.

વિક્રમ-વિષયક ત્રણ અગત્યનાં વાર્તાચક્ર, 'સિંહાસનદ્વાત્રિંશિકા', 'વેતાલપંચવિંશતિ' અને 'પંચદંડછત્ર' પર કોઈ પણ પ્રાચીન કૃતિ કરતાં ગુણાઢ્યની 'બૃહત્કથા'ની પ્રબળ અસર પડેલી છે; એટલે એ ત્રણેય વાર્તા-ચક્રોમાંની કેટલીક વાર્તાઓ તો ઈસ્વી સનની પહેલી સદી જેટલી — ગુણાઢ્યના સમય જેટલી — પુરાણી છે; કહો કે તે કરતાં પણ પુરાણી હશે, કારણ કે તત્કાલીન ભારતીય સમાજમાં, અલિખિત સ્વરૂપમાં,

લોકવાર્તારૂપે પ્રચલિત એવી વાર્તાઓ ગુણાઢ્યે પોતાની કૃતિમાં સંગ્રહી હોવી જોઈએ; અને તે રીતે ઈસ્વી સનની પહેલી સદી પહેલાં ચાલતું Folk-Literature — વહેતા લોકપ્રચલિત સાહિત્ય — તરીકે સારી પેઠે પ્રિય થયેલી વાર્તાઓ ગુણાઢ્યે 'બૃહત્કથા'માં ગ્રન્થસ્થ કરી હોવી જોઈએ. 'બૃહત્કથા' અને તેના જૈન રૂપાન્તર 'વસુદેવ-હિંડી' વિષે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કહ્યું છે:[122]

"'બૃહત્કથા' એક લૌકિક કથા હતી. એના કર્તાનો ઉદ્દેશ કેવળ સાહિત્યિક આનંદ આપવાનો હતો. 'વસુદેવ-હિંડી'ને પણ તેના પ્રધાન કથાંશની બાબતમાં — વસુદેવનાં પ્રણયવિષયક પરાક્રમોની બાબતમાં જોઈએ તો તે પણ એક ઐતિહાસિક લૌકિક કથા જેવી જ લાગશે. શ્રમણ ગ્રન્થકર્તાની ધર્મબુદ્ધિએ જ એ લૌકિક કથાનો ઉત્તમ ધર્મકથારૂપે પરિણામ નીપજાવ્યો છે, એમ કહીએ તો વધારે પડતું નથી."

'બૃહત્કથા' વિષે ફ્રેન્ચ વિદ્વાન લાકોતેએ અને 'વસુદેવ-હિંડી' વિષે જર્મન ડૉ. આલ્સડોર્ફે અભ્યાસપૂર્ણ નિબંધો પ્રસિદ્ધ કર્યા છે. આલ્સડોર્ફ આ બન્ને ગ્રન્થોની સમીક્ષા કરતાં કહે છે:[123]

"પણ જૈનો પાસે પ્રાચીન, વિસ્તૃત અને અન્ય બે રૂપાન્તરો — કાશ્મીરી અને નેપાલી — થી સ્વતંત્ર એવું 'બૃહત્કથા'નું રૂપાન્તર છે એ વસ્તુ સંપૂર્ણપણે ધ્યાન બહાર રહી છે, એ આશ્ચર્યકારક છે. નરવાહનદત્તનાં પરાક્રમો જૈનોએ કૃષ્ણના પિતા વસુદેવ ઉપર આરોપ્યાં છે. 'વસુદેવ-હિંડી' (વસુદેવનું પરિભ્રમણ) એ જૈન પુરાણકથાનો અને પૌરાણિક વિશ્વ-ઇતિહાસનો (કથાનુયોગનો) એક મહત્ત્વનો અંશ છે. વર્ષો પહેલાં પ્રસિદ્ધ થયેલા હેમચન્દ્રના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં, શ્રીનેમિનાથના ચરિત્ર-માં વસુદેવનું ચરિત્ર પણ આવે છે ત્યાં જૈન 'બૃહત્કથા'ની રૂપરેખા જોવામાં આવે છે. તેમાં તથા શ્રીકૃષ્ણની પુરાણકથાને લગતા જૈન ગ્રન્થોમાં એનો સંક્ષિપ્ત સારોદ્ધાર આપવામાં આવેલો છે. પણ થોડાંક વર્ષ ઉપર હિન્દમાં પ્રસિદ્ધ થયેલ એક ગ્રન્થ, સંઘદાસગણિકૃત 'વસુદેવ-હિંડી' તેના

૧૨૨. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'વસુદેવ-હિંડી' (ગુજરાતી અનુવાદ)ની
૧૨૩. પ્રસ્તાવના, પૃ. ૭
ઉપર્યુક્ત, પ્રસ્તાવના, પૃ. ૧૦

વિસ્તાર અને વિગતોના કારણે જૈન 'બૃહત્કથા' પરત્વે અનુશુદ્ધ અભિપ્રાય આપવાનું આપણે માટે શક્ય બનાવે છે. 'આવશ્યકચૂર્ણિ'માં પણ મળતો 'વસુદેવ-હિંડી'નો ઉલ્લેખ ઈસવી ૬૦૦ની આસપાસ તેની રચનાની ઉત્તરમર્યાદા સ્થાપિત કરી દે છે. ગ્રન્થની અત્યંત પ્રાચીન ભાષા તે કરતાં યે જૂનો રચનાકાળ સૂચવે છે. ગમે તેમ, પણ આ નવપ્રાપ્ત પ્રાકૃત ગ્રન્થમાં અત્યાર સુધી જાણવામાં આવેલું 'બૃહત્કથા'નું પ્રાચીનતમ રૂપાન્તર મળે છે. આ ગ્રન્થમાં પણ 'બૃહત્કથા'નું વસ્તુ શ્રીકૃષ્ણની પુરાણ-કથાની આસપાસ ગૂંથાયેલું મળે છે, કે જે કથા ઈસવી સન પૂર્વે ૩૦૦ની આસપાસમાં જૈનોએ અપનાવી હોવાનું ડૉ. યાકોબીએ નક્કી કર્યું છે. ડૉ. યાકોબી માને છે કે ઈસવી સનના પ્રારંભ સુધીમાં જૈન પુરાણકથા સંપૂર્ણ બની ચૂકી હતી. જ્યારે જૈનોએ 'બૃહત્કથા'ને પોતાની પુરાણકથાના કલેવર-માં દાખલ કરી ત્યારે તે એક સુપ્રસિદ્ધ કવિની કૃતિ હોવા ઉપરાંત વધારે તો દેવકથાની ભવ્યતાથી પ્રકાશમાન એવા એક પ્રાચીનતર યુગની રચના હતી, જેની મહત્તા પુરાણ અને મહાકાવ્યની કથાઓ જેટલી જ હતી. આનો અર્થ એ થયો કે 'બૃહત્કથા'નું જૈન રૂપાન્તર મૂળ 'બૃહત્કથા'નો રચનાકાળ વળી કેટલીક સદીઓ જેટલો પ્રાચીનતર માનવાની આપણને ફરજ પાડે છે. ડૉ. બુલ્હરની જેમ ગુણાઢ્યને ઈસવી સનની પહેલી કે બીજી શતાબ્દીમાં અથવા લાકોતેની જેમ ત્રીજી શતાબ્દીમાં મૂકવાને બદલે — વધારે પ્રાચીન સમયમાં નહીં — તો ઈસવી સનની પૂર્વે પહેલી અથવા બીજી શતાબ્દીમાં આપણે જવું જોઈએ."

આમ, આલ્સડોર્ફના મત મુજબ 'બૃહત્કથા' ઈસવી સનની પૂર્વે પહેલી કે બીજી શતાબ્દીમાં રચાઈ હશે, પણ ગ્રન્થમાં અન્તર્ગત થયેલી વાર્તાઓ તેના કરતાં વધુ પ્રાચીન હોવી જોઈએ; અને તે જોતાં પ્રસિદ્ધ ભારતીય લોકવાર્તાત્રયી — 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી' અને 'પંચદંડછત્ર'ની વાર્તાઓ — જેમનામાંના ઘણાંનાં મૂળ 'બૃહત્કથા'નાં રૂપાન્તરોમાં મળે છે તે — અતિ પ્રાચીન છે. આ ત્રણે ય વાર્તાચક્રો, આખા વાર્તાચક્રનાં તેમજ વાર્તાચક્રની અલગ અલગ ઉપવાર્તાનાં સ્વરૂપઘટન (Morphology), આયોજન (Technique), ઘટકતત્ત્વો (Motifs) અને સાંસ્કૃતિક

પરંપરાની દૃષ્ટિએ ઘણું સામ્ય ધરાવે છે. 'બૃહત્કથા', 'વસુદેવ-હિંડી', 'કથા-સરિત્સાગર', 'બૃહત્કથામંજરી', 'પંચતંત્ર', 'દશકુમારચરિત', 'અરેબિયન નાઈટ્સ' આદિ વાર્તાસંગ્રહોની માફક આ વાર્તાચક્રોમાં પણ એક મુખ્ય વાર્તા હોય છે અને તેની એક ઉપવાર્તામાંથી બીજી, અને બીજીમાંથી ત્રીજી એમ ઉપવાર્તાઓ ફૂટ્યે જ જાય છે. એમાં દરેક વાર્તા સ્વતંત્ર વાર્તા તરીકેનું વ્યક્તિત્વ ધરાવે છે એટલું જ નહિ પણ આખા વાર્તાચક્રના સ્થાપત્યના અંશ તરીકે પણ તે તેને શોભા અર્પે છે; વ્યક્તિગત વાર્તાઓનું સ્વરૂપ પણ કેટલીક વિગતોની સરવાળા બાદબાકી કરતાં, એકબીજા સાથે ઘણું સામ્ય ધરાવે છે. વાર્તાનો વીર નાયક પરાક્રમો કરે છે અને વાર્તાના અન્તે નાયક કોઈ સુંદરી પરણી લાવે છે અથવા અઢળક ખજાનો કમાઈ લાવે છે. આવા સામાન્ય ચોકઠામાં આ વાર્તાચક્રોની વાર્તાઓનું સ્વરૂપ ઘડાયેલું છે. આ વાર્તાચક્રો પૈકી, 'વેતાલપચીસી'નું વાર્તાચક્ર કે જે 'બૃહત્કથા'ના અગિયારમા સૈકાના સંસ્કૃત રૂપાન્તર 'કથાસરિત્સાગર'માં સચવાયેલું છે, તે ત્રણેયમાં પ્રાચીન છે. 'પંચદંડછત્ર' અને 'સિંહાસનબત્રીસી' પર તેની અસર વરતાય છે. શિવદાસની 'વેતાલપચીસી' એ સ્તાની સૌથી જૂની પ્રાપ્ત સંસ્કૃત રચના છે.

આ વાર્તાચક્રો, સંસ્કૃત સાહિત્ય અને પ્રાદેશિક ભાષાઓમાં જુદી જુદી રીતે સચવાયેલાં મળે છે. ક્ષેમંકરની 'સિંહાસનબત્રીસી'ની કૃતિ (ઈ.સ.૧૪૫૦ આસપાસ) 'सिंहासनद्वात्रिंशिका' નામે મળે છે, જ્યારે બુદ્ધિસાગરશિષ્ય રામચંદ્રસૂરિની એ જ સંસ્કૃત રચના 'विक्रमचरित्र'ના શીર્ષકથી મળે છે. દેવમૂર્તિના સંસ્કૃત 'विक्रमचरित्र' મહાકાવ્યમાં 'સિંહાસનબત્રીસી' અને 'પંચદંડછત્ર' બન્ને વાર્તાચક્રો અન્તર્ગત કરેલાં છે, જ્યારે શુભશીલગણિના એ જ શીર્ષક ધરાવતા મહાકાવ્યમાં 'પંચદંડછત્ર' મળે છે, પણ 'સિંહાસનબત્રીસી' મળતી નથી. શામળે તેની 'સિંહાસનબત્રીસી'માં, 'વેતાલપચીસી', 'પંચદંડછત્ર' અને 'સિંહાસનબત્રીસી' એ ત્રણેયને 'સિંહાસનબત્રીસી'ના એક જ શીર્ષકથી સાંકળી લીધાં છે. આમ, આ વાર્તાચક્રો અલગ કૃતિરૂપે અથવા તો વિક્રમ-ચરિત્રના એક ભાગરૂપે મળે છે. પ્રાચીન સમયથી પ્રવાસ કરતાં કરતાં, અત્યાર સુધી જળવાઈ રહેલ આ વાર્તાચક્રત્રણ પૈકી 'વેતાલપચીસી'ની

ઉલ્લેખ 'બૃહત્કથા'ના રૂપાન્તર 'કથાસરિત્સાગર'માં 'વેતાલપચીસી'ના નામથી સ્પષ્ટ રીતે મળે છે, જ્યારે 'પંચદંડછત્ર' અને 'સિંહાસનબત્રીસી'નો નામજોગ ઉલ્લેખ વિક્રમના બારમા સૈકાથી પ્રાચીન નથી, છતાં યે તે બન્ને વાર્તાચક્રોમાં અન્તર્ગત વાર્તાઓની પરંપરા 'વેતાલપચીસી' જેટલી પ્રાચીન છે, એમ વાર્તાઓમાં સચવાયેલી સાંસ્કૃતિક સામગ્રીના આધારે જણાય છે. આ ત્રણેય વાર્તાચક્રોમાં, વાર્તાઓના સરવાળા-બાદબાકી સારા પ્રમાણમાં થયાં છે. 'બૃહત્કથા'માંની 'વેતાલપચીસી', 'કથાસરિત્સાગર'માં તેજ સ્વરૂપે સચવાઈ રહી હશે કે કેમ તે શંકાનો વિષય છે, કારણ કે 'બૃહત્કથા'ના જૈન રૂપાન્તર 'વસુદેવ-હિંડી'માં તો એની એકે ય વાર્તા મળતી નથી. વળી, શિવદાસની 'વેતાલપચીસી'ની સંસ્કૃત વાચનાની અને દેવશીલની જૂની ગુજરાતી 'વેતાલપચીસી'ની સર્વ વાર્તાઓ 'કથાસરિત્સાગર' પ્રમાણે મળતી નથી. 'સિંહાસનબત્રીસી' અને 'પંચદંડછત્ર'નો પહેલો નામજોગ ઉલ્લેખ 'અમમચરિત્ર'ના કર્તા મુનિરત્નસૂરિએ (આશરે ઈ.સ.નો બારમો સૈકો) કર્યો છે. ત્યાર પછીના ૩૦૦ વર્ષના ગાળામાં આ વાર્તાચક્રોની કૃતિઓ મળતી નથી. 'અમમચરિત્ર'માં ઉપર્યુક્ત ત્રણેય વાર્તાચક્રોની કેટલીક વાર્તાઓનાં રૂપાન્તર પ્રાપ્ત થાય છે.

આયોજન પરત્વે, 'વેતાલપચીસી', 'પંચદંડછત્ર' અને 'સિંહાસનબત્રીસી'માં મુખ્ય વાર્તામાં નાયક સમક્ષ એક સમસ્યા ઊભી થાય છે અને તે સમસ્યાના ઉકેલ માટે નાયક પરાક્રમો કરે છે. 'વેતાલપચીસી'માં પ્રેતદેહમાં રહેલો વેતાલ, ખભા પર હોય ત્યારે બોલવાની મનાઈ હોવા છતાં વિક્રમ બોલી ઊઠે છે અને મુડદું પાછું ઝાડની ડાળે લટકાઈ જાય છે. આમ ચોવીસ વાર થાય છે અને પચીસમા વખતે વિક્રમ મૂંગો રહે છે. વેતાલ છેવટે સમજી જાય છે અને વિક્રમને સિદ્ધિ પ્રાપ્ત કરવાની યુક્તિ દર્શાવે છે. 'પંચદંડ'માં, વૃદ્ધા ગાંછણના મહેણાના કારણે આવેલા રસ્તામાં ગાંછણે દોરેલી ત્રણ રેખાઓથી ઊભી થયેલી ત્રણ વજ્રદિવાલોના કારણે, વિક્રમ ગાંછણને 'પંચદંડછત્ર'નું રહસ્ય પૂછે છે. પ્રો. એ. વેબરે 'પંચદંડ'ને પાંચ સમસ્યાઓ તરીકે ઓળખાવેલ છે, અને પાંચે ય સમસ્યાઓ પૂર્ણ કર્યા પછી વિક્રમને ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. 'સિંહાસનબત્રીસી'માં, બત્રીસ પૂતળીઓ રાજા ભોજને સિંહાસન પર બેસતો અટકાવે છે, અને વિક્રમે પોતાનાં પરાક્રમથી, ઊભી થયેલી મુશ્કેલીઓનો કેવો સામનો કર્યો તે તેઓ

એક પછી એક વર્ણવે છે. મુશ્કેલીઓમાં દુઃખી પ્રજાજનોને મદદ કરનાર વિક્રમ છેવટે 'પરદુઃખભંજન' પદ પ્રાપ્ત કરે છે. દરેક પૂતળી ભોજને કહે છે કે, વિક્રમ જેવાં પરાક્રમ કરશો તો જ ઇષ્ટ સિદ્ધિ— સિંહાસન પર બેસવાની સિદ્ધિ— પ્રાપ્ત કરી શકશો. નાયકના માર્ગમાં અન્તરાય આવે અને નાયક અન્તરાયો તરી પાર ઊતરે, એ કથાઘટક અહીં યોગ્ય રીતે યોજાયું છે.

આ વાર્તાચક્રત્રયીમાં, વિક્રમ નાયક છે અને વેતાલ તેનો સહાયકર્તા છે. નાયકના વિષયમાં રસપ્રદ બીના એ છે કે, 'બૃહત્કથા'નો નરવાહનદત્ત 'વસુદેવ-હિંડી'માં વસુદેવ થાય છે, 'અંબડચરિત્ર'માં અંબડ થાય છે, અને ઉપર્યુક્ત વાર્તાચક્રત્રયીમાં વિક્રમ થાય છે. નરવાહનદત્ત, વસુદેવ, અંબડ અને વિક્રમ પરાક્રમો કરે છે, અનેક પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરે છે, અને સુંદરીઓ પરણી લાવે છે. જો વિક્રમ એ નરવાહનદત્તનો જ અવતાર હોય તો વિક્રમ-વિષયક વાર્તાચક્રોમાંથી વિક્રમની ઐતિહાસિક ભૂમિકા વિષે કંઈ કહી શકાય નહિ; પણ એક વસ્તુનો નિર્દેશ કરી શકાય કે, આ નાયકો અનેક જાદુઈ વિદ્યાઓ- (Magic Sciences)માં પારંગત થયેલ વિદ્યાધરો (Holder of Magic Science) છે.

આ વાર્તાચક્રોનાં ઘટકતત્ત્વો (Motifs) એકબીજા સાથે મળતાં આવે છે. બૌદ્ધ અને જૈન પરંપરાની મહાવિદ્યાઓ, વિદ્યાધરો, વેતાલ, દંડ, બોલતી પૂતળી, સિદ્ધગુટિકા, બોલતાં પક્ષીઓ, બોલતો મૃતદેહ, આકાશમાં ઉડ્ડયન, જાતિપરિવર્તન, સ્વરૂપપરિવર્તન આદિ કથાઘટકો વાર્તાઓના ચાલકબળરૂપે પ્રવર્તે છે. વાર્તાઓની સાંસ્કૃતિક પરંપરામાં પણ સામ્ય છે. આ વાર્તાઓનું કાર્યક્ષેત્ર ઉજ્જયિની, પાટલિપુત્ર, તામ્રલિપ્તિ, સોપારા, કટાહ, સાગરદ્વીપ, સિંહલદ્વીપ આદિ પ્રાચીન નગરોમાં પથરાયેલું છે; જ્યારે સિદ્ધયોગીઓ અને તાંત્રિકોની પરંપરામાંથી આ વાર્તાઓ ઉદ્ભવી હોય અને તે વળી, કામરૂપ, તિબેટ, નેપાલ આદિ ભારતના ઇશાન ખૂણાના- (North-East India)ના પ્રદેશોમાં તે બીજરૂપે ફૂટી હોય એ શક્ય છે. વેતાલવિદ્યાના મૂર્તસ્વરૂપ વેતાલની અને જાદુઈ વિદ્યાઓના જાણકાર વિદ્યાધર વિક્રમની કલ્પના, સિદ્ધવિદ્યાઓ અને સિદ્ધયોગીઓમાંથી વિકસી હોવી જોઈએ. પ્રાચીન ભારતવાસીઓ વહાણો દ્વારા દૂર દૂરના દેશો સાથે વેપાર ખેડતા એટલું જ નહિ પણ અગ્નિ-એશિયામાં અને લંકામાં ભારતીય વસાહતો સ્થાપી પોતાની હાક વગાડતા એ સાંસ્કૃતિક દૃષ્ટિના

રૂપાન્તરિત સ્થિતિમાં આ વાર્તાઓમાં પ્રાપ્ત થાય છે.

આ વાર્તાચક્રોમાં 'પંચદંડછત્ર' એના બહુઈ દંડના દારકત્વના કારણે બીજાં બે વાર્તાચક્રોથી જુદું પડે છે. આ મહાનિબંધના ચોથા પ્રકરણ, 'વાર્તાઓનાં દારકતત્ત્વો'માં મેં બહુઈ દંડના દારકત્વની સવિસ્તર ચર્ચા કરી છે. અહીં હું 'પંચદંડ'ની વાર્તાઓનું પ્રાચીન સ્વરૂપ અને તેનું સંસ્કૃત, જૂની ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં કેવું સ્વરૂપાન્તર થાય છે તે દર્શાવવા પ્રયત્ન કરીશ. આ પ્રકરણના પ્રારંભમાં મેં કહ્યું તેમ, વાર્તાઓનાં મૂળ શોધવાં એ દુષ્કર, કહો કે અશક્ય કાર્ય છે; પણ વાર્તાઓનું પ્રાચીન સ્વરૂપ જરૂર દર્શાવી શકાય. તે રીતે, 'બૃહત્કથા'ના રૂપાન્તર 'કથાસરિત્-સાગર' અને 'વસુદેવ-હિંડી'માં તેમ જ 'પાર્શ્વનાથ ચરિત્ર', 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષ ચરિત્ર', 'પરિશિષ્ટ પર્વ', 'અંબડચરિત્ર' આદિ કૃતિઓમાં 'પંચદંડ'ની વાર્તાના સચવાયેલા અંશ અને એ અંશોમાં થયેલાં રૂપાન્તરોની તેમ જ એ રૂપાન્તરપ્રક્રિયાની સમીક્ષા હું અહીં રજૂ કરીશ.

પ્રાસ્તાવિક વાર્તા પહેલી

'પંચદંડ'ની પહેલી વાર્તા 'વિક્રમ અને દેવદમનીનું લગ્ન' શરૂ થાય છે તે પહેલાં આખા વાર્તાચક્રના પ્રાસ્તાવિકરૂપ 'વિક્રમ અને દમનીની ગાળાગાળી-નો પ્રસંગ પ્રાપ્ત થાય છે. આ પ્રાસ્તાવિક 'પંચદંડ'ની સર્વ કૃતિઓમાં મળે છે. શરૂઆતમાં, વિક્રમની સવારી દમની ગાંછણના દ્વાર પાસેથી પસાર થતી હતી ત્યારે કચરો ઝાડતી દમનીની દાસીને વિક્રમના સેવકો-એ મારી. આથી ગુસ્સે થઈ દમનીએ રાજાને મહેણું માર્યું કે, 'ન દીહ ઉગ્યુ રાઉ ભણૅ પાંચ દંડીઉં છત્ર ધરાવઈ છઈ?' આ મહેણા દ્વારા જ વિક્રમ 'પંચદંડછત્ર'નું રહસ્ય જાણવા પ્રેરાય છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિક્રમાંક ૧), પૂર્ણચંદ્રસૂરિ (કૃતિક્રમાંક ૨), દેવમૂર્તિ (કૃતિ-ક્રમાંક ૩), શુભશીલગણિ (કૃતિક્રમાંક ૪), અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિક્રમાંક ૫), અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિક્રમાંક ૬) — આ સર્વ

'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરાને અનુસરનારા વાર્તાકારોએ મહેણા દ્વારા વાર્તાને વેગ આપ્યો છે. તે સિવાયના, પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિની પરંપરાને અનુસરનારા રચયિતાઓએ, મહેણાની ઘટનાનું રૂપાંતર કરી, દમનીએ માર્ગમાં જાદુઈ દંડ વડે ત્રણ રેખા દોરવાથી ઊભી થયેલી ત્રણ વજ્રદિવાલોના કારણે વિક્રમ 'પંચદંડછત્ર'નું રહસ્ય જાણવા પ્રેરાયો એમ દર્શાવ્યું છે. વિક્રમે દમનીને 'પંચદંડછત્ર'નું રહસ્ય પૂછતાં, દમનીએ વિક્રમને કહ્યું કે, 'તમે મારા પાંચ આદેશનું પાલન કરશો તો પંચદંડછત્ર-નું રહસ્ય પામી શકશો.' વિક્રમે આદેશનું પાલન કરવા હા પાડી.

દમનીના પ્રથમ આદેશ પ્રમાણે, વિક્રમ દમનીની પુત્રી દેવદમની સાથે દ્યૂત રમી, દ્યૂતમાં તેને હરાવી, તેને પરણવાનો હતો. 'વિક્રમ-દેવદમનીનું લગ્ન' એ વાર્તામાં, વિક્રમ અને દેવદમની બન્ને દ્યૂત રમે છે, પણ તેઓ કેટલાય દિવસ સુધી એકબીજાને હરાવી શકતાં નથી. અંતે, ફરીફરીને, એક રાત્રે વિક્રમ નગરચર્યા જોતાં જોતાં, નગરના ક્ષેત્રપાલને મળે છે અને તેને પોતાની આપવીતી કહે છે. ક્ષેત્રપાલે રાજાને દેવદમનીને હરાવવાની યુક્તિ દર્શાવી. ક્ષેત્રપાલે દર્શાવેલી યુક્તિ પ્રમાણે, રાજા વેતાલની સહાયથી સ્વર્ગમાં ઇન્દ્રની સભામાં જાય છે, જ્યાં રાજા દેવદમનીને સભા સમક્ષ નૃત્ય કરતી જુએ છે. નૃત્ય કરતી દેવદમનીનાં નૂપુર, મંદારમાલા અને કનક (પાનબીડું, વેતાલની મદદથી વિક્રમ એંધાણીરૂપે હરી લે છે અને દ્યૂતની રમત રમતાં રમતાં રાજા એ એંધાણી દેવદમનીને બતાવતાં, તેના ચિત્તમાં ક્ષોભ પેદા થાય છે અને હારી જાય છે. વિક્રમ તેને પરણે છે.

આને મળતી એક વાર્તા 'કથાસરિત્સાગર'માં નીચે પ્રમાણે મળે છે:

શૃંગભુજ અને રૂપશિખા[૨૨]

અગ્નિશિખ નામના રાક્ષસના હાથમાં, વર્ધમાન નગરના રાજા વીરભુજનો પુત્ર સપડાયો હતો. રાક્ષસ તેને મારી નાખત પણ રાક્ષસ-પુત્રી રૂપશિખા કે જે શૃંગભુજ પર મોહી પડી હતી તેને લઈ તે નાસી

૨૨. Tawney, C. H. and Penzer, N. M., 'The Ocean of Story', Vol. III, Story No. 53, pp. 218-232

ગયો. રૂપશિખાએ તેના પિતા સમક્ષ શૃંગભુજને પરણવાની વાત કરતાં, રાક્ષસે રાજકુંવરને કહ્યું, "જો તું મારા આદેશનું પાલન કરીશ તો હું તને મારી પુત્રી પરણાવીશ." રાજકુંવર શૃંગભુજે તેના સર્વ આદેશનું પાલન કરવા હા પાડી. રાક્ષસે તેને એવા પ્રકારના આદેશ આપવા માંડ્યા કે જેનું પાલન કરવું સર્વથા અશક્ય હોય. પણ તેના પ્રેમમાં પડેલી રૂપશિખાએ જાદુઈ વિદ્યાઓ વડે આદેશોનું પાલન કરવામાં તેને સહાય કરી. પરિણામે, તે રૂપશિખાને પરણ્યો, પણ રાક્ષસે તેને પોતાની સાથે રહેવાની ફરજ પાડી. એક દિવસ રાજકુંવરે પોતાના વતનમાં જવા ઇચ્છા વ્યક્ત કરી; રાક્ષસની ઇચ્છા વિરુદ્ધ શૃંગભુજ-રૂપશિખા વર્ધમાન નગર જવા નીકળ્યાં. રાક્ષસે પોતાની વિદ્યાના પ્રભાવથી દંપતીના માર્ગમાં અનેક અન્તરાય ઊભા કરવાનો પ્રયત્ન કર્યો, પણ રૂપશિખાએ પોતાની જાદુઈ વિદ્યાઓથી સર્વ અન્તરાય દૂર કર્યા અને તેઓ વર્ધમાન નગરમાં આવી પહોંચ્યાં.

ઉપર્યુક્ત વાર્તામાં, શૃંગભુજ જો રૂપશિખાને પરણવા ઇચ્છતો હોય તો તેણે રાક્ષસના સર્વ આદેશનું પાલન કરવું જોઈએ, એ શરત 'પંચદંડ'માંની દમની ગાછણની શરત, 'પંચદંડછત્ર'નું રહસ્ય જાણવું હોય તો વિક્રમે તેના પાંચ આદેશનું પાલન કરવું જોઈએ, તેની સાથે સામ્ય ધરાવે છે. બન્નેમાં આદેશનું પાલન અશક્ય હોય છે, પણ વિક્રમ વેતાલની સહાયથી, તેમ શૃંગભુજ રૂપશિખાની સહાયથી આદેશ સિદ્ધ કરે છે. બન્ને વાર્તામાં આદેશ આપનાર પાત્રો એવા આશયથી આદેશ આપે છે કે, આદેશનું પાલનકર્તા પાત્ર મરણ મરણને નાશ પામે. પણ વેતાલ અને રૂપશિખા જેવાં પાત્ર બાજી પલટી નાખે છે.

દેવદમની ઇન્દ્રની સભામાં જઈ નૃત્ય કરે છે તે પ્રસંગ 'કથાસરિત્સાગર'ની 'ઠિંઠાકરાલ અને કલાવતી'ની વાર્તામાં આ પ્રમાણે મળે છે:

ઠિંઠાકરાલ અને કલાવતી[૧૨૫]

ઉજ્જયિનીના દ્યૂતકાર ઠિંઠાકરાલને કલાવતી નામની સુંદર સ્ત્રી હતી. આ કલાવતી એ ઇન્દ્રની શાપિત અપ્સરા હતી. કલાવતી દિવસના સ્વર્ગમાં ઇન્દ્રની સભામાં જતી હતી અને રાત્રે પોતાના પતિ પાસે રહેતી.

૧૨૫. Tawney, C.H. and Penzer, N.M., Op. cit., Vol-IX, Story No 171 AAA, pp. 17-22

હતી. એક દિવસ ડિંડાકરાલે કલાવતી સાથે સ્વર્ગમાં જવાની હઠ પકડી. પતિપ્રેમને વશ થઈ, કલાવતીએ ડિંડાકરાલને, વિદ્યાના પ્રભાવથી, પોતાના કર્ણાભરણરૂપ કમળમાં સંતાડ્યો અને તે સ્વર્ગમાં ગઈ. ડિંડાકરાલે ઇન્દ્રસભામાં, રંભાનું નૃત્ય જોયું. પછી બકરાના સ્વરૂપમાં એક રંગલો નૃત્ય કરવા લાગ્યો. આ બકરાને ડિંડાકરાલે ઉજ્જયિનીમાં જોયો હતો. તે સ્વર્ગમાં આવી, વિદૂષક તરીકે કેમ નાચતો હતો, એ રહસ્ય જાણવા ડિંડાકરાલને ચટપટી થઈ. સમારંભ પૂરો થતાં, તે પોતાની પત્ની સાથે ઉજ્જયિની આવ્યો. પેલા બકરા પાસે જઈ તેણે કહ્યું, 'ઇન્દ્રની સભામાં તું નાચતો હતો તે રીતે નાચ.' બકરો આશ્ચર્ય પામ્યો કે, આ મૃત્યુલોકના માનવીએ સ્વર્ગની વાત કેવી રીતે જાણી? આમ વિચારતો તે બોલ્યા વિના શાંત ઊભો રહ્યો. ડિંડાકરાલે જિદ્દ પકડી, નૃત્ય માટે તેને માર્યો. લોહી નિગળતા બકરાએ ઇન્દ્ર પાસે જઈ આની ફરિયાદ કરતાં, ઇન્દ્રે જોયું કે, કલાવતીની ભૂલના કારણે, બકરાનું છૂપું સ્વરૂપ ડિંડાકરાલે જાણ્યું. આથી ઇન્દ્રે ગુસ્સે થઈ કલાવતીને શાપ આપ્યો કે, 'તું તારી ભૂલના કારણે, દેવળના થાંભલાની પૂતળી થશે.'

આ વાર્તામાં, દેવદમનીની માફક કલાવતી રોજ ઇન્દ્રસભામાં જતી હોય છે— દેવદમની રાત્રે જતી જ્યારે કલાવતી દિવસના. દેવદમની છૂપી રીતે વિક્રમ વેતાલની સહાયથી ઇન્દ્રસભામાં ગયો; અને ડિંડાકરાલ કલાવતીની ભૂલ વિદ્યાના બળથી સ્વર્ગમાં જઈ શક્યો. દેવદમનીના સ્વર્ગગમનનો ભેદ વિક્રમે ખુલ્લો પાડતાં તે દ્યૂતમાં હારી, તેમ બકરાના દિવ્ય સ્વરૂપનો ભેદ ડિંડાકરાલે જાણી લીધો અને તેના પરિણામે ઇન્દ્રે કલાવતીને મન્દિરના સ્તંભની પૂતળી થવાનો શાપ આપ્યો.

આ વાર્તાને મળતી, પ્રો. સ્ટીથ થૉમ્પસને 'Supernatural Power-saries'ના વર્ગની વાર્તાઓના નમૂના તરીકે એક વાર્તા 'The Danced-out Shoes' આપી છે તેનો સારાંશ આ પ્રમાણે છે:[૨૬]

૨૬. Thompson, Stith, 'The Folktale', pp. 33-34. (Tale-type No 306)

નૃત્યથી તૂટેલાં પગરખાં

એક રાજકન્યા રોજ રાત્રે મહેલમાંથી અદૃશ્ય થઈ જતી અને નૃત્ય કરી કરીને તૂટી ગયેલાં પગરખાં સાથે પાછી ફરતી. જે માણસ તેની આ વર્તણુકનું રહસ્ય ઉકેલી બતાવે તેને તે રાજકન્યા પરણાવવામાં આવશે, એમ રાજાએ (રાજકુંવરીના પિતાએ) જાહેરાત કરી. રાજકન્યાના વર્તનનું રહસ્ય જાણવા જે કોઈએ પીછો પકડવાનો પ્રયત્ન કર્યો તે સર્વને માદક પીણાં પીવડાવી, તેણે બેભાન બનાવ્યા. પણ એક વીર પુરુષે (જે વાર્તાનો નાયક છે) માદક પીણું લેવાની ના પાડી અને રાજકન્યા સાથે પાતાળમાં ગયો. નાયક પોતે અદૃશ્ય થવાની શક્તિ ધરાવતો હતો, તેના વડે અદૃશ્ય રહી, રાજકન્યા જે અદ્‌ભુત શક્તિવાળા (અમાનુષી) પુરુષ સાથે દરરોજ નૃત્ય કરતી હતી તે તેણે જોયું. આની એંધાણીરૂપ કેટલીક વસ્તુઓ નાયક ત્યાંથી ચોરી લાવ્યો. સવાર પડતાં, વીર પુરુષે રાજા પાસે જઈ રાજકન્યાના વર્તનનો ઘટસ્ફોટ કર્યો અને એના પુરાવા તરીકે ચોરી આણેલી વસ્તુઓ બતાવી, તે રાજકુંવરીને પરણ્યો.

વિક્રમ વેતાલની સહાયથી છૂપી રીતે સ્વર્ગમાં ઇન્દ્રસભામાં ગયો અને ત્યાં નૃત્ય કરતી દેવદમનીનાં નૂપુર, મંદારમાલા અને બીટક એંધાણી તરીકે રાજા ચોરી લાવ્યો. દ્યૂતની રમતમાં આ એંધાણીઓ દેવદમનીને બતાવી, તેના ચિત્તને ક્ષુબ્ધ કરી, તેને હરાવી; 'પંચદંડ'નો આ પ્રસંગ અને પ્રો. ટોમસને ઉપર દર્શાવેલી વાર્તાનું વસ્તુ સારા પ્રમાણમાં સામ્ય ધરાવે છે.

'પંચદંડ'માં નારો જણાવેલો શ્લોક સંસ્કૃત અને જૂની ગુજરાતીની કૃતિઓમાં એક યા બીજા સ્વરૂપે મળે છે:

नीचादप्युत्तमां विद्याममेध्यादपि काञ्चनं ।
विषादप्यमृतं ग्राह्यं स्त्रीरत्नं दुष्कुलादपि ॥

'નીચ જાતિની વ્યક્તિઓ સાથેનાં લગ્ન' વિશે નોંધ લખતાં, પ્રો. મોરીસ બ્લૂમફિલ્ડે આ શ્લોક ટાંકી, તેનાં મૂળ 'મનુસ્મૃતિ'માં દર્શાવ્યાં છે.

(cf. Manu, 2.238-239; Böhtlingk, Indische Sprüche, nr. 6227).[127] 'મનુસ્મૃતિ'ના એ બે શ્લોક આ પ્રમાણે છે:[128]

श्रद्दधानः शुभां विद्यामाददीतावरादपि ।
अन्त्यादपि परं धर्मं स्त्रीरत्नं दुष्कुलादपि ॥२३८॥
विषादप्यमृतं ग्राह्यं बालादपि सुभाषितम् ।
अमित्रादपि सद्वृत्तममेध्यादपि काञ्चनम् ॥२३९॥

'કથાસરિત્સાગર'માં નીચ જાતિની વ્યક્તિઓ સાથેનાં લગ્નોનો ઉલ્લેખ કરી, પ્રો. બ્લુમફિલ્ડ જણાવે છે કે,[129] "Nevertheless, 'the heart-deer of some noble lover runs occasionally into the net of the hunter love' even tho the beloved person is low-born, as is shown by the chain of stories beginning with Kathās. 112-89 ff." 'પંચદંડ'ની પહેલી વાર્તામાં વિક્રમ, નીચ ગણાતા જાતિની દેવદમની જેવી સ્ત્રી સાથે પરણ્યો તેનો પણ બ્લુમફિલ્ડે ઉલ્લેખ કર્યો છે. નીચ જાતિની સ્ત્રી સાથેના લગ્નને સાર્થક ગણાવતી, એકબે આખ્યાયિકાઓ, આચાર્ય હેમચન્દ્રાચાર્યે 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં આપી છે તે આ પ્રમાણે છે:[130]

તે નગરમાં એક વિદ્યાસિદ્ધ માતંગપતિ રહેતો હતો. તેની પત્નીને એકદા આમ્રફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો તેથી તેણીએ પતિને કહ્યું કે, હે નાથ! મને આમ્રફળ લાવી આપીને મારા દોહદને પૂરો. તે બોલ્યો, અરે મૂઢ સ્ત્રી! આજે અકાળે આમ્રફળ ક્યાંથી હોય? સ્ત્રીએ કહ્યું, નાથ! આજે ચેલ્લણા રાણીના ઉદ્યાનમાં આમ્રવૃક્ષો પ્રફુલ્લિત છે. તે સાંભળી માતંગપતિ ચેલ્લણાના ઉદ્યાનની સમીપ આવ્યો. ત્યાં આમ્રવૃક્ષો સદા ફલિત પણ હતાં. ઊંચાં

૧૨૭. Bloomfield, M., 'The Life and Stories of Jaina Savior Pārśvanātha', p. 195; Additional Note No 15 on 'Marriage with Low-caste person.'

૧૨૮. Garpure, J. R. (edited by), 'Manusmṛti', published by the author, first edition, 1920

૧૨૯. Bloomfield, M., Op. cit.

૧૩૦. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' (ગુજરાતી અનુવાદ), પર્વ ૧૦મું, પૃ. ૧૪૮-૧૪૯

જોવામાં આવ્યાં. પછી રાત્રે આવી નક્ષત્રોને જેમ જુએ તેમ તે ભૂમિ પર રહી પાકેલાં આમ્રફળો જોવા લાગ્યો. ક્ષણમાત્રમાં તે વિદ્યાસિદ્ધ ચાંડાળે અવનામની વિદ્યાથી આમ્રશાખાને નમાવી અને સ્વેચ્છાથી આમ્રફળો તોડીને ગ્રહણ કર્યાં. પ્રાતઃકાળે રાણી ચેલ્લણાએ તોડેલાં આમ્રફળવાળી તે વાટિકા પ્રકટ ચિત્રો-વાળી ચિત્રશાળાની જેમ સપ્રીતિ આપતી જોઈ. રાણીએ તે વાર્તા રાજાને કહી રાજાએ અભયને બોલાવી આજ્ઞા કરી કે, જેના પગનો સંચાર જોવામાં આવતો નથી એવા આ આમ્રફળના ચોરને શોધી લાવ. હે વત્સ! જે ચોરની આવી અતિશય અમાનુષી શક્તિ છે, તે કોઈ વાર અંતઃપુરમાં પણ પ્રવેશ કરી શકે. અભયકુમાર બોલ્યો, હે દેવ! હું થોડા કાળમાં, જેમ તેને બતાવવાનો જામીન હોઉં તેમ એ ચોરને પકડી લાવી તમને સોંપીશ. આવી પ્રતિજ્ઞા કરીને અભયકુમાર રાત્રિદિવસ ભમવા લાગ્યો.

*   *   *   *

------પછી અભયકુમારે તેને ચોર જાણીને પકડી લીધો અને પૂછ્યું કે તેં આમ્રફળની ચોરી શી રીતે કરી? ચોરે કહ્યું કે, વિદ્યાના બળથી. અભયકુમારે સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યું અને ચોરને લાવીને સોંપ્યો. શ્રેણિકે કહ્યું કે, કોઈ બીજો ચોર હોય તોપણ તેની ઉપેક્ષા થતી નથી તો આ ચોર તો શક્તિમાન છે માટે તેનો તો નિઃસંદેહ નિગ્રહ કરવો. અભયકુમારે નિષ્કપટપણે પ્રાર્થનાપૂર્વક વિજ્ઞપ્તિ કરી કે, હે દેવ! આની પાસેથી વિદ્યા મેળવીને જે યુક્ત હોય તે કરજો. પછી મગધપતિ શ્રેણિક રાજાએ તે માતંગપતિને પોતાની સામે બેસાડી, તેના મુખથી વિદ્યા ભણવી શરૂ કરી. પરંતુ પોતે સિંહાસન પર બેસીને વિદ્યા ભણતા હોવાથી, ગુરુના અબહુમાનને લીધે, ઊંચા સ્થળ પર જળની જેમ રાજાના હૃદયમાં વિદ્યા સ્થિર થઈ શકી નહીં. એટલે રાજગૃહપતિ શ્રેણિકે તે ચોરને તિરસ્કારપૂર્વક કહ્યું કે, તારામાં કાંઈ કુડ છે કે જેથી તારી કહેલી વિદ્યા મારા હૃદયમાં સંક્રમિત થતી નથી. તે સમયે અભયકુમારે કહ્યું કે, હે દેવ! અત્યારે એ તમારો વિદ્યાગુરુ છે અને જેઓ ગુરુનો વિનય કરે તેઓને જ વિદ્યા સ્ફુરે છે, અન્યથા સ્ફુરતી નથી; તેથી આ માતંગપતિને તમારા સિંહાસન પર બેસાડો અને તમે અંજલિ જોડીને

તેની સાથે પૃથ્વી પર બેસો, એટલે વિદ્યા આવડશે. વિદ્યાના અર્થી રાજાએ તે પ્રમાણે કર્યું. કારણ કે, 'નીચાથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી' એ પ્રખ્યાત નીતિ છે. પછી રાજાએ તેના મુખથી ઉન્નામની અને અવનામની બે વિદ્યા સાંભળી એટલે દર્પણમાં પ્રતિબિંબની જેમ તે તરત જ રાજાના હૃદયમાં વસી ગઈ. પછી અંજલિ જોડવાપૂર્વક રાજાને વિનવીને વિદ્યાગુરુપણાને પામેલા તે ચોરને છોડાવી મૂક્યો.

ઉપરની આખ્યાયિકા, દમની જેવી વાંસફોડાની પત્ની પાસેથી, વિક્રમ જેવા મહારાજા વિદ્યા ગ્રહણ કરવા તત્પર થયા તેનું દૃષ્ટાંત પૂરું પાડે છે. 'દુષ્કુલમાંથી પણ સ્ત્રીરત્ન ગ્રહણ કરવું' એ ઉક્તિને સાર્થક કરતી બીજી આખ્યાયિકા આ પ્રમાણે છે:

અન્યદા મનોહર કૌમુદી ઉત્સવ આવ્યો, જે શૃંગારરસના સર્વસ્વ નાટકના મુખ જેવો હતો. તે ઉત્સવ જોવાને માટે યુવાન પુરુષોના લોચનરૂપ મૃગલાને પાશલારૂપ તે યુવતી પોતાની માતાની સાથે આવી. રાજા શ્રેણિક અને અભયકુમાર પણ પરણવા માટે જતા વરની જેમ સર્વ અંગ પર શ્વેત વસ્ત્ર પહેરીને તે ઉત્સવમાં આવ્યા. તે મોટા ઉત્સવના સંમર્દમાં શ્રેણિક રાજાનો હાથ તે આભીર કુમારીની ઊંચા સ્તનવાળી છાતી ઉપર પડી ગયો. તેથી તત્કાળ તેના ઉપર રાગ ઉત્પન્ન થવાથી, રાજાએ તેના વસ્ત્રના છેડા સાથે સંભોગની જામીન જેવી પોતાની મુદ્રિકા બાંધી દીધી. પછી શ્રેણિકે અભયકુમારને કહ્યું કે, મારું ચિત્ત વ્યગ્ર થતાં મારી મુદ્રિકા કોઈએ હરી લીધી છે, માટે તેના ચોરને સત્વર શોધી કાઢ. તે સાંભળી, બુદ્ધિમાન અભયકુમાર બધા રંગદ્વારો બંધ કરાવીને, સોગઠાને દ્યૂતકારની જેમ એક એક માણસને બહાર કાઢવા લાગ્યો. બુદ્ધિના ભંડાર અભયે, સર્વનાં વસ્ત્રો, કેશપાશ અને મુખ શોધવા માંડ્યાં. એમ કરતાં કરતાં, પેલી આભીરકુમારી આવી, એટલે તેનાં વસ્ત્રો વસ્ત્રો શોધતાં, તેને છેડે બાંધેલી રાજાની નામાંકિત મુદ્રિકા જોવામાં આવી. અભયકુમારે તેને પૂછ્યું કે, હે બાલે! આ ઊર્મિકા તેં શા માટે લીધી હતી? તે કાને હાથ મૂકીને બોલી કે, હું કાંઈ પણ જાણતી નથી. તેને અતિ રૂપવતી જોઈ, ધીમાન અભયકુમારે વિચાર્યું કે, જરૂર આ આભીરકુમારી પર પિતા અનુરક્ત થયા હશે અને એને ગ્રહણ કરવા માટે રાગવશ થયેલા રાજાએ એંધાણી તરીકે પોતાની મુદ્રિકા તેના વસ્ત્રના છેડે બાંધી દીધી હશે. આવું

ચિંતવતો અભયકુમાર તેને રાજાની પાસે લઈ ગયો. રાજાએ પૂછ્યું કે, કેમ મુદ્રિકા-નો ચોર મળ્યો? અભય બોલ્યો, દેવ! તે ચોરનારી આ બાળા છે. વળી હે પ્રભુ! તેણે મુદ્રિકા સાથે તમારા ચિત્તને પણ ચોરી લીધું હોય તેમ લાગે છે. રાજા હસીને બોલ્યો, એ કુમારીને હું પરણીશ; શું નથી સાંભળ્યું કે, દુષ્કુળ-માંથી પણ સ્ત્રીરત્ન ગ્રહણ કરવું. પછી રાજા એ નિર્દોષ અંગવાળી આભીર-કન્યાને પરણ્યો અને ઘણા રાગથી તેને પોતાની પટરાણી કરી.

'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર'ની બીજી આખ્યાયિકા આ પ્રમાણે છે:

એક વખત રાજા રાણીઓ સાથે પાસે રમતો હતો, તેમાં એવું પણ કર્યું કે 'જે જીતે તે હારેલાના પૃષ્ઠ ભાગ ઉપર ચડે.' એ પ્રમાણે પણ કરીને બીજી કુલવાન રાણીઓ રાજાને જીતતી ત્યારે તો તે પોતાનો જય જણાવવાને માટે માત્ર રાજાના પૃષ્ઠ ભાગ ઉપર પોતાનું વસ્ત્ર નાખતી હતી; પણ જ્યારે આ વેશ્યાપુત્રીએ રાજાને જીત્યો ત્યારે તો તે કઠિન હૃદયની થઈ નિઃશંક-પણે તેના પૃષ્ઠ ઉપર ચડી ગઈ. રાજાને તે વખત પ્રભુનું વચન સાંભરવાથી અકસ્માત્ હસવું આવ્યું. એટલે તે રાણીએ નીચે ઊતરી આદરથી રાજાને હસવાનું કારણ પૂછ્યું. રાજાએ જે પ્રમાણે પ્રભુએ કહ્યું હતું તે પ્રમાણે, પૂર્વભવથી માંડીને પૃષ્ઠ ઉપર ચડવા સુધીનું બધું વૃત્તાન્ત કહી આપ્યું. તે સાંભળી એ તત્કાલ વૈરાગ્ય પામી. અને આદરથી પતિની આજ્ઞા લઈને તેણે શ્રીવીર પ્રભુની પાસે જઈને દીક્ષા ગ્રહણ કરી.

'પંચદંડછત્ર'ની 'વિક્રમ-દેવદમની'ની વાર્તાની પૂર્વભૂમિકા આપણને ઉપર્યુક્ત બન્ને આખ્યાયિકાઓમાં મળે છે. 'વિક્રમ-દેવદમની'ની વાર્તામાં દમનીના આદેશ પ્રમાણે સારિપાશ દ્યૂત રમવામાં એવી શરત કરેલી છે કે, જો દેવદમની હારે તો રાજાને પરણે, પણ રાજા હારે તો તેનું શું થાય એ વિષે વાર્તામાં કંઈ કહ્યું નથી. 'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર'માંની ઉપર્યુક્ત વાર્તાની આયોજના વધુ પ્રતીતિકર છે.

વિક્રમના બારમા શતકમાં, આચાર્ય મુનિરત્નસૂરિએ રચેલ સંસ્કૃત શ્લોકબદ્ધ 'अम्बडचरित्रम्', 'પંચદંડછત્ર', 'સિંહાસનબત્રીસી', અને 'વેતાલ-પચીસી'ની કેટલીક વાર્તાઓના મૂળ શોધવામાં આપણને મદદરૂપ થાય

છે. એમાં, અંબડ નામનો વિદ્યાધર ધનપ્રાપ્તિ માટે પરાક્રમો કરે છે અને સાથે બત્રીસ રાણીઓને પણ પરણી લાવે છે. એ કૃતિનાં સ્વરૂપ અને આયોજન 'પંચદંડછત્ર' સાથે ઘણી રીતે મળતાં છે. અંબડે ધનગિરિ પર રહેલી ગોરખયોગિની પાસે જઈ ધનપ્રાપ્તિ માટે કોઈ માર્ગદર્શન આપવા વિનંતી કરી, ત્યારે ગોરખયોગિની કે જે દમની ગાઇણી સાથે સામ્ય ધરાવે છે તેણે કહ્યું,

यदाद योगिनी भव्य-शकुनेन समागतः।
एवं भविष्यति लक्ष्मीवान् सप्तादेशान्विधेहि मे॥२५॥

'પંચદંડછત્ર'માં દમની ઇષ્ટ સિદ્ધિ માટે વિક્રમને પાંચ આદેશ પાળવાનું કહે છે, જ્યારે ગોરખયોગિની અંબડને સિદ્ધિ પ્રાપ્ત કરવા સાત આદેશ પાળવાનું જણાવે છે. જેમ દરેક આદેશપાલનના અંતે વિક્રમને કંઈ ને કોઈ સિદ્ધવિદ્યા અને સુંદરી મળે છે તેમ અંબડને પણ દરેક આદેશ પૂર્ણ થયે કોઈ સિદ્ધવિદ્યા અને રાજકુંવરી પ્રાપ્ત થાય છે. આ રીતે જ અંબડ વિદ્યાધરપદ પ્રાપ્ત કરે છે. કથાનાયક વિક્રમ આવા કોઈ વિદ્યાધરનું રૂપાન્તર હોય એમ સ્પષ્ટ જણાય છે.

પહેલા આદેશમાં, ગોરખયોગિની અંબડને પૂર્વ દિશામાં જઈ, ગુણવર્દ્ધન વાટિકામાંથી શતશર્કરા વૃક્ષનું ફળ લાવવા કહે છે. ફળ પ્રાપ્ત કરવા કરવા જતાં અંબડને ચંદ્રાવલી નામની વિદ્યાધરીનો ભેટો થાય છે. ચંદ્રાવલીએ અંબડને ઓળખ્યો; તેને બોલાવી તેણે કહ્યું, "મારી પુત્રી ચન્દ્રાવલી સાથે જો તું સુવર્ણકંદુકથી રમી, તેને રમતમાં જીતીશ તો તું શતશર્કરા વૃક્ષ પરથી ફળ લાવી શકીશ; જો હારે તો જીતનારનો દાસ થઈને રહે." અંબડ જીત્યો અને તેની પાસેથી તે ગામિની, ચિત્રકામિની, આકર્ષણી અને તુર્યા એ ચાર વિદ્યાઓ પામ્યો. સૂર્ય પાસેથી પણ તેને ઇન્દ્રજાલિની અને ગગનગામિની વિદ્યાઓ મળી. સૂર્યના સારથિ નાગડે અંબડને શતશર્કરા વૃક્ષનું ફળ આણી આપ્યું. અંબડ ચંદ્રાવલી સાથે શતશર્કરા વૃક્ષનું ફળ લઈ ગોરખયોગિનીને નમ્યો.

'અમ્બડચરિત્ર'નો પહેલો આદેશ 'પંચદંડછત્ર'ના પહેલા આદેશને,

વસ્તુસંકલના, પાત્રો, પ્રસંગો વર્ણન આદિ વિષે ઘણી રીતે મળતો છે.

'પંચદંડછત્ર' વિષયક સર્વ કૃતિઓની શરૂઆત વિક્રમ, ઉપવનમાંથી સવારી સાથે નગરમાં પ્રવેશ કરતો હોય છે, એ રીતે થાય છે; પણ અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિક્રમાંક ૧૪)ની કૃતિમાં, ઉપર્યુક્ત શરૂઆત પહેલાં અનેક આડકથાઓ આવે છે ત્યાર પછી પંચદંડની વાર્તા શરૂ થાય છે.

તેમાં પહેલી આડકથા 'રાજા ભોજ અને ધૂર્ત'ની છે. રાજા ભોજ શિકાર રમવા ગયો હતો, ત્યાં એક સરોવરના કિનારે તેણે ચાર સ્ત્રીઓને પોતાના વિષે ચર્ચા કરતી સાંભળી. એક સ્ત્રીએ કહ્યું, રાજા ભોજ વિક્રમાદિત્યના જેવો કાયાપ્રવેશમંત્ર શીખે નહિ ત્યાં સુધી રાજા ભોજનો ગુણ વૃથા છે. રાજા ભોજે તે મંત્ર શીખવા પ્રયત્ન કર્યો પણ કંઈ વળ્યું નહિ. એવામાં નગરમાં ત્રાસ ફેલાવનાર એક ચોરને પકડી, રાજાએ તેના નાક કાન કાપી, ગધેડે બેસાડી નગર બહાર કાઢ્યો. વેરાગ્નિથી પ્રજળતો ચોર પરકાયાપ્રવેશમંત્ર શીખી લાવ્યો અને યોગી બની રાજા ભોજ પાસે આવ્યો. રાજા ભોજને તેણે તે મંત્ર શિખવ્યો; અને મંત્ર સિદ્ધ થયો કે નહિ તે અજમાવવા એક સૂડાના મૃતદેહમાં રાજાએ પ્રવેશ કર્યો કે તે જ સમયે ધૂર્ત યોગીએ ખાલી પડેલા રાજાના દેહમાં પ્રવેશ કર્યો. સૂડાના દેહમાં રહેલો રાજા આ ધૂર્તની ચાલ પામી ગયો અને ત્યાંથી દેશાન્તર ઊડી ગયો. રાજા ભોજનો દેહ ધારણ કરનાર ધૂર્ત યોગી રાજા તરીકે રહેવા લાગ્યો, પણ રાણી, પ્રધાન અને પ્રજાજનોને તેના વર્તનથી એક પ્રકારની શંકા થઈ કે, આ રાજા ભોજ નહિ. રાજા ભોજને મારી નાખવાના આશયથી, ધૂર્ત યોગીએ દેશ દેશના જંગલના સૂડા મારી લાવવા શિકારીઓને આજ્ઞા આપી. સૂડાના દેહમાં રહેલો રાજા ભોજ ચંદ્રસેન રાજાના દરબારમાં જતો રહ્યો એટલે બચી ગયો. ચંદ્રસેનના દરબારમાં રહી, સૂડો ચંદ્રસેનને વિક્રમની 'પંચદંડછત્ર'ની વાર્તા કહે છે. એટલે એક રીતે તો 'પંચદંડછત્ર'ની વાર્તા 'રાજા ભોજ અને ધૂર્ત યોગી'ની વાર્તાની ઉપવાર્તા તરીકે આવતી હોય એમ આપણને લાગે છે.

સૂડાએ ચંદ્રસેનને મુગ્ધાવતી સાથે પરણાવ્યો. છેવટે, સૂડો એ રાજા

ભોજ છે એમ જાણતાં ચંદ્રસેને ધારા નગરીમાં આવી, ધૂર્ત યોગીને રાજાના દેહમાંથી નીકળવાની ફરજ પાડી; ધૂર્ત યોગી એક ઘેટાના શરીરમાં પેઠો; રાજા ભોજે પોતાના દેહમાં પ્રવેશ કર્યો.

આ વાર્તા, 'The Life and Stories of the Jaina Savior Pārśvanātha'[131] એ પુસ્તકમાં એમ. બ્લુમફિલ્ડે 'The Story of King Vikrama as a parrot' એ શીર્ષકથી આપી છે. આ વાર્તા વિશે બ્લુમફિલ્ડ કહે છે કે,[132] 'This is perhaps the most interesting and original story of the book----' આ વાર્તાની ભૂમિકા યોજીને તેમ જ સાથે સાથે બીજા સંદર્ભ આપીને, બ્લુમફિલ્ડે, 'On the art of entering another's body: a Hindu fiction motif'[133] નામનો નિબંધ ('પરકાયાપ્રવેશ' એ કથાઘટકની ચર્ચામાં આ નિબંધ મેં ઉપયોગમાં લીધો છે.) લખ્યો છે.

'પંચદંડછત્ર'ની આ આડકથાનાં મૂળ ઘણાં પ્રાચીન માલૂમ પડે છે. 'કથાસરિત્સાગર' (ટૉનીનો અનુવાદ, વૉ. ૧, પૃ. ૩૬-૪૧) માં 'The Supposed Nanda', 'વેતાલપચીસી'માં 'રાજા વિક્રમ સુંદરમતિ', અને 'પ્રબન્ધચિન્તામણિ'માં 'વિદ્યાસિદ્ધિ પ્રબન્ધ'નાં શીર્ષક ધરાવતી વાર્તાઓમાં, પરકાયાપ્રવેશ વિદ્યાની આસપાસ વાર્તાઓની ગૂંથણી કરવામાં આવી છે. આ સર્વમાં, અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (ઇ.સ. ૧૬૮૨ પહેલાં), બ્લુમફિલ્ડની 'The Story of King Vikrama as a parrot'ની વાર્તાનો સારાંશ પોતાની કૃતિમાં સંગ્રહ્યો હોય એમ જણાય છે.

'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત કૃતિઓમાં આ વાર્તાના જે અંશ સચવાયેલા છે તેમનું ગુજરાતી અને રાજસ્થાની રચનાઓમાં રૂપાન્તર થયું છે.

131. M. Bloomfield, 'The Life and Stories of the Jaina Savior Pārśvanātha, pp. 74-83.
132. ઉપર્યુક્ત, પૃ. ૭૪, ફૂટનોટ
133. M. Bloomfield, 'On the Art of entering another's body: a Hindu fiction motif' an essay published on pp. 1-43 of 'Proceedings of the American Philosophical Society', Vol. LVI.

વાર્તા બીજી

'ઊડણદંડ' અને 'વિજયદંડ'

'પંચદંડછત્ર'ની બીજી વાર્તામાં ઊમાદેના ઊડણદંડની અને માનવભક્ષી રાક્ષસના વિજયદંડની, એમ બે વાર્તાઓ આવે છે. વાર્તાનાં મુખ્ય પાત્રો દમની, ઊમાદે, વિક્રમ, સોમશર્મા, કનકમાલિકા અને માનવભક્ષી રાક્ષસ, એ ગણાય છે. વાર્તાનું કાર્યક્ષેત્ર ઉજ્જયિની, સોપારા, કટાહદ્વીપ આદિ સ્થળોએ વિસ્તરેલું છે; જોકે આ વાર્તામાં મળતા બે દંડનાં નામ 'પંચદંડછત્ર'ની જુદી જુદી કૃતિઓમાં જુદાં જુદાં મળે છે, પણ વાર્તાનું વસ્તુ, પ્રસંગો, પાત્રો, સ્વરૂપ, વર્ણન વગેરે સર્વ કૃતિઓમાં લગભગ એકસરખાં છે.

આ વાર્તાના પૂર્વાર્ધમાં દમની ગાહણ વિક્રમને, કોંકણના સોપારા નગરમાં જઈ, ત્યાંના સોમશર્મા બ્રાહ્મણની પત્ની ઊમાદેના ચારિત્ર્યનું નિરીક્ષણ કરવા આદેશ આપે છે. વિક્રમ વેતાલના ખભે બેસી સોપારા જાય છે. સોપારા જતાં, વિક્રમે કોંકણ પ્રદેશની જે વનસ્પતિ અને વનની સમૃદ્ધિ જોઈ તેનું વિગતવાર વર્ણન સર્વ રચનાઓમાં મળે છે. વિક્રમ સોમશર્માને ત્યાં વિદ્યાર્થીનું રૂપ ધારણ કરીને જાય છે. ત્યાં ત્રેસઠ વિદ્યાર્થીઓ ભણતા હતા તેમાં આ ચોસઠમો ઉમેરાયો. વિક્રમ રાત્રિદિવસ ઊમાદેના ચારિત્ર્યનું નિરીક્ષણ કરવા લાગ્યો. એક દિવસ મધ્યરાત્રિએ ઊઠી અને હાથમાં દંડ લઈ ઊમાદે પાસેના એક આમલીના વૃક્ષ પર ચઢી; વિક્રમ આમલીના ઝાડની બખોલમાં ભરાઈ ગયો. ઊમાદેએ દંડ વડે વૃક્ષને ત્રણ ટકોરા માર્યા એટલે વૃક્ષ ઊડી સુવર્ણસંચયા[૩૭] નગરી પાસે ઊતર્યું. ઊમાદે પાસેના સ્મશાનમાં ગઈ; ત્યાં તેણે ચોસઠ યોગિનીઓ પાસે સિદ્ધવિદ્યાની સાધના કરતાં, યોગિનીઓએ તેની પાસે ચોસઠ બત્રીસલક્ષણા પુરુષોનું બલિદાન માગ્યું, અને ઊમાદેએ કાળીચૌદશના દિવસે બલિદાન આપવાનું કબૂલ કર્યું. વિક્રમે આ વાત જાણી અને ગુરુ તેમ જ શિષ્યોને ચેતવ્યા. પોતાને ૬૪ વિદ્યાર્થીઓની વિધિસર પૂજા કરવાની છે એ બહાનું કાઢી ઊમાદેએ

---

૩૭. 'પંચદંડ'ની કેટલીક કૃતિઓમાં આ નગરીને 'રત્નસંચયા' કહી છે. 'કથાસરિત્સાગર'માં (વો. ૨, , પૃ. ૧૭૦-૨૩૫) 'The City of Gold'નો ઉલ્લેખ આવે છે તેની અને આ નગરીની ભૌગોલિક સ્થિતિ વચ્ચે સામ્ય જણાય છે.

વિદ્યાર્થીઓ અને ગુરુની કાળીચૌદશના દિવસે તાન્ત્રિક વિધિથી પૂજા કરી. સર્વની વચ્ચે દંડ મૂકી ઉમાદે ઘરમાં પાણી લેવા ગઈ એટલામાં વિક્રમ દંડ લઈને નાઠો; તેની પાછળ સર્વ વિદ્યાર્થીઓ અને ગુરુ પણ નાઠા. અને સમુદ્રકિનારે આવી વહાણમાં બેઠા; વહાણ દ્વારા તેઓ કટાહદ્વીપ પર ઊતર્યા.

વાર્તાના ઉત્તરાર્ધમાં, કટાહદ્વીપ પર ઊતરેલો વિક્રમ, પોતાને માટે તેમ જ પોતાના સાથીઓ માટે ખોરાકની શોધ અર્થે એક નગરમાં ગયો. આ નગર નિર્જન હતું. ફરતાં ફરતાં વિક્રમે એક મોટા મહેલમાં બિલાડી બેઠેલી જોઈ. બિલાડીની આંખમાં સફેદ અંજન આંજેલું હતું; બિલાડીએ ઈશારાથી કૃષ્ણાંજન બતાવ્યું અને પોતાને આંજવા રાજાને કહ્યું. કૃષ્ણાંજન આંજતાં તે સુંદર સ્ત્રી થઈ. તેણે રાજાને કહ્યું, "આ કનકનગરનો રાજા કનકસેન, રાણી કનકાવતી અને સર્વ પ્રજા એક નરભક્ષી રાક્ષસના ત્રાસથી નગર છોડી જતાં રહ્યાં છે; મને રાક્ષસે સક્ષ રાખી છે. તે બહાર જાય છે ત્યારે શ્વેતાંજન આંજી મને બિલાડી બનાવે છે, અને પાછો આવે છે ત્યારે કૃષ્ણાંજન આંજી મને સ્ત્રી બનાવે છે. તેની પાસે એક દંડ છે, તે તેના માથા પર મારવામાં આવે તો જ તે મરણ પામે; પૂજા કરતી વખતે જ તે દંડ નીચે મૂકે છે, તે વખતે દંડ પડાવી શકાય." રાક્ષસ ઘેર આવ્યો અને દંડની પૂજા કરવા બેઠો તે વખતે સંતાયેલા વિક્રમે કૂદકો મારી દંડ લઈ રાક્ષસના માથા પર મારવા ગયો, પણ રાક્ષસ ઘણો ઊંચો થયો. વિક્રમે વેતાલના ખભા પર બેસી રાક્ષસના માથા પર પ્રહાર કર્યો; રાક્ષસ મરણ પામ્યો. નગરનો રાજા કનકસેન, તેની રાણી અને પ્રજાજન નગરમાં પાછાં આવ્યાં. રાજાએ પોતાની પુત્રી કનકમાલિકાને વિક્રમ સાથે પરણાવી. વિક્રમ ગુરુ સોમશર્મા અને શિષ્યો સાથે સોપારા પાછો આવ્યો. ત્યાં સોપારાના રાજાએ પોતાની રાજકુંવરી વિક્રમને પરણાવી.

આમ, બે દંડ — ઉમાદેનો ઉડણદંડ અને રાક્ષસનો વિજયદંડ — અને બે રાજકુંવરી પરણી વિક્રમ ઉજ્જયિની આવ્યો.

ગુણાઢ્ય-વિરચિત 'બૃહત્કથા'ના કાશ્મીરી રૂપાન્તર, 'કથાસરિત્-સાગર'માં આ વાર્તાની આછી રૂપરેખા મળે છે, અને તે રીતે આ વાર્તા ઈસવી સનના પહેલા સૈકા જેટલી પ્રાચીન ગણી શકાય. નીચે દર્શાવેલી વાર્તા, ઉમાદેની વાર્તાના ઉત્તરાર્ધ સાથે સામ્ય દર્શાવે છે:[૩૪]

૩૪. Tawney and Penzer, Op. cit., Vol. I, pp. 124-128, 'The Story of King Chandamahāsena'.

ઉજ્જયિનીમાં મહેન્દ્રવર્મા રાજાના પુત્ર જયસેનનો પુત્ર મહાસેન રાજ્ય કરતો હતો. સુંદર સ્ત્રી અને ઉત્તમ તલવાર પ્રાપ્ત કરવા તેણે દુર્ગાદેવીને રિઝવવા આકરું તપ કરતાં, દેવીએ તેને વરદાન આપ્યું કે, થોડા સમયમાં અંગારક રાક્ષસની સુંદર પુત્રી અંગારવતી તેની પત્ની થશે; દેવીએ તેને એક તલવાર પણ આપી. ત્યારે તપ કરવાના કારણે આ મહાસેન 'ચંડમહાસેન'ના નામથી ઓળખાવા લાગ્યો. એક દિવસ, ચંડમહાસેન જંગલમાં શિકાર કરવા ગયો; ત્યાં એક રીંછને ઘણાં બાણ માર્યાં છતાં તેને વાગ્યાં નહિ, પણ રાજાનો રથ ભાંગી નાખી તે એક ગુફામાં પેસી ગયું. રાજા તેની પાછળ પાછળ ગયો. ગુફામાં ઘણે દૂર જતાં એક નગર આવ્યું. ત્યાં એક સરોવરના કિનારે રાજા બેઠો; તેવામાં ઘણી પરિચારિકાઓથી વિંટળાયેલી એક સુંદર રાજકુમારી ત્યાં આવી અને રડવા લાગી. રાજાએ તેના રુદનનું કારણ પૂછતાં, રાજકુંવરીએ કહ્યું કે, આ રીંછ તો અંગારક નામનો રાક્ષસ છે; હું તેની પુત્રી અંગારવતી છું. અંગારકે આ ત્રણસો રાજકન્યાઓ જીતી આણી મારી સેવામાં રાખી છે. આ રાક્ષસ અજિત છે. અંગારવતીને ચંડમહાસેન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો. આથી તેને બચાવવા અંગારવતી તેના પિતા પાસેથી, તેનું (તેના પિતાનું) મૃત્યુ કેવી રીતે થાય તે જાણી લાવી રાજાને કહ્યું કે, અંગારકના ડાબા હાથમાં બાણ મારવાથી તેનું મૃત્યુ થશે. અંગારવતીએ રાજાને સંતાડી રાખ્યો અને જ્યારે નાહીધોઈ રાક્ષસ શિવની પૂજા માટે જવા લાગ્યો ત્યારે એકદમ ધનુષ્ય-બાણ સાથે રાજા તેની સામે આવ્યો અને યુદ્ધ માટે પડકાર કર્યો; રાક્ષસે બોલ્યા વિના ડાબો હાથ ઊંચો કરી, ઈશારાથી થોડો વખત થોભવા કહ્યું, પણ રાજાએ તેના ઊંચા કરેલા ડાબા હાથમાં બાણ મારતાં રાક્ષસ મરણ પામ્યો. ચંડમહાસેન અંગારવતીને પરણ્યો અને કેદ કરેલી ત્રણસો રાજકુંવરીઓને તેણે મુક્ત કરી.

આ જ વાર્તાના પશ્ચિમ અને પૂર્વના દેશોમાં પ્રચલિત એક રૂપાન્તરની નોંધ પ્રો. સ્ટીથ ટોમસને કરી છે.[૩૫] જે રૂપાન્તરનું શીર્ષક 'John the Bear' or 'The Bear's Son', or 'The Watch

૩૫. Thompson, Stith, 'The Folktale', p-33 (tale-type No 301)

No. 302 'The Devastating Monster' એ પ્રમાણે છે. આ વાર્તા નજીક પૂર્વના દેશો, ઉત્તર આફ્રિકા, સ્પેન, ફ્રાન્સ, ભારત અમેરિકા કેનેડા આદિ દેશોમાં સારી પેઠે જાણીતી છે.

'પંચદંડ'માંની વિજયદંડની વાર્તા અને 'કથાસરિત્સાગર'માંની ઉપયુક્ત ચંડમહાસેનની વાર્તા એ બે વચ્ચે ઠીક ઠીક સામ્ય જણાય છે: 'પંચદંડ'માં રાક્ષસ કનકસેનની પુત્રી કનકમાલિકાને મહેલમાં પૂરી રાખે છે અને પોતે તેમજ કુટુંબ સિદ્ધાંજનથી કુંવરીનું, સ્ત્રીમાંથી બિલાડી અને બિલાડીમાંથી સ્ત્રીસ્વરૂપમાં પરિવર્તન કરે છે. આ રાક્ષસને માથા પર પ્રહાર કરવામાં આવે તો જ તે મરે એવું વરદાન હતું. 'કથાસરિત્સાગર'માં રાક્ષસ અંગારક પોતાની પુત્રી અંગારવતીને ગુફામાં પૂરી રાખે છે. રાક્ષસ પોતે રાક્ષસમાંથી રીંછ અને રીંછમાંથી રાક્ષસના સ્વરૂપાંતરની કળા જાણે છે. રાક્ષસને વરદાન છે કે તેના ડાબા હાથમાં પ્રહાર ન થાય ત્યાં સુધી તે મરે નહિ. રાક્ષસને મારનાર ચંડમહાસેન અંગારવતીને પરણે છે, જ્યારે 'પંચદંડ'ના રાક્ષસને મારી વિક્રમ કટાહદ્વીપની રાજકુંવરી કનકમાલિકાને પરણે છે.

આ વાર્તાનાં બીજાં બે રૂપાંતર 'કથાસરિત્સાગર'માં મળે છે. તેમાંનો એક 'સોમપ્રભાની વાર્તા' નીચે પ્રમાણે છે:[33]

પાટલિપુત્રમાં ધર્મગુપ્ત નામે વેપારીની ચંદ્રપ્રભા નામે તેજસ્વી પુત્રી હતી. જન્મતાં વેંત તે બોલવા લાગી અને ઊઠવા-બેસવા લાગી; તેના તેજથી પ્રસૂતિગૃહનો ઓરડો ભરાઈ ગયો. આવી વિલક્ષણ પુત્રીને જોતાં તેનો પિતા ભય પામ્યો. પણ સોમપ્રભાએ કહ્યું કે, "મને કોઈ સાથે પરણાવશો નહિ. જ્યાં સુધી હું તમારે ત્યાં રહીશ ત્યાં સુધી તમને આશીર્વાદરૂપ થઈશ. વધુ પૂછપરછ કરશો નહિ." તે દિવસથી ધર્મગુપ્તે તેને ઘરમાં ગુપ્ત રાખી. એક દિવસ ગુહસેન નામના વેપારીના પુત્ર ગુહચંદ્રે તેને જોઈ, અને તેને પરણવાની ઇચ્છા કરી. ધર્મગુપ્તે ના પાડી છતાં રાજના દબાણથી ધર્મગુપ્તે પોતાની પુત્રીને ગુહચન્દ્ર સાથે એક શરતે પરણાવી કે, ગુહચન્દ્રે ચન્દ્રપ્રભાનો પત્ની તરીકે ઉપયોગ કરવો નહિ. આવી શરત કરી હતી.

33. Tawney and Penzer, Op. cit., Vol. II, pp. 39-44

ગૂહસેને પુત્રને તેની સાથે ઉપભોગ કરવા કહ્યું. આથી સોમપ્રભાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી, સસરાને ધમકી આપતાં, સસરો મરણ પામ્યો. ગૂહચન્દ્ર સોમ-પ્રભાને પામી ગયો અને તેને પત્ની તરીકે માનવાની વૃત્તિનો ત્યાગ કર્યો. જીવનના સર્વ ઉલ્લાસો છોડી, ગૂહચન્દ્ર સાધુજીવન ગાળવા લાગ્યો, અને દરરોજ બ્રાહ્મણો જમાડવા લાગ્યો; જમવા આવેલા બ્રાહ્મણોને સોમપ્રભા દક્ષિણા આપતી. એક દિવસ, જમવા આવેલા બ્રાહ્મણો પૈકી એક વૃદ્ધ બ્રાહ્મણે સોમપ્રભા-ને જોઈ અને ગૂહચન્દ્રને તેના વિષે સર્વ હકીકત પૂછી. તે રાત્રે, વૃદ્ધ બ્રાહ્મણ ગૂહચન્દ્ર સાથે સૂઈ ગયો. અર્ધી રાત્રે, સોમપ્રભા ઘરની બહાર નીકળી. તે વખતે બ્રાહ્મણે ગૂહચન્દ્રને જગાડ્યો અને બન્ને માખીનું સ્વરૂપ ધારણ કરી સોમપ્રભાની પાછળ પાછળ ગયા. સોમપ્રભા શહેરથી ઘણે દૂર ગઈ અને જ્યાં ગાયનવાદન ચાલતું હતું ત્યાં એક ન્યગ્રોધના વૃક્ષના થડ પાસે એક દિવ્ય સુંદરીની સાથે ગાદી પર બેઠી. વૃદ્ધ બ્રાહ્મણે ગૂહચન્દ્રને કહ્યું કે, "તારી સ્ત્રી મનુષ્ય નથી, પણ કોઈ સ્વર્ગની દેવી છે." રાત્રે સોમપ્રભા પાછી ઘેર ફરી તે પહેલાં બન્ને મિત્રોએ ઘેર આવી ઊંઘી જવાનો ડોળ કર્યો. વૃદ્ધ બ્રાહ્મણે સોમપ્રભાના ઓરડાના બારણા પર લખવાનો વશીકરણ મંત્ર ગૂહચન્દ્રને આપ્યો અને વશીકરણ અંગેની તાંત્રિક વિધિ પણ તેને શિખવી. ગૂહચન્દ્રે વશીકરણ મંત્ર સોમપ્રભાના ઓરડાના બારણા પર લખ્યો અને તાંત્રિક વિધિ પણ કરવા લાગ્યો. મંત્રની જાદુઈ શક્તિથી સોમપ્રભા ગૂહચન્દ્રને હૃદયથી ચાહવા લાગી.

ઉપર્યુક્ત વાર્તા ઊમાદેના ઊડણદડની વાર્તા સાથે કેટલેક અંશે સામ્ય ધરાવે છે. ઊમાદે અને સોમપ્રભા સિદ્ધવિદ્યાનાં જાણકાર છે; બન્ને પોતાના પતિને પોતાના પ્રભાવથી અને જાદુઈ શક્તિથી કાબૂમાં રાખે છે; બન્ને મધ્યરાત્રિએ નગર બહાર જાય છે. ઊમાદેની દિનચર્યાનું નિરીક્ષણ કરી વિક્રમે તેને મહાત કરી સોમશર્માને બચાવ્યો, જ્યારે સોમપ્રભાના વર્તનનું નિરીક્ષણ કરી, વૃદ્ધ બ્રાહ્મણે સોમપ્રભાને હરાવી ગૂહચન્દ્રને સુખી કર્યો.

આ વાર્તાને મળતી 'કાલરાત્રિ ડાકણ'ની વાર્તા નીચે પ્રમાણે છે:[39]

39. Tawney and Penzer, Op. cit., pp. 103-111

પદ્મપુરમાં કાલરાત્રિ નામની મંત્રજંત્રની જાણકાર ડાકણ રહેતી હતી. તેનો પતિ વિષ્ણુસ્વામી વેદવેદાંગના અધ્યયન-અધ્યાપનમાં નિપુણ હતો અને તેની પાસે અનેક દેશમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા, તેમાં એક સુન્દરક નામનો સુંદર યુવાન શિષ્ય હતો. કાલરાત્રિ સુન્દરક પર મોહ પામી, પણ સુન્દરકે તેના પ્રેમનો સ્વીકાર કર્યો નહિ. આથી ગુસ્સે થયેલી કાલરાત્રિએ પોતાના દેહ પર નખ આદિના ઉઝરડા કરી, વિખરાયેલા વાળ અને વસ્ત્રો સાથે પતિને ફરિયાદ કરી કે, સુન્દરકે મારા પર બળાત્કાર કર્યો છે. આવું સાંભળી, સુન્દરકે ગુરુએ સુન્દરકને બેભાન થાય ત્યાં સુધી માર્યો અને રાત્રે રસ્તા પર ફેંકી દીધો. ભાન આવતાં સુન્દરક બીકનો માર્યો એક ગાયની કહોડમાં ભરાઈ ગયો. થોડી જ વારમાં, હાથમાં ઉઘાડી તલવાર લઈ, વિકરાળ સ્વરૂપ ધારણ કરી, ડાકણોના ટોળા સાથે ત્યાં આવી પહોંચી. તેના મુખમાંથી જ્વાળાઓ નીકળતી હતી. સુન્દરક આ દૃશ્ય જોઈ ગભરાઈ ગયો અને શીખેલા મંત્રોનો જાપ જપવાથી ડાકણો તેને જોઈ શકી નહિ. કાલરાત્રિ અને અન્ય ડાકણોએ આકાશમાં ઊડવા માટે મંત્રોચ્ચાર કર્યો અને મન્ત્રના પ્રભાવથી કાલરાત્રિ, અન્ય ડાકણો, ગાયની આખી કહોડ સાથે આકાશમાં ઊડવા લાગ્યાં; સાથે સુન્દરક તો હતો જ. સુન્દરકે આકાશમાં ઊડવા માટેનો મંત્ર સાંભળ્યો અને યાદ રાખ્યો. કાલરાત્રિએ ગાયની કહોડ સાથે અવંતિ ઉજ્જયિનીના એક બાગમાં ઉતાર્યાં. કાલરાત્રિ, ડાકણો સાથે પાસેના સ્મશાનમાં રમવા ગઈ. ત્યાં સુધીમાં ક્ષુધાતુર સુન્દરકે બાગમાંના છોડવાનો કન્દમૂળ વડે તૃપ્ત થયો. મધ્યરાત્રિએ કાલરાત્રિ, તેની ડાકણ સખીઓ સાથે પાછી આવી; ગાયની કહોડમાં સર્વ પેઠાં (સુન્દરક એક ખૂણામાં ભરાઈ ગયો હતો) અને જાદુઈ શક્તિથી રાત્રે ઘેર પાછાં આવ્યાં. કાલરાત્રિએ ગાયની કહોડ તેના મૂળ ઠેકાણે ગોઠવી દીધી, અન્ય ડાકણોને વિખરાઈ જવા રજા આપી અને પોતે ઘેર આવી સૂઈ ગઈ. સુન્દરક ગાયની કહોડમાંથી નીકળી સવારે મિત્રોને મળ્યો અને આપવીતી કહી. તે મિત્રો સાથે રહેવા લાગ્યો અને બ્રાહ્મણો માટેની ધર્માદા વીશીમાં જમવા લાગ્યો.

એક દિવસ બજારમાં ખરીદી માટે નીકળેલી કાલરાત્રિએ સુન્દરકને જોયો અને ફરીથી તેને પોતાના પ્રેમનો સ્વીકાર કરવા આજીજી કરી અને ફરીથી

સુન્દરકે તેને તરછોડી. કાલરાત્રિએ સુન્દરકે તેની છેડતી કર્યાની ખોટી ફરિયાદ તેના પતિને કરી અને તેના પતિ વિષ્ણુસ્વામીએ ધર્માદા પાકશામાંથી સુન્દરકને મળતી જમવાની વ્યવસ્થા બંધ કરાવી. સુન્દરકે તે પ્રદેશ છોડી જવાની ઇચ્છાથી, આકાશમાં ઊડવાનો મંત્ર શીખવા ફરીથી રાત્રે તે ગાયની કહોડમાં ગયો અને કાલરાત્રિ રાત્રે ત્યાં આવી, આકાશમાં ઊડવા માટે મંત્રોચ્ચાર કરવા લાગી; ગાયની કહોડ, સુન્દરક અને કાલરાત્રિ ઊડ્યાં અને ઉજ્જયિનીના એક બાગમાં ઊતર્યાં. સુન્દરક ઊંચે ઊડવાનો મંત્ર શીખી શક્યો, પણ નીચે ઊતરવાનો મંત્ર શીખી શક્યો નહિ. કાલરાત્રિ સ્મશાનમાં રમી, પાછી આવી અને ગાયની કહોડમાં બેસી, આકાશમાં ઊડી ઘેર પાછી આવી; સાથે સુન્દરક પણ ઘણાં કંદમૂળ સાથે પાછો આવ્યો.

માળવામાંથી આણેલાં કંદમૂળ બજારમાં વેચતા સુન્દરકને રાજાના સેવકો રાજા પાસે લઈ ગયા, અને માળવામાંથી તે કંદમૂળ કેવી રીતે લાવ્યો તેનો ભેદ પૂછ્યો. સુન્દરકે કહ્યું કે, તેના મિત્રો સાથે તેને રાજમહેલ પર બેસાડવામાં આવે તો તે ભેદ કહેશે. રાજાએ તેને મિત્રો સાથે મહેલ પર બેસાડ્યો. સુન્દરક મન્ત્રોચ્ચાર કરી મહેલ સાથે ઊડ્યો; તે ઊડ્યો પણ નીચે ઊતરી શક્યો નહિ. આથી કંટાળી, મહેલ થંભાવી, ગંગા નદીમાં પડતું મૂકતાં, તે, નદીમાં નહાતા પ્રયાગના રાજા પાસે પડ્યો. પ્રયાગના રાજાએ, તેની અદ્ભુત શક્તિથી ખુશ થઈ ધન, ધાન્ય, રત્ન, સુંદરીઓ આદિથી સમૃદ્ધ એક નગર તેને ભેટ આપ્યું. સુન્દરક તેના સાથીદારો સાથે ફરીથી આકાશમાં ઊડ્યો. આકાશમાં તે ઇન્દ્રના જેવું સુખ ભોગવવા લાગ્યો. એક સિદ્ધ યોગીએ તેને આકાશમાંથી નીચે ઊતરવાનો મંત્ર શિખવ્યો. સુન્દરક તે મંત્રની શક્તિથી પોતાના જ નગર કન્યાકુબ્જમાં ઊતર્યો. કન્યાકુબ્જના રાજાએ સુંદરકનું સન્માન કર્યું અને આકાશમાં ઊડવાની તેમ જ આકાશમાંથી નીચે ઊતરવાની વિદ્યા તે કેવી રીતે શીખ્યો તેના વિશે પૂછ્યું. સુન્દરકે કાલરાત્રિનાં કાળાં

કૃત્યની કથા કહી. રાજાએ તેને પકડી મંગાવી, તેનાં નાકકાન કાપવા હુકમ કર્યો; આ સાંભળતાં જ પકડાયેલી કાલરાત્રિ અદૃશ્ય થઈ ગઈ. રાજાએ તેને પોતાના રાજ્યની હદ છોડી જવા હુકમ કર્યો. અપમાન પામેલો સુન્દરક ફરીથી આકાશમાં ઊડી ગયો.

'કથાસરિત્સાગર' (ટૉનીનો અંગ્રેજી અનુવાદ, ગ્રં. ૨) ની બે વાર્તાઓ— 'કુવલયાવલી અને કાલરાત્રિ ડાકણ' અને 'સુન્દરક અને ડાકણો'—માં 'પંચદંડ'ની ઊમાદેના ઉડણદંડની વાર્તાનાં મૂળ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. કાલરાત્રિની કથા કહેનાર કુવલયાવલી પણ કાલરાત્રિ જેવું જ પાત્ર છે. 'પંચદંડ'ની ઊમાદે, તેનો પતિ સોમશર્મા, ઊમાદેનો ઉડણદંડ, સોમશર્માનું વિદ્યાદાન અને અધ્યાપનનું કાર્ય, ઘોર વિદ્યાશક્તિઓ ભણાવવા, આમલીના વૃક્ષ પર બેસી ઉડણદંડના પ્રભાવથી વૃક્ષ સાથે ઊમાદેનું ઊડવું અને સાથે વૃક્ષની બખોલમાં ભરાઈ ગયેલા વિક્રમનું ઊડ્ડયન, ઊમાદેનું સ્મશાનમાં યોગિનીઓ સાથે રમવું એ સર્વ વિગતો કાલરાત્રિની વાર્તા સાથે મળતી આવે છે. કાલરાત્રિનો પતિ વિષ્ણુસ્વામી, સોમશર્માની માફક, વેદના અધ્યયન-અધ્યાપનમાં કુશળ છે; ઘોર વિદ્યાશક્તિઓ ભણાવે છે. કાલરાત્રિ ગાયની કહોડ સાથે આકાશમાં ઊડી શકે છે, આકાશમાંથી નીચે ઊતરે છે. તેના હાથમાંની તલવાર ઊમાદેના દંડની યાદ આપે છે. ઊમાદે જેમ સ્મશાનમાં યોગિનીઓ સાથે રમે છે તેમ કાલરાત્રિ ઉજ્જયિનીના સ્મશાનમાં ડાકણો સાથે રમે છે. ઉડણદંડની વાર્તાનો વિક્રમ કાલરાત્રિની વાર્તાના સુન્દરક સાથે સામ્ય દર્શાવે છે. વિક્રમ જેમ આમલીના વૃક્ષની બખોલમાં છાનોમાનો ભરાઈને ઊમાદે સાથે ઊડે છે તેમ સુન્દરક ગાયની કહોડમાં સંતાઈ રહી, કાલરાત્રિ સાથે ઊડે છે.

આશરે વિક્રમના પાંચમા સૈકામાં રચાયેલ, ભારતીય કથાસાહિત્યના ભંડારરૂપ, શ્રીસંઘદાસગણિવાચક-વિરચિત 'વસુદેવ-હિંડી'માં આ વાર્તાનું રૂપાંતર (વિજયદંડની વાર્તાની રૂપરેખા) નીચે પ્રમાણે મળે છે:[૧૩૯]

---

૧૩૯. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ. (ગુજરાતીમાં અનુવાદક) 'વસુદેવ-હિંડી', પૃ. ૨૫૩-૨૫૮

વસુદેવ પોતાનાં પરાક્રમોનું વર્ણન કરતાં કહેવા લાગ્યા કે, તેમણે એક માનવભક્ષી રાક્ષસનો નાશ કર્યો. આ રાક્ષસ કાંચનપુરના રાજાનો સોદાસ નામે એક માંસલુબ્ધ પુત્ર હતો. બાળપણમાં તેને મોરનું માંસ ખાવાની ટેવ હતી. એક દિવસ કાપેલો મોર એક બિલાડો લઈ ગયો. હવે મોરનું માંસ ક્યાંથી લાવવું એ વિચારથી ગભરાયેલા રસોઈયાએ એક મૃત બાળકનું માંસ રાંધી તેને ખવડાવ્યું; સોદાસને એ સ્વાદિષ્ટ લાગતાં રસોઈયાઓને આવું બાળકનું માંસ લાવવા કહ્યું. પછી તો સ્વયંમૃત બાળકો ન મળે તો સોદાસના સેવકો જીવતા બાળકોને મારી લાવતા. રાજાએ આ હકીકત જાણતાં સોદાસને દેશપાર કર્યો. સોદાસ રાક્ષસથી અધિષ્ઠિત થયો અને ભમતો ભમતો તિલવસ્તુક પ્રદેશ પાસે આવી પહોંચ્યો. અહીં જે કોઈ માણસ મળે તેને દંડાના પ્રહારથી મારી નાખતો અને ખાઈ જતો. વસુદેવે આ માનવભક્ષી રાક્ષસ સાથે દ્વંદ્વ યુદ્ધ કરી તેને મારી નાખ્યો.

ઊમાદેની વાર્તાના ઉત્તરાર્ધમાં વિજયદંડનો સ્વામી જે માનવભક્ષી રાક્ષસ છે તે જ રાક્ષસના પાત્રનું મૂળ સ્વરૂપ આપણને 'વસુદેવ-હિંડી'ની ઉપર્યુક્ત કથામાં જોવા મળે છે. રામચંદ્રસૂરિ અને માલદેવ પોતાની 'વિજયદંડ' વિષયક કૃતિઓમાં આ રાક્ષસને પવનવેગ નામના વિદ્યાધર રાજા અને શ્રીમતી રાણીના પુત્ર તરીકે વર્ણવ્યો છે. પવનવેગના બે પુત્રઃ મેઘરથ અને પદ્મરથ. તેમાંથી મેઘરથે જૈનધર્મ સ્વીકાર્યો અને પદ્મરથે શૈવ ધર્મ સ્વીકાર્યો આથી મેઘરથે પદ્મરથને દેશપાર કર્યો. પદ્મરથે શિવની આરાધના કરી વિજયદંડ મેળવ્યો. વિજયદંડથી મદમત્ત થયેલો પદ્મરથ માનવભક્ષી થઈ ગયો.

વિક્રમના બારમા શતકમાં થઈ ગયેલા મુનિરત્નસૂરિની સંસ્કૃત ગદ્યપદ્ય-કૃતિ 'अम्बडचरित्र'[૧૪૦]ના બીજા આદેશમાં, ઊમાદેની વાર્તાનું એક પ્રતિરૂપ મળે છે તે આ પ્રમાણે છેઃ

ગોરખયોગિનીએ અંબડને આદેશ આપ્યો કે, તેણે દક્ષિણ સમુદ્રમાં આવેલા હરિબન્ધ દ્વીપમાં જઈ, કમલકાન્ચન યોગી પાસેથી અન્ધારિકા લઈ આવ. અંબડ યોગી પાસે ગયો એટલે અન્ધારિકા રડવા લાગી, પણ

૧૪૦. મુનિ માનવિજય (સંપાદિત), 'अम्बडचरित्र', બીજો આદેશ, પૃ. ૬-૧૧

યોગીએ તેને આશ્વાસન આપ્યું. યોગી અને અન્ધારિકાએ ચતુરાઈથી ભોજન જમાડી આભડને કૂકડો બનાવી દીધો અને દાણો નિખાવી પછી દૂર જંગલમાં છોડી મૂક્યો; ત્યાં એક વાવમાં પાણી પીતાંની સાથે તે મૂળ સ્વરૂપ પામ્યો. ત્યાં તેણે એક સ્ત્રીને રુદન કરતી જોઈ તેના રુદનનું કારણ પૂછ્યું. સ્ત્રીએ કહ્યું કે, હું રોલંગપુર નગરના રાજા હંસ અને તેની શ્રીમતી નામની રાણીની રાજહંસી નામની પુત્રી છું. મારા લગ્ન સમયે મેં સૂર્યે આપેલી કંચુકી ધારણ કરી; અને કંચુકી ચોરી જવાના ઇરાદાથી કોઈ ખેચર મને ઉપાડી આકાશમાં ઊડવા લાગ્યો; મેં કંચુકી છોડી નહિ એટલે ખેચરે મને પૃથ્વી પર નાખી દીધી. આભડે રાજહંસી પાસેથી, સૂર્યે આપેલી કંચુકી વિષે વધુ જાણવા જિજ્ઞાસા દર્શાવી.

રાજહંસીએ કહ્યું કે, બાળપણમાં હું અને બીજી સાત વણિક કન્યાઓ એક સરસ્વતી નામની પંડિતાને ત્યાં ભણવા જતાં હતાં. આ પંડિતા સિદ્ધવિદ્યાની સાધક હતી, અને એક દિવસ મધ્યરાત્રિએ ચોસઠ યોગિનીઓને આહ્વાન કરી તે કહેવા લાગી કે, હું તમને આઠ સુલક્ષણા કુમારિકાઓનો ભોગ આપીશ; તમે મને સિદ્ધવિદ્યાની વધુ શક્તિ આપો. યોગિનીઓએ બલિદાનના સ્વીકાર માટે કાળી-ચૌદશ અને રવિવારનો દિવસ નક્કી કર્યો. રાજહંસીએ તેના પિતાને આ વાત કહી. રાજા હંસે સરસ્વતી પંડિતાનો નાશ કરવા સૈન્ય મોકલવા હુકમ કર્યો પણ રાજહંસીએ કહ્યું કે, એ તો સ્વયં શક્તિસ્વરૂપ છે; સૈન્યથી વશ નહિ થાય. આથી રાજાએ સૂર્યની આરાધના કરી, સૂર્ય પાસેથી રાજકુમારી માટે કંચુકી, અને અન્ય સાત કુમારિકાઓ માટે સિદ્ધગુટિકાઓ મેળવી. જ્યારે ચોસઠ યોગિનીઓ કાળીચૌદશના દિવસે બલિદાન લેવા આવી ત્યારે કંચુકી અને ગુટિકાના પ્રભાવથી, યોગિનીઓ આઠ કુમારિકાઓનું કંઈ કરી શકી નહિ, પણ પંડિતાને જ તેઓ ખાઈ ગઈ.

રાજા હંસે પોતાની પુત્રી રાજહંસી આભડને પરણાવી; રાજહંસીની સાત સખીઓ પણ તેને પરણી. રાજા હંસ પાસેથી લશ્કર લઈ, આકાશ-માર્ગે આભડ હરિબન્ધદ્વીપમાં ગયો અને સિદ્ધવિદ્યા વડે, છલકપટથી યોગી કમલકાંચન અને તેની પુત્રવધૂઓનું ગધેડાના રૂપમાં પરિવર્તન કર્યું, અને યોગીની અન્ધારિકા પ્રાપ્ત કરી. અન્તમાં, યોગી અને પુત્રવધૂઓને વાવનું પાણી પાતાં, તેઓ મનુષ્યસ્વરૂપ પામ્યા. આભડ નવ સુંદરીઓ પરણી લાવ્યો અને ગોરખયોગિનીએ આપેલો આદેશ પૂર્ણ કર્યો.

ઉપર્યુક્ત વાર્તામાં, ગોરખ યોગિની દમની સાથે, અંબડ વિક્રમ સાથે અને સારસ્વતી પંડિતા ઉમાદે સાથે સામ્ય દર્શાવે છે. પાત્રો જ નહિ, પણ આઠ કુમારિકાઓનું ૬૪ યોગિનીઓને આપવાનું બલિદાન, સરસ્વતી પંડિતાની વધુ સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઝંખના, સૂર્યે આપેલી કંચુકી અને સાત સિદ્ધ-ગુટિકાઓ આદિ પ્રસંગોની ગૂંથણી ઉમાદેના ઉડણદંડની વાર્તા સાથે મળતી આવે છે. વાર્તાનો અંત પણ બન્ને રૂપાન્તરમાં સરખો છે. અહીં એક મુદ્દો નોંધપાત્ર છે કે, ઉમાદેની વાર્તાનું કેન્દ્ર સોપારા છે; તો ભારતના ઈશાન ખૂણાની સિદ્ધવિદ્યાની પરંપરા સોપારામાં ક્યાંથી આવી? માત્ર એક સૂચન કરી શકાય કે, પ્રાચીન સમયમાં કોંકણમાં આવી વસેલા સારસ્વત બ્રાહ્મણો આ સિદ્ધવિદ્યાની પરંપરા પોતાની સાથે સોપારામાં લઈ આવ્યા હોય.

'પંચદંડ'ની સંસ્કૃત, જૂની ગુજરાતી અને રાજસ્થાની સૌ મળી ઓગણીસ કૃતિઓમાં આ વાર્તાની રૂપરેખા લગભગ એકસરખી છે; પણ પ્રત્યેક કૃતિમાં કોઈ વિગતો થોડે ઘણે અંશે જુદી પડે છે. સર્વ કૃતિઓમાંની આ વાર્તાની તુલનાત્મક સમીક્ષા નીચે પ્રમાણે છે:

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારકૃત 'विक्रमादित्यस्य पञ्चदण्डछत्रप्रबन्धः'(કૃતિ ક્રમાંક ૧)માં સોમશર્મા અને ઉમાદે સોપારાનાં નહિ પણ ઉજ્જયિનીનાં છે એમ દર્શાવ્યું છે. ઉમાદે આમલીના વૃક્ષ પર બેસી, આકાશમાર્ગે ઉડતી જે સ્થળ પર ઊતરે છે તે સ્થળનું નામ આ પ્રબન્ધમાં 'પરદ્વીપ' આપેલું છે. ઉમાદેનો દંડ લઈ નાઠેલા શિષ્યો, ગુરુ અને વિક્રમ વહાણ દ્વારા પરદ્વીપના શૂન્યપુર નગરમાં ઊતરે છે, જ્યારે અન્ય સર્વ કૃતિઓમાં આ સ્થળનું નામ કટાહદ્વીપ દર્શાવ્યું છે. વિક્રમે ઉમાદે પાસેથી પ્રાપ્ત કરેલા દંડનો ઉલ્લેખ આ કૃતિમાં મળે છે, જ્યારે માનવભક્ષી રાક્ષસ પાસેથી તેને કોઈ દંડ મળતો નથી.

પૂર્ણચન્દ્રસૂરિ-વિરચિત 'विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्धः'ની આ વાર્તામાં વિક્રમને ઉમાદે પાસેથી જે દંડ મળે છે તેનું નામ સિદ્ધદંડ અથવા સર્વસ્વદંડ નામ આપેલું છે, જ્યારે રાક્ષસ પાસેથી પ્રાપ્ત થયેલ દંડનું નામ વિજયદંડ છે. ઉમાદે અને સોમશર્મા કોંકણમાં આવેલા સોપારાનાં છે, એમ આ ઉલ્લેખ ~~પ્રાપ્ત થાય છે. રાક્ષસના સાત માળના મહેલમાં વિક્રમે કૌતુકાદિ, આદિ~~

સામગ્રી, વસ્ત્રો, શસ્ત્રાસ્ત્ર અલંકાર આદિ જોયાં તેનું વર્ણન આ પ્રબન્ધનું મુખ્ય વધારે છે. પોતાના મહેલમાં રાખેલી કનકમાલિકા રાજકુંવરીના સ્વરૂપનું પરિવર્તન — સ્ત્રીમાંથી બિલાડી અને બિલાડીમાંથી સ્ત્રી — રાક્ષસ સિદ્ધાંજનથી કરતો હતો તે પ્રસંગગૂંથણી આ પ્રબન્ધમાં મળે છે. 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરાના મૂળમાં આ જ પ્રબન્ધ મુખ્ય છે.

*દેવમૂર્તિ ઉપાધ્યાયકૃત 'पञ्चदण्डकथा'માં, ઊમાદે આમલીના વૃક્ષ પર ચઢી, આકાશમાં ઊડી, વાનરદ્વીપ પર ઊતરે છે. પૂર્ણચન્દ્રસૂરિ તે દ્વીપને સુવર્ણસંચયા નગરી કહે છે, જ્યારે રામચન્દ્રસૂરિ તેને સુવર્ણનગરી તરીકે ઓળખાવે છે. શુભશીલગણિ એને જંબુદ્વીપ કહે છે, જ્યારે જૂની ગુજરાતીની મોટા ભાગની કૃતિઓ તેને રત્નસંચયા નગરી તરીકે વર્ણવે છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (ઈ.સ. ૧૬૮૨ પહેલાં) એને લંકા તરીકે ઓળખાવે છે. 'વસુદેવહિંડી'ના કર્તા જેને 'રત્નસંચયા નગરી' કહે છે, અને 'કથાસરિત્સાગર'માં ટોની જેને 'The City of Gold' તરીકે ઓળખાવે છે તે જ આ નગર હોવાની સંભાવના છે.

દેવમૂર્તિની આ વાર્તામાં, વિક્રમ સિદ્ધદંડ (સર્વરસદંડ) અને વજ્રદંડ (વિજય-દંડ) પ્રાપ્ત કરે છે.

પંડિત શુભશીલગણિ-વિરચિત 'पञ्चदण्डछत्रकथा,' અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-કૃત 'पञ्चदण्डछत्रप्रबन्ध' (કૃતિ નં. ૫) અને અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध' (કૃતિ નં. ૬)માં આ વાર્તાનું વસ્તુ એકસરખું છે. શુભશીલગણિએ આ વાર્તામાં બે દંડનાં નામ — સર્વરસદંડ અને વજ્રદંડ આપ્યાં છે, જ્યારે બન્ને સંસ્કૃત ગદ્યકારોએ (કૃતિ નં. ૫, ૬) તેમને અનુક્રમે સર્વરસદંડ અને વિજયદંડ કહ્યા છે. રામચંદ્રસૂરિએ તેમનાં સિદ્ધદંડ અને વિજય-દંડ નામ આપ્યાં છે. જૂની ગુજરાતી અને રાજસ્થાનીના સર્વ 'પંચદંડ'કારોમાં આ વાર્તાનું સ્વરૂપ અને વસ્તુ જુદાં પડતાં નથી; તેઓ સર્વ આ અદ્ભુત દંડોને સિદ્ધદંડ અને વિજયદંડના નામથી વર્ણવે છે. શામળ આ બે દંડને ઉડણદંડ અને અજિતદંડ કહે છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૧૭) ઉડણદંડને કનકદંડ કહે છે; તેમાં રાક્ષસના દંડનું નામ આપેલું નથી. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર, બીજા 'પંચદંડ'કારોથી જુદા પડી, આ વાર્તાની શરૂઆત

નીચે પ્રમાણે કરે છે:

'એતલી વાત સાંભળીને રાજા દક્ષિણ ચાલ્યો; દક્ષિણ જઇ ઊભો રહ્યો. તીહાં દેવે તો નગર ૧ છે. તીહાં તલાવ છે, તેની પાસે રાજા જઇ ઊભો રહ્યો. એવે અવસર નગરમાહેથી પાણીહાર ૪ પાણી ભરવા આવી. તીહાં મૃત્યક ૧ પડ્યો છે. તીહાં ૪ સ્ત્રી ઊભી રહી છે.'

એ ચાર સ્ત્રીઓમાંની એક, રાજાને પોતાને ત્યાં લઇ જઈ સ્ત્રીચરિત્ર બતાવે છે. ભોજન કરાવ્યા બાદ સ્ત્રીએ વિક્રમને પોતાની સાથે ક્રીડા કરવા કહેતાં, વિક્રમે ના પાડી; આથી સ્ત્રીએ 'દોડો, દોડો'ની બૂમ પાડી; અને સ્ત્રીના સસરા દોડી આવતાં, તેણીએ તેને કહ્યું કે, 'આને ગળે મીઠાઈ ચોંટી છે, પાણી લાવો.' આવું સ્ત્રીચરિત્ર જોઈ, પછી રાજા સુપ્રભા નગરમાં દેવશર્મા નામના બ્રાહ્મણને ત્યાં ગયો.

સર્વ 'પંચદંડ' વિષયક રચનાઓમાં નગરનું નામ સોપારા અને ઊમાદેના પતિનું નામ સોમશર્મા આપેલું છે, જ્યારે આ ગદ્યકાર નગરનું નામ સુપ્રભા અને ઊમાદેના પતિનું નામ દેવશર્મા આપે છે. ઊમાદેને તેણે 'ઊમા પંડ્યાણી' કહી છે.

અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-વિરચિત 'પંચદંડરી વાત'માં, વાર્તાના વસ્તુમાં કંઈ તફાવત નથી, પણ જે વાર્તા દ્વારા જે જે દંડની પ્રાપ્તિ અન્ય 'પંચદંડ'-કારોએ વર્ણવી છે તેનાથી આ ગદ્યકાર જુદો પડે છે. શામળ જેને અભેદ્યદંડ કહે છે, અને જેનો સૌ પ્રથમ ઉલ્લેખ રામચંદ્રસૂરિએ કર્યો છે તે દંડને આ કર્તા વિજયદંડ કહે છે. અન્ય કૃતિઓમાં ઊમાદેના દંડને સિદ્ધદંડ-સર્વરસદંડ-ઊડણદંડ નામ આપેલું છે, આ ગદ્યકાર તેને સિદ્ધદંડ તરીકે ઓળખાવે છે, અને રાક્ષસના દંડને તમોહરદંડ નામ આપે છે. રાક્ષસના દંડને અન્ય રચનાઓમાં વજ્રદંડ-વિજયદંડ-અજિતદંડ તરીકે વર્ણવેલો છે.

આમ, ઉપર્યુક્ત 'પંચદંડ'ની સર્વ કૃતિઓમાંની આ વાર્તાનો વિચાર જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે, આ વાર્તાનું વસ્તુ, પ્રસંગો, પાત્રો, દંડનાં નામો, વર્ણનો આદિ, 'પંચદંડ'માંની અન્ય વાર્તાઓની તુલનાએ, ઓછાવત્તું રૂપાંતર પામ્યાં છે.

વાર્તા ત્રીજી

'અભયદંડ' (રત્નમંજૂષા)

'પંચદંડ'ની વાર્તાક્રમની ત્રીજી વાર્તા, રત્નમંજરીની રત્નમંજૂષા, એક જ

પ્રસંગ વાર્તા છે; જોકે રત્નમંજરી તામ્રલિપ્તિમાંથી રત્નપુરમાં આવે છે, ત્યાં તે અમૃતકુંચી નામની ગણિકાના હાથમાં ફસાય છે અને છેવટે છૂટે છે, તે પ્રસંગ એક ઉપકથા ગણી શકાય. આ વાર્તાનાં મુખ્ય પાત્રો વિક્રમ, વેતાલ, રત્નમંજરી, દમની, દેવદમની, અમૃતકુંચી ગણિકા આદિ છે, જ્યારે ગૌણ પાત્રોમાં તામ્રલિપ્તિના સ્તંભતીર્થપુરનો રાજા, રત્નપુરનો રાજા, રત્નમંજરીનું હરણ કરવા આવેલો નરબ્રહ્મ રાજાનો દૂત વગેરે છે. વાર્તાની પ્રવૃત્તિ તામ્રલિપ્તિ (રામચંદ્રસૂરિની પરંપરામાં ખંભાત), રત્નપુર, ઉજ્જયિની આદિ સ્થળોએ થાય છે. રામચંદ્રસૂરિની પરંપરામાં, ઉજ્જયિનીથી દેવદમનીનો પત્ર લઈ આવેલો વિક્રમનો પોપટ અને અમૃતકુંચીનો પોપટ વાર્તાના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ વાર્તામાં બે સ્વરૂપ મળે છે: ૧. પ્રાચીન સંસ્કૃત 'પંચદંડ'ની પરંપરા; ૨. પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની 'પંચદંડ'ની પરંપરા. રામચંદ્રસૂરિ પછીના સંસ્કૃત 'પંચદંડ'ના રચયિતાઓ અને જૂની ગુજરાતી તેમ જ રાજસ્થાની 'પંચદંડ'કારો, આ વાર્તાની રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરે છે. આ બન્ને પરંપરાના વાર્તાસ્વરૂપમાં કોઈ મહત્ત્વનો ફેરફાર નથી; રામચન્દ્રસૂરિની વાર્તાનું સ્વરૂપ કેટલેક અંશે પ્રાચીન સંસ્કૃત પરંપરાનું રૂપાંતર જ છે.

આ વાર્તાનો સંક્ષેપ આ પ્રમાણે છે:

દમનીએ વિક્રમને તામ્રલિપ્તિના રાજાની કુંવરી રત્નમંજરી પાસેથી રત્નો ભરેલી પેટી લઈ આવવા આદેશ આપ્યો. વિક્રમ વેતાલના ખભે બેસી તામ્રલિપ્તિ ગયો અને રાત્રે છળકપટથી રાજકુંવરીના સાત માળના મહેલમાં પેઠો. ત્યાં રત્નમંજરી ત્રીજે માળે ઘણી સખીઓના વૃંદમાં બેઠી હતી. થોડી રાત જતાં, કુંવરીએ ઊંઘવાનો ડોળ કર્યો અને અન્ય સખીઓને ઘેર જવા રજા આપી. ત્યાર પછી રત્નમંજરી કોઈના આવવાની રાહ જોવા લાગી. એટલામાં સંકેત પ્રમાણે, કાન્યકુબ્જના રાજા નરબ્રહ્મનો સેવક સાંઢ લઈ રાજમહેલ પાસે આવી પહોંચ્યો; તેણે તાલી પાડી. રત્નમંજરી સંકેત સમજી ગઈ અને ચોથે માળેથી રત્નો ભરેલી પેટી ઉતારવા લાગી. એટલામાં, ઉજ્જયિનીથી વિક્રમનો પોપટ, દેવદમનીનો પત્ર લઈ રત્નમંજરી પાસે આવ્યો. દેવદમનીએ પત્રમાં લખ્યું હતું કે, તે પોતે વિક્રમના હાથમાં પડી છે; રત્નમંજરી પણ વિક્રમને પરણે તો સારું એમ તેણે ઇચ્છા દર્શાવી હતી. પત્ર વાંચી, રત્નમંજરીએ તે ફાડી નાખ્યો. પછી તે આવેલા દૂત સાથે નીચે ઊતરવા તૈયારી કરતી હતી

એવામાં તે કંઈક વસ્તુ લેવા પાછી ફરી. એવામાં વિક્રમ દૂતને મારી, પોતે દૂત બની ગયો. રત્નમંજરી અને રત્નમંજૂષાને સાંઢ પર લઈ, ઉજ્જયિની તરફ જતાં, કુંવરીએ તેને અટકાવ્યો ત્યારે વિક્રમે સાચી વાત પ્રગટ કરી; કુંવરી રડવા લાગી. વિક્રમે રસ્તામાં શબ્દવેધી બાણથી સિંહને માર્યો તે જોઈ તેમજ તેનાં અન્ય રાજશાહી શારીરિક લક્ષણો જોઈ, કુંવરી પ્રસન્ન થઈ. સર્વને લઈ વિક્રમ રત્નપુર આવ્યો. રત્નપુરમાં તે આવ્યો તે પહેલાં તેનો પોપટ કે જે રત્નમંજરી પાસે પત્ર લઈ આવ્યો હતો, તે રત્નપુરની વેશ્યા અમૃતકુંચીને ત્યાં તેના પોપટને મળવા રોકાયો હતો. વાત વાતમાં, વિક્રમના પોપટે વેશ્યાના પોપટને વિક્રમ રત્નપુરમાં આવવાનો છે તે વાત પણ કહી; અમૃતકુંચીએ તે સાંભળી. રત્નપુરમાં આવ્યા પછી વિક્રમ, રત્નમંજરીને એક સ્થળે બેસાડી, નગરમાં ભોજનની શોધ માટે ગયો. તે વખતે, અમૃતકુંચી રત્નમંજરી પાસે આવી અને સગપણ બતાવી, તેને સાંઢ અને રત્નોની પેટી સાથે પોતાને ત્યાં લઈ ગઈ. રત્નમંજરીએ અમૃતકુંચીને વેશ્યા જાણી. ઘણો શોક કર્યો અને ચિતા ખડકી બળી મરવા તૈયાર થઈ. એટલામાં વિક્રમ ત્યાં આવ્યો અને તેને ચિતા પરથી નીચે ઉતારી. રત્નપુરનો રાજા ત્યાં આવ્યો અને વિક્રમને ઓળખી તેનું સન્માન કર્યું. રત્નમંજરીનો પિતા અને તામ્રલિપ્તિનો રાજા, રત્નમંજરીને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો અને પોતાની કુંવરી હરી જનાર વિક્રમ હતો, એ જાણી આનંદ પામ્યો; બન્ને રાજાઓએ પોતાની કુંવરીઓ વિક્રમને પરણાવી; વેશ્યાનાં નાકકાન કાપી તેને દેશપાર કરી. બે રાજકન્યા અને રત્નમંજૂષા લઈ વિક્રમ ઉજ્જયિની આવ્યો.

'કથાસરિત્સાગર'માં આ વાતનાં પ્રતિરૂપ, તેની બે વાતોઓમાં મળે છે, તેમાંની એક નીચે પ્રમાણે છે:[૧૭૧]

દક્ષિણના રાજા સિંહબલને કલ્યાણવતી નામની રાણી હતી; તે માળવાના યુવરાજની પુત્રી હતી. એક સમયે, સિંહબલના કોઈ બળવાન સગાએ તેને રાજ્યમાંથી હાંકી કાઢ્યો. આથી તે પોતાના શ્વસુરને ત્યાં રાણી સાથે રહેવા લાગ્યો. એક દિવસ તે જંગલમાં શિકારે ગયો;

૧૭૧. Tawney and Penzer, Op. cit., Vol. V, Story No 82, 'Story of King Simhabala and his fickle wife', pp. 23-25

ત્યાં તેણે તલવારના એક જ ઘાથી સિંહને મારી નાખ્યો; આગળ જતાં એક જંગલી હાથી મળ્યો, તેની સૂંઢ કાપી નાખી, તેને મારી નાખ્યો અને તેનું રત્ન કાઢી લીધું. રાજાએ પોતાની રાણીને આ પરાક્રમગાથા કહેતાં કહ્યું કે, તારે મારા પિતાના ઘરમાં આ વાત કોઈને કહેવી નહિ, કારણ કે ક્ષત્રિયોમાં આવાં પરાક્રમ સામાન્ય હોય છે. ના કહ્યા છતાં રાણીએ સિંહબલના પરાક્રમની વાત તેના પિતાને કહી; સિંહબલના શ્વસુરે તેને ઘણું માન આપ્યું. કેટલાક દિવસ પછી, સિંહબલ દુશ્મનને હરાવી, પોતાનો દેશ પાછો મેળવવા, કલ્યાણવતીને પિયરમાં છોડી, પ્રવાસે નીકળી પડ્યો.

તે દરમ્યાન, કલ્યાણવતી એક યુવાન પુરુષ પર મોહ પામી અને પોતાની વિશ્વાસુ દાસી મારફતે તેને મહેલમાં તેડી આણ્યો. યુવાન, જ્યારે કલ્યાણવતી પાસે આવ્યો ત્યારે તેની સાથે સોફા પર બેસવાની હિંમત કરી શક્યો નહિ; અને તેટલામાં જ એક સાપ ત્યાં નીકળ્યો તેને એક બાણ-થી મારી નાખી, યુવાન પોતે કરેલા પરાક્રમના હર્ષમાં નાચવા લાગ્યો. આ જોઈ, કલ્યાણવતીનો એ હતવીર્ય યુવાન માટેનો મોહ ઓસરી ગયો. દાસીએ યુવાનને દોરડા વડે નીચે ઉતારી મૂક્યો. કલ્યાણવતી કહેવા લાગી કે, ક્યાં તલવારના એક જ ઘાથી સિંહને મારનાર સિંહબલ અને ક્યાં આ કાયર પુરુષ? સિંહબલે પોતાનું પરાક્રમ છૂપું રાખવા પ્રયત્ન કર્યો, જ્યારે આ હલકા માણસે એક સાપ માર્યો તેમાં જાણે મોટું પરાક્રમ કર્યું હોય તેમ નાચવા માંડી પડ્યો! કલ્યાણવતીને ખાત્રી થઈ કે, સિંહ-બલ એ જ એનો સાચો પતિ છે. થોડા દિવસમાં જ સિંહબલે શત્રુને હરાવી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું અને કલ્યાણવતીને પોતાની સાથે લઈ ગયો.

'પંચદંડ'ની રત્નમંજૂષાની વાર્તામાં, રત્નમંજરીને સાંઢ પર હરી જતા વિક્રમે પોતે જુગારી છે, એમ કહ્યું ત્યારે તે ઘણી દુઃખી થઈ. પણ જ્યારે વિક્રમે એક જ શબ્દવેધી બાણથી સિંહને માર્યો ત્યારે તે તેના પરાક્રમ-થી ખુશ થઈ. અમૃતકુંડી વેશ્યાને ત્યાં સપડાયેલી રત્નમંજરીએ પોતાના પ્રેમની યાચના કરનાર એક કાપુરુષને ઉંદર મારવાના કરેલા પરાક્રમથી

રાચતો જોયો ત્યારે તેણે વિક્રમે મારેલા સિંહના પરાક્રમની યાદ આવી; અને કાપુરુષો સાથે પ્રેમ કરવો તેના કરતાં મરી જવું બહેતર છે, એમ માની ચિતા ખડકી, બળી મરવા તૈયાર થઈ. આ રીતે 'પંચદંડ'ની આ રત્નમંજરીની વાર્તા અને 'કથાસરિત્સાગર'ની 'સિંહબલ-કલ્યાણવતી'ની વાર્તાના કેટલાક પ્રસંગો અને પાત્રો વચ્ચે સામ્ય જણાય છે.

'કથાસરિત્સાગર'માં આ વાર્તાનું એક બીજું સ્વરૂપાન્તર આ પ્રમાણે છે:[૧૪૨]

ચંદ્રપુર નામના નગરમાં, દેવસ્વામી નામના બ્રાહ્મણને કમલલોચના નામની પુત્રી હતી; તેનો કુસુમાયુધ નામનો યુવાન શિષ્ય અને કમલલોચના એકબીજાને ચાહતાં હતાં. દેવસ્વામીએ કમલલોચનાને બીજા કોઈ સાથે પરણાવવાનું નક્કી કરતાં, કમલલોચનાએ કુસુમાયુધને સંદેશો મોકલ્યો કે, હું તમને ચાહું છું; તમે મને લઈ જવા વ્યવસ્થા કરો. આથી કુસુમાયુધે એક નોકરને ગધેડા સાથે રાત્રે દેવસ્વામીને ત્યાં મોકલ્યો; નોકર રાત્રે કમલલોચનાને ગધેડા પર બેસાડી, કુસુમાયુધે નક્કી કરેલા સ્થળે લઈ જવાને બદલે, પોતે તેને પરણી જવાના ઇરાદાથી, તેને કોઈ દૂર નગરમાં લઈ ગયો. સવારમાં કમલલોચનાએ નોકરને પૂછ્યું, મારો પતિ અને તારો સ્વામી ક્યાં છે? મને તેની પાસે કેમ લઈ જતો નથી? જ્યારે કપટી નોકરે આ સાંભળ્યું ત્યારે તે હસીને, પરદેશમાં એકલી એવી અબળાને તે કહેવા લાગ્યો, હું તને પરણવાનો છું; તું તેની ચિંતા કરીશ નહિ; તેને હવે તું કેવી રીતે મેળવી શકીશ? ચતુર કમલલોચના બધી બાજી સમજી ગઈ અને તેણે તેને કહ્યું, હું તમને ઘણી ચાહું છું. નગરના એક ઉદ્યાનમાં કમલલોચનાને મૂકી, નોકર બજારમાં, લગ્નક્રિયા માટે જોઈતી વસ્તુઓ ખરીદવા ગયો. આ લાગ જોઈ, કમલલોચના ગધેડું લઈ એક માળીને ત્યાં જતી રહી અને પોતાની આપવીતી તેને કહી. નગરમાં ગયેલો દુષ્ટ નોકર ઉદ્યાનમાં પાછો આવ્યો ત્યારે કમલલોચનાને ત્યાં નહિ જોઈ, એટલે દુઃખી થયેલો તે

૧૪૨. Tawney and Penzer, Op. cit., Vol. IX; S. Story No. 171(D) 171D (5): 'Kusumayudha and Kamalalochana' pp. 61-62

કુસુમાયુધ પાસે ગયો અને કહ્યું, કપટી સ્ત્રીઓને આપ ઓળખી શકતા નથી. જેવો હું રાત્રે કમલલોચનાને ત્યાં ગયો, અને તે દેખાઈ ન દેખાઈ અને કેટલાક માણસોએ મને પકડ્યો અને મારી પાસેથી ગધેડું લઈ ગયા. હું સદ્ભાગ્યે નાસી છૂટ્યો. કુસુમાયુધ આ વૃત્તાન્ત સાંભળી વિચારમાં પડી ગયો.

એક દિવસ, કુસુમાયુધના પિતાએ તેને પરણવા મોકલ્યો. કમલલોચના જે નગરમાં હતી ત્યાં તે આવ્યો, અને જાન સાથે એક બાગમાં આરામ કરવા પડાવ નાખ્યો. કમલલોચનાએ તેને જોયો અને માળીને વાત કરી. માળી કુસુમાયુધ પાસે ગયો અને કમલલોચનાની બનેલી હકીકત કહી. કુસુમાયુધ કમલલોચનાને પરણ્યો અને જેને પરણવા માટે જાન લઈ નીકળ્યો હતો તે કન્યાને પણ પરણ્યો. કુસુમાયુધે તેના દુષ્ટ નોકરને શિક્ષા કરી. બે પત્ની સાથે, આનંદ કરતો તે પોતાને નગર આવ્યો.

આ વાર્તા અને 'પંચદંડ'ની રત્નમંજરીની વાર્તામાં કેટલુંક મળતાપણું છે. કમલલોચના અને રત્નમંજરીનું હરણ થવું — એકનું ગધેડા પર અને એકનું સાંઢ પર —, હરણ કરનાર વિક્રમ અને દુષ્ટ નોકર બન્ને નગર બહાર ઉદ્યાનમાં ઊતરે છે, અને પછી નગરમાં વસ્તુઓ ખરીદવા જાય છે ત્યારે રત્નમંજરીને અમૃતકુંવરી ગણિકા લઈ જાય છે, જ્યારે કમલલોચના આપમેળે માળીને ત્યાં જતી રહે છે. વિક્રમ અને કુસુમાયુધ બન્નેને પોતાનાં પ્રતિપાત્ર મળે છે અને બન્ને બે પત્ની પ્રાપ્ત કરે છે. 'કથા-સરિત્સાગર' અને 'પંચદંડ'ની આ વાર્તાની રેખાઓ રેખા એકબીજાને મળતી નથી; બન્નેનો હેતુ પણ જુદો છે, છતાં 'કથાસરિત્સાગર'ની વાર્તાનું રૂપાન્તર થતાં 'પંચદંડ'ની વાર્તાનું પ્રાપ્ત સ્વરૂપ બંધાયું હશે, એ સંભવિત છે.

'પંચદંડ' વિષયક સર્વ સંસ્કૃત, જૂની ગુજરાતી અને રાજસ્થાની રચનાઓ-માં આ વાર્તા મળે છે, પણ 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરાના અને પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિની પરંપરામાં આ વાર્તાના સ્વરૂપમાં કેટલાક

તફાવત છે; કહો કે પ્રાચીન પરંપરાનું રામચન્દ્રસૂરિએ રૂપાન્તર કર્યું છે.

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૧), પૂર્ણચન્દ્રસૂરિ (કૃતિ નં.૨), દેવમૂર્તિ ઉપાધ્યાય (કૃતિ નં.૩) અને પંડિત શુભશીલગણિ (કૃતિ નં.૪) 'પંચદંડ'ની પ્રાચીન પરંપરાને અનુસરે છે; અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં.૧૪), પ્રાચીન કૃતિઓની તેમ જ રામચંદ્રસૂરિની એમ બન્ને પરંપરાનો વિનિયોગ પોતાની રચનામાં કર્યો છે, જ્યારે નરપતિ, 'પંચદંડ ચતુષ્પદી'કાર અજ્ઞાત કવિ, માલદેવ, રાજધર, વિજયકુશલ, લક્ષ્મીવલ્લભગણિ, અજ્ઞાત કવિ (કૃતિ નં.૧૫), અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર, શામળ, ભાણવિજય અને આ. પેશતનજી કાવશજી., આ સર્વે પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરે છે. આ વાર્તાની પ્રાચીન પરંપરામાં, વાર્તાનું કાર્યક્ષેત્ર તામ્રલિપ્તિ નગરીમાં છે. તામ્રલિપ્તિ નગરીના સ્થળાંતરનું રૂપાન્તર રામચંદ્રસૂરિએ ખંભાતમાં કર્યું અને ખંભાતને તેણે ત્રંબાવતી, ભોગવતી, લીલાવતી અને અમરાવતી એ ચાર નામથી ઓળખાવી. નરપતિએ આનું અનુકરણ કર્યું અને સર્વ ગુજરાતી તેમ જ રાજસ્થાની 'પંચદંડ'કારોએ નરપતિનું અનુકરણ કર્યું છે. પંડિત શુભશીલગણિએ રત્નમંજરીને તામ્રલિપ્તિ નગરના રાજા ચન્દ્રની પુત્રી લક્ષ્મીવતી તરીકે ઓળખાવી છે. આ લક્ષ્મીવતીને સખીઓની વચ્ચે સંગીતનો આનંદ માણતી જોઈ, એમ અન્ય લેખકોએ વર્ણન કર્યું છે, જ્યારે શુભશીલગણિએ તેને 'પણ્યાઙ્ગનાઓ' વચ્ચે આનંદ કરતી વર્ણવી છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારે (કૃતિ નં.૬), આ કુંવરીને ચન્દ્રલેખા નામ આપ્યું છે; અન્ય સંસ્કૃત ગદ્યકારે (કૃતિ નં.૫) કુંવરીને પાંચસો કન્નીઓના નૃત્યને નિહાળતી દર્શાવી છે, અને કુંવરીને 'રાજકન્ની' કહી છે. 'કન્ની'નો અર્થ 'પણ્યાઙ્ગના' તેમ જ 'વિટકન્યા, ગણિકા, વેશ્યા' થાય છે. 'કન્ની' શબ્દ 'કુંવારી કન્યા' અને 'દાસી'ના અર્થમાં વપરાયેલો મળે છે. ઉપર્યુક્ત સંદર્ભમાં, 'પાંચસો કન્નીઓ' એટલે 'પાંચસો ગણિકાઓ' અને 'રાજકન્ની' એટલે 'રાજકુંવરી' એવા અર્થોમાં 'કન્ની' શબ્દ પ્રયોજાયેલો મળે છે.

દેવદમનીએ રત્નમંજરી પ્રતિ પત્ર લઈ મોકલેલા વિક્રમના પોપટનો ઉલ્લેખ રામચન્દ્રસૂરિએ કર્યો છે. આ પ્રસંગ, સૌ પ્રથમ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૬)ની રચનામાં, શ્રીનગરના રાજા કુબેરદત્તના પુત્ર શિવાંગદે ચંદ્રલેખા (રત્નમંજરી) પર લખેલા 'પ્રિય લેખ' (પ્રેમપત્ર)ના રૂપમાં મળે છે.

ત્યાર પછી, પ્રેમપત્રનું રૂપાન્તર, એક સખીએ —હેલા દમયંતીએ— બીજી સખી —રત્નમંજરી— પર લખેલા પત્ર તરીકે, રામચંદ્રસૂરિએ કર્યું, અને સાથે, વિક્રમનો પોપટ એ પત્ર લઈ રત્નમંજરી પાસે ગયો અને રત્નમંજરી પાસેથી ઊડેલો પોપટ રત્નપુરની ગણિકા અમૃતકુંડાના પોપટને મળવા ગયો અને બે પોપટની વાતચીત સાંભળી, ગણિકા રત્નમંજરી અને રત્નમંજૂષાને કપટથી પોતાને ત્યાં લઈ જવા સફળ થઈ. આ પ્રકારની વસ્તુની ગૂંથણી કરવામાં રામચંદ્રસૂરિએ મૌલિકતા દર્શાવી છે. રામચંદ્રસૂરિના આ પ્રસંગનું અનુકરણ નરપતિએ કર્યું અને નરપતિ દ્વારા સર્વ ગુજરાતી તેમજ રાજસ્થાની પંચદંડકારોમાં તે પ્રસંગ સંક્ષિપ્ત કે વિસ્તૃત સ્વરૂપમાં સ્થાન પામ્યો.

વાર્તાનો દેહ કેવી રીતે રૂપાન્તર પામે છે તેનાં બે દૃષ્ટાન્ત આ વાર્તા પૂરાં પાડે છે: તામ્રલિપ્તિનું ખંભાત થઈ જવું, અને પ્રીતમ-પ્રેયસીના પ્રેમપત્રનું સખીએ સખી પ્રતિ લખેલ પત્ર બની જવું; અને વધારામાં બે પોપટની વાતચીત પરથી અમૃતકુંડા ગણિકાને પ્રેરણા મળવી. આ વાર્તામાં પોપટ સંદેશવાહક તરીકે આવે છે, તેને મળતી તિલકમંજરીની આડકથા માલદેવે નીચે પ્રમાણે આપી છે:

સખીઓની વચ્ચે બેઠેલી, પદ્મિનીપુરના ધનદ નામના શેઠની તિલકમંજરી નામની પુત્રીએ, વિક્રમના પોપટ વિદગ્ધમંડન સાથે વિક્રમને નીચેનો શ્લોક મોકલ્યો:

पद्मं तुला रदौ रक्तौ तिलकं मञ्जरीयुतं ।
मुखे दशाङ्कुलीक्षेपः कथ्यमेतत्त्वया सुक ॥७३॥

આ શ્લોક પોપટે વિક્રમને કહ્યો. વિક્રમે પોતાની સભાના પંડિતોને તેનો અર્થ પૂછ્યો, પણ કોઈ કહી શક્યું નહિ. ઉજ્જયિનીના એક દરિદ્ર બ્રાહ્મણ વરરુચિએ, એક રાતે વડ નીચે રાતવાસો રહેતાં, વડ પર વાસ કરી રહેલાં ભૂતની વાતચીત પરથી, શ્લોકનો અર્થ જાણ્યો તે આ પ્રમાણે છે:

પોયણપુરમ્મિ નયરે વણિગસુયા તિલયમંજરી નામ,
રત્તા તવમ્મિ નરવર- દસમા વરછા દસમ દિવસે. ૯૧

આ અર્થ જાણી, વરરુચિએ વિક્રમને કહ્યો અને વિક્રમ પોયણપુરિ જઈ તિલકમંજરીને પરણ્યો. ભૂતોની વાતચીત સાંભળી વરરુચિએ વિક્રમને કહી

અને વિક્રમ તિલકમંજરીને પરણ્યો, જ્યારે પોપટોની વાત સાંભળી ગણિકાએ રત્નમંજરીને ફસાવી.

રામચન્દ્રસૂરિ વિક્રમના પંદરમા શતકમાં થઈ ગયા, જ્યારે માલદેવ સોળમા શતકમાં થઈ ગયા; છતાં માલદેવની રચનામાં આવતી ઉપર્યુક્ત તિલક-મંજરીની વાર્તા રામચન્દ્રસૂરિ કરતાં જૂની હોય એમ જણાય છે.

ભાવદેવસૂરિ-વિરચિત 'પાર્શ્વનાથચરિત્ર'ની લલિતાંગની વાર્તામાં, બે પક્ષીઓની વાતચીત સાંભળી, અંધ લલિતાંગે પોતાનો અંધાપો કેવી રીતે દૂર કર્યો તેનો ઉલ્લેખ મળે છે. એ વાર્તાનો સંક્ષેપ આ પ્રમાણે છે:[૧૪૩]

સજ્જન અને લલિતાંગ બે મિત્ર હતા. સજ્જન દુષ્ટ સ્વભાવનો હતો અને દુનિયામાં કુટિલતાનો વિજય થાય છે એમ માનતો હતો, જ્યારે લલિતાંગ સત્યવાદી હતો અને હંમેશાં સત્યનો જય થાય છે એમ માનનારો હતો. એક દિવસે હોડ બકી, લલિતાંગે વનમાં જઈ, સજ્જનની માગણી પ્રમાણે પોતાની આંખો તેને કાઢી આપી. સજ્જન આંખો લઈ ચાલ્યો ગયો. લલિતાંગ વનમાં એક વૃક્ષ નીચે રાતવાસો રહ્યો. રાત્રે બે ભારંડ પક્ષી તેણે વાત કરતાં સાંભળ્યાં કે, 'ચંપાનગરીના જિતશત્રુ રાજાને પુષ્પાવતી નામની આંધળી રાજકુંવરી છે; જે કોઈ તેને દેખતી કરે તેને રાજા પોતાની પુત્રી પરણાવશે અને અર્ધું રાજ્ય આપશે. આ વૃક્ષ પર એક વેલ છે તેનો રસ આંખમાં રેડવાથી અંધાપો દૂર થાય છે.' પક્ષીઓની વાતચીત સાંભળી, લલિતાંગે પોતાની આંખોમાં વેલનો રસ નાખતાં, તે દેખતો થયો. જિતશત્રુ રાજાની કુંવરીને પણ વેલના રસથી તેણે દેખતી કરી. રાજાએ પોતાની કુંવરી તેને પરણાવી અને અર્ધું રાજ્ય આપ્યું.

ઉપર્યુક્ત વાર્તાનો, પ્રો. સ્ટીથ ટૉમસને 'The Folktale' ગ્રંથમાં, Tale-type 613 તરીકે, Magic Remedies વિશેની વાર્તા તરીકે ઉલ્લેખ કર્યો છે. વધુમાં પ્રો. ટૉમસને જણાવ્યું છે કે, આ વાર્તા ૧૫૦૦ વર્ષ જૂની છે, અને તેને મળતાં પ્રતિરૂપ સિવાઈ બૌદ્ધસાહિત્ય, હિન્દુ અને જૈન સાહિત્ય, હિબ્રૂ વાર્તાસંગ્રહ, અરેબિયન નાઈટ્સ, Tales of Basile in Penta-

૧૪૩. Bloomfield, M. Op. cit., pp. 30-32

[illegible], સિલોન, અનામ, કોરિયા, ઉત્તર આફ્રિકા અને મધ્ય આફ્રિકામાં તેમ જ મેક્સિકો, કેનેડા, જમૈકા વગેરેમાં મળે છે. આ ઉલ્લેખ દર્શાવે છે કે, રામચંદ્રસૂરિએ પ્રયોજેલ ઘટકતત્ત્વ (Motif) 'પ્રચ્છન્ન શ્રવણ' (Overhearing) – મુખ્યત્વે પક્ષીઓની વાતચીત છાનામાના સાંભળવી – એ ઘટકતત્ત્વ અતિ પ્રાચીન છે અને દુનિયાના જુદા જુદા દેશોમાં વ્યાપક છે.

રત્નમંજરીની વાર્તાની પ્રાચીન પરંપરામાં, રત્નોની પેટી સાથે દંડનો ઉલ્લેખ મળતો નથી; જ્યારે રામચંદ્રસૂરિ પેટી સાથે દંડનો ઉલ્લેખ કરે છે, પણ વાર્તાના અન્તે દંડની પ્રાપ્તિ કે દંડના નામ વિષે કોઈ કથન નથી. નરપતિ પણ રામચંદ્રસૂરિનું અનુકરણ કરી, વાર્તાના શરૂઆતમાં દંડનો ઉલ્લેખ કરે છે, પણ વાર્તાના અન્તે કોઈ પ્રાપ્તિ દર્શાવી નથી. મલદેવ આ દંડને મહાગુણદંડ કહે છે, જ્યારે લક્ષ્મીવલ્લભગણિ એને પતિતકઠિદંડ નામ આપે છે. શામળ આ દંડને અભયદંડ કહે છે. આ વાર્તાના દંડ વિષે, સર્વ 'પંચદંડ'કારોમાં શામળ જ આદિથી અન્ત સુધી તેનો ઉલ્લેખ કરી, આખી વાર્તામાં તેને ગૂંથી લીધો છે. બાકી અન્ય રચનાઓમાં, એકાદ સ્થળે તેનો આછો ઇશારો મળે છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં. ૧૪) પ્રાચીન પરંપરાને અનુસરી, રત્નમંજૂષાની પ્રાપ્તિ વર્ણવી છે; દંડ વિષે તે કંઈ જ બોલતો નથી. અજ્ઞાત રાજસ્થાની ગદ્યકારે (કૃતિ નં. ૧૬) આ દંડને મૂલથી વિષાપહારદંડ નામ આપ્યું છે. આનંદરતનજી કાવશજીએ આ દંડની પ્રાપ્તિનું વર્ણન કર્યું છે, પણ દંડનું નામ આપ્યું નથી.

સમગ્ર રીતે જોતાં, આ વાર્તાની પ્રાચીન પરંપરાનું રામચંદ્રસૂરિએ જે રીતે રૂપાન્તર કર્યું છે તે લોકવાર્તાના અધ્યયનમાં નોંધપાત્ર છે.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં. ૧૪) આ વાર્તામાં બે આડકથા આપી છે: 'સર્પ અને પારધી' અને 'ચંદ્રસેન-ગુણવતી'. રાજકુંવરી (કર્તાએ તેનું 'ચંપકમાલા' નામ આપ્યું છે.)ને હરી જતા વિક્રમે કુંવરીને કહ્યું કે, તે જુગારી છે ત્યારે કુંવરી ઘણું દુઃખ પામી અને પરમાત્માને

શરણે જઈ, 'તું મારી લાજ પરમેશ્વરન' છે,' એમ કહેવા લાગી. પરમાત્માનો આધાર રાખનારને પરમાત્મા મદદ કરે છે, એ સૂત્રને પુષ્ટ કરતી બે આડકથા કુંવરી કહે છે; આ બે આડકથાઓનો સારાંશ નીચે પ્રમાણે છે:

એક દિવસ, એક પારધીએ એક સાપ પકડી, વાંસની બંધ પેટીમાં ઘાલ્યો; પારધી તેને ભૂખતરસે મારે; પરમાત્માની કૃપાથી એક દિવસ એક ઉંદરે આવી, વાંસની પેટીને કાણું પાડ્યું અને તે દ્વારા સાપ નાસી ગયો.

બીજી પેટાવાર્તા 'ચંદ્રસેન-જાંબવતી'ની છે. આ પેટાવાર્તા રત્નમંજરીની રત્નમંજૂષાની વાર્તા કરતાં, 'પંચદંડ'ની ચોથી વાર્તા 'પ્રધાનની પુત્રવધૂ'-ના દોહાને વધુ મળતી છે. 'ચંદ્રસેન-જાંબવતી'ની વાર્તાનો સંક્ષેપ આ પ્રમાણે છે:

વિદ્યાના નગરીનો રાજા ચંદ્રસેન, એક બ્રાહ્મણનો શ્લોક સાંભળી, પોતાનું ભાગ્ય અજમાવવા ચાલ્યો. ચાલતાં ચાલતાં તે એક નગરમાં આવ્યો અને દેવીની કૃપાથી કોડી (જેને કોઢ થયા છે તે)નું રૂપ ધારણ કરી, બજારમાં એક સ્થળે પડ્યો. કોડી ચંદ્રસેન તે નગરના રાજા મદનમોહિકની દૃષ્ટિએ પડ્યો. મદનમોહિકે રાજસભામાં સેવકોને પૂછ્યું કે, તમે કોના ભાગ્યથી ખાઓ-પીઓ છો? સેવકોએ ઉત્તર આપ્યો કે, રાજાજી અમે તમારા ભાગ્યથી ખાઈએ છીએ. રાજાની પુત્રી જાંબવતીએ ઉત્તર આપ્યો કે, તે પોતાના ભાગ્યથી જ ખાય છે, પોતે આપકર્મી છે, બાપકર્મી નથી. રાજાએ ગુસ્સે થઈ જાંબવતીને કોડી ચંદ્રસેન સાથે પરણાવી. ચંદ્રસેનને કરંડિયામાં બેસાડી, કુંવરી ચાલી નીકળી. રસ્તામાં, એક નગરમાં ચંદ્રસેન ભૂખ્યો થવાથી, કુંવરી ભોજનની શોધમાં ગઈ. ભોજન લઈ પાછી આવી ત્યારે કોડીને શ્વાસ ઊપડ્યો હતો, અને તેની આંખો ફાટી ગઈ જોઈ, જાંબવતી ગભરાઈ ગઈ. તેને સાનમાં આણતાં, કોડીએ કહ્યું કે, હે કુંવરી! તારા પિતાએ અપરાધ કર્યો કે તને કોડા સાથે પરણાવી; જા, મારા દેખતાં તું બીજાને પરણ. કુંવરી રડવા લાગી અને કહ્યું, સ્વામી! તમારી સેવા કરવી એ તો મારો ધર્મ છે. કુંવરીનો

સાચો પ્રેમ જોઈ, ચંદ્રસેનને ભગવતીની કૃપાથી મૂળ રૂપ ધારણ કર્યું. રાજાનું રૂપ જોઈ કુંવરી ગભરાઈ અને ચંદ્રસેનના ચારિત્ર્ય વિશે શંકા કરવા લાગી. આથી રાજા ફરી કોડી બન્યો અને ફરી કોડીમાંથી રાજા બન્યો, ત્યારે કુંવરીને ખાત્રી થઈ. અંબાવતી ચંદ્રસેનને લઈ પોતાના પિતાને ત્યાં ગઈ અને ભગવતીની કૃપાથી મનમોહિકના નગરમાં સર્વ દ્વાર સુવર્ણનાં બનાવ્યાં. મનમોહિક ચંદ્રસેનને મળવા આવ્યો; ત્યાં અંબાવતીને જોતાં તેને શંકા આવી. આથી ચંદ્રસેન ફરી કોડી થયો અને ફરી કોડીમાંથી રાજા બન્યો. આ જોઈ મદનમોહિક હર્ષ પામ્યો અને ચંદ્રસેન-અંબાવતીનાં લગ્ન કર્યાં.

આપત્તિમાં આવેલા સર્વ કોઈની પ્રભુ લાજ રાખે છે, એ હેતુનું પ્રતિપાદન કરવા, અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે ઉપર્યુક્ત વાર્તા આપી છે. રત્નમંજરીની વાર્તામાં પણ, જે જુગારી હતો તે જ રાજા વિક્રમ તરીકે જાહેર થયો અને કુંવરી તેને ઘણા ખુશીથી પરણી.

મુનિરત્નસૂરિ-વિરચિત સંસ્કૃત 'अम्मडचरित्र'ના ત્રીજા આદેશમાં રત્નમંજરીની વાર્તાની આછી રૂપરેખા મળે છે, તે આ પ્રમાણે છે:

સિંહલદ્વીપના રાજા સોમચંદ્રને ચંદ્રયશા નામની પુત્રી હતી. તેના પ્રધાન વૈરોચનને રાજલ નામની પુત્રી હતી. રાજલ અને ચંદ્રયશા એક દિવસ ઉપવનમાં રમતાં હતાં ત્યાં એક ભયંકર વિકરાળ સ્ત્રી આવી, અને તેઓને પોતાની સાથે કૈલાસમાં શંકર ભગવાન પાસે લઈ ગઈ. તેઓની સેવાથી પ્રસન્ન થઈ, શંકરે ચંદ્રયશાને ઇચ્છિત રૂપ ધારણ કરી શકાય એવી જાદુઈ શક્તિવાળી રત્નમાલા આપી અને રાજલને વિષ, વેર અને રોગનો નાશ કરનાર કર્મદંડ આપ્યો. અંબડ ગોરખયોગિનીના આદેશ પ્રમાણે સિંહલદ્વીપ આવ્યો; અને નટનું રૂપ ધારણ કરી, જુદાં જુદાં વાદ્યો સાથે, બજારમાં નૃત્ય કરવા લાગ્યો. રાજલ આ દૃશ્ય જોઈ અને અંબડ પ્રત્યે આકર્ષાઈ, તેની સાથે નૃત્ય કરવા લાગી. ઘેર જતાં વૈરોચને રાજલને પૂછ્યું કે, તને કોણે મદુથી ભોળવી? રાજલે કહ્યું કે, હું કોઈથી ભોળવાઈ નથી. એ નટ મારો પતિ છે. ચંદ્રયશા પણ અંબડને મળવા ઇચ્છતી હતી; અને તેની ઇચ્છા પ્રમાણે, અંબડ તેને રાજલની મદદથી ~~મળ્યો~~ રાત્રે મળ્યો. અંબડે પાનના બીડા સાથે ચંદ્રયશાને

સ્પર્શ અડાડવતાં, તે રાસભી (ગધેડી) બની ગઈ. રાજા સોમચંદ્ર આ જાણી ગુસ્સે થયો અને રાજલને બોલાવી, રાજકુંવરીને મૂળ સ્વરૂપમાં લાવવાનો ઉપાય પૂછ્યો. રાજલે કહ્યું કે, પેલા ઢોલ વગાડનાર નટ (અંબડ)ને તમારું અર્ધું રાજ્ય અને આ રાજકન્યા આપો તો તે રાજકુંવરીને મૂળ સ્વરૂપમાં લાવશે. રાજા સોમચંદે એ શરત કબૂલ રાખી. અંબડે ઢોલને સ્પર્શ કરતાંની સાથે ચંદ્રયશા મૂળ સ્વરૂપ પામી. અંબડ ચંદ્રયશા અને રાજલને પરણ્યો અને અર્ધું રાજ્ય પણ પામ્યો; અને જેને માટે તે સિંહલદ્વીપ આવ્યો હતો તે જાદુઈ રત્નમાલા પણ પામ્યો.

'પંચદંડ'ની રત્નમંજૂષાની વાર્તાના તેમ જ 'પ્રધાનની પુત્રવધૂ'ના કેટલાક અંશ, તેમના પ્રાચીન સ્વરૂપમાં આ વાર્તામાં મળે છે. રત્નમાલામાંથી રત્નમંજૂષાનું રૂપાન્તર થયેલું જણાય છે. રાજલનો કમંદક, રત્નમંજૂષા સાથેના પ્રતાપદંડની યાદ આપે છે. વાર્તાનો ઉત્તરાર્ધ, 'પ્રધાનની પુત્રવધૂ'ની ઇન્દ્રજાલિકની ઉપકથા સાથે સામ્ય દર્શાવે છે. ઢોલ વગાડવું, વિક્રમે માયાવી ઉદ્યાન સર્જન કરવું, અને બદલામાં અર્ધું રાજ્ય અને રાજકન્યા માગી લેવાં, એ ઇન્દ્રજાલિકની ઉપકથાની વિગતો, અંબડનું નટરૂપે (ઇન્દ્રજાલિકરૂપે) ઢોલ વગાડવું, ચંદ્રયશાને રાસભીમાંથી મૂળ સ્વરૂપમાં લાવવી અને અન્તે ચંદ્રયશાને પરણી, અર્ધું રાજ્ય પામવું આદિ વિગતો સાથે સારી રીતે મળતી આવે છે.

વાર્તા ચોથી

૧. 'પ્રધાનની પુત્રવધૂ' (પ્રાચીન પરંપરા)

૨. 'પ્રતાપદંડ' (રામચંદ્રસૂરિની પરંપરા)

'પંચદંડ'ની ચોથી વાર્તા, 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરા ~~પ્રમાણે, 'પ્રધાનની પુત્રવધૂ' છે, જ્યારે રામચંદ્રસૂરિની પરંપરા~~

પ્રમાણે, ચારિત્ર-વિષયક 'પ્રતાપદંડ'('કામિકદંડ')ની છે. આ બન્ને વાર્તાઓમાં-નો હેતુ, સ્વરૂપ, પ્રસંગ, પાત્રો, ઘટકતત્ત્વો, વર્ણન આદિ જુદાં છે; એક બન્ને વાર્તાઓની ઉપકથાઓ વચ્ચે સામ્ય છે. આ બન્ને વાર્તાઓ પૈકી, 'પ્રધાનની પુત્રવધૂ' મને વધુ પ્રાચીન લાગે છે; એક તેનાં ઘણાં પ્રતિરૂપ મળતાં નથી તોપણ ભારતીય ગૃહજીવનના કેટલાક કોમળ ભાવોને સજીવ કરતી આ વાર્તા વ્રતકથાઓરૂપે અને લોકોના મુખે સારી પેઠે પ્રચલિત છે. 'પંચદંડ'ની કૃતિઓ પૈકી, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૧), પૂર્ણચંદ્રસૂરિ, દેવમૂર્તિ ઉપાધ્યાય, પંડિત શુભશીલગણિ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૫), અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૬) અને અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં.૮)-માં મળે છે. બાકીની સર્વ રચનાઓમાં, રામચન્દ્રસૂરિએ અપનાવેલી ચારિત્રનું નિરૂપણ કરતી, 'પ્રતાપદંડ' ('કામિકદંડ')ની વાર્તા આ સ્થળે મળે છે. 'પ્રધાનની પુત્રવધૂ'ની વાર્તાનું કથાવસ્તુ આ પ્રમાણે છે:

૧. 'પ્રધાનની પુત્રવધૂ'

રાજા વિક્રમે, દમનીના આદેશ પ્રમાણે, પોતાના પ્રધાનને દેશવટો આપવાનું નક્કી કર્યું. આ પ્રધાનને ત્રણ પુત્રો હતા. આ પુત્રોની પત્ની પૈકી સૌથી નાની ઘણી ચતુર, ચકોર અને તેજસ્વી હતી. તે પશુપક્ષીઓની ભાષા જાણતી હતી. એક દિવસ રાત્રે તેણે એક શિયાળને બોલતું સાંભળ્યું, તે પરથી તેણે જાણ્યું કે, આવતા છ માસમાં કુટુંબ પર કંઈ આપત્તિ આવવાની છે, તેથી તેણે છાણાં થાપવાનું શરૂ કર્યું; પ્રત્યેક છાણામાં તે એક રત્ન ઘાલતી. આ પ્રમાણે છાણાંનો તેણે મોટો ઢગલો કર્યો. એક દિવસ કોપેલા રાજાએ, પ્રધાનનું સર્વસ્વ લૂંટી લઈ કુટુંબ સાથે તેને દેશપાર કર્યો. નાની પુત્રવધૂ થાપેલાં છાણાંનો ટોપલો ભરી, સાથે લઈ ચાલી. ચાલતાં ચાલતાં આખું કુટુંબ પ્રતિષ્ઠાનપુર આવ્યું. ત્યાં, નગરમાંથી જોઈતી વસ્તુઓ લાવવા, નાની પુત્રવધૂએ સસરો, જેઠ, પતિ અને બે દિયરને — પ્રત્યેકને એકેક રત્ન આપ્યું. તેઓ દરેક સ્વાશ્રયે નીકળ્યા અને વસ્તુઓ લઈ ફેર પાછા

આવવાને બદલે, એકલપેટાં રત્ન લઈ ભાગી ગયાં. નાની પુત્રવધૂ, પોતાની દેરાણી અને જેઠાણીની સાથે, સિદ્ધગુટિકાના પ્રભાવથી પુરુષવેશ ધારણ કરી, એક નીશાળમાં રહેવા લાગ્યાં. પુત્રવધૂએ એક દિવસ સસરો, સાસુ, જેઠ અને બે દિયરને રાંઢારેહાલ દશામાં જોયાં, અને તેણે તે સર્વને પોતાને ત્યાં કામે રાખ્યાં. ફરીથી એક દિવસ શિયાળ બોલ્યું અને તેની ભાષા જાણી, નાની વહુએ જાણ્યું કે, હવે પ્રધાનના કુટુંબના સારા દિવસો નજીક આવ્યા છે. તેણે, તેની દેરાણી અને જેઠાણીએ મૂળ સ્વરૂપ ધારણ કર્યું. કુટુંબનાં સર્વ માણસો તેઓને ઓળખી હર્ષ પામ્યાં. બીજે દિવસે વિક્રમ, તેઓને લેવા આવ્યો ત્યારે, પ્રધાન કુટુંબ સાથે ઉજ્જયિની જવા આનાકાની કરવા લાગ્યો. તે સમયે નગરના બજારમાં એક ઢોલ વાગતું સંભળાયું. અહીંથી વાર્તાનો ઉત્તરાર્ધ શરૂ થાય છે; તેમાં 'વિક્રમ અને ઇન્દ્રજાલિક'ની ઉપકથા આવે છે.

વાગતા ઢોલનું કારણ જાણવા પ્રયત્ન કરતાં વિક્રમે જાણ્યું કે, એક ઇન્દ્રજાલિકે પોતાની વિદ્યાના પ્રભાવથી એક ઉદ્યાન બનાવી, તેમાં વિવિધ ફળફૂલના છોડ અને વૃક્ષ સાથે ગુંજારવ કરતા ભમરા અને પંચમ સૂરથી ગાતી કોકિલા, અને વૃક્ષોને જલસિંચન માટે પાતાલગંગાનું ઝરણું દર્શાવ્યું હતું. આ માયાવી ઉદ્યાન કાયમ રાખવા, મંત્રીની સલાહથી રાજાએ ઇન્દ્રજાલિકનો વધ કરાવ્યો; આથી આખું ઉદ્યાન નાશ પામ્યું. આ ઉદ્યાન હતું તેવું કરી આપનારને રાજા અડધું રાજ્ય આપશે અને પોતાની પુત્રી પરણાવશે, એવો ઢંઢેરો પિટાવતું ઢોલ વાગવા લાગ્યું. વિક્રમે, સિદ્ધગુટિકાની શક્તિથી સ્વરૂપપરિવર્તન કરી, રાજા પાસે જઈ, ઉદ્યાન હતું તેવું કરી આપ્યું. પ્રતિષ્ઠાનપુરના રાજાએ કુરૂપ વિક્રમને રાજકન્યાને બદલે દાસી પરણાવવા માંડી, પણ તેને ઓળખી કાઢી. વિક્રમે તેને પરણવા ના પાડી. છેવટે, વિક્રમે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરતાં, તેને ઓળખી રાજાએ પોતાની કુંવરી તેને પરણાવી. વિક્રમે દાયજો અને અર્ધું રાજ્ય લેવાની ના પાડી, પણ માયાવી ઉદ્યાન સાથે લઈ જવાની માગણી કરી;

પ્રતિષ્ઠાનપુરના રાજાએ દાણી ખુશીથી તે વાત કબૂલ રાખી; વિક્રમ, પોતાના પ્રધાન (તેના કુટુંબ સહ), માયાવી ઉદ્યાન અને રાજકન્યા સાથે ઉજ્જયિની આવ્યો અને પ્રધાનને વાજતેગાજતે ફરી તેના હોદ્દા પર સ્થાપિત કર્યો.

આ વાર્તાનું એક પ્રતિરૂપ, સ્વ. શ્રી. ઝવેરચંદ મેઘાણી-સંપાદિત 'કંકાવટી'માં મળે છે.[૧૨૭] 'કંકાવટી' એ ગુજરાતની વ્રતકથાઓનો સંગ્રહ છે. ઈ.સ.ની પહેલી સદી કરતાં ય પણ પ્રાચીન ગણી શકાય એવી 'વૈરોટ્યા' અથવા 'વૈરોટી' મહાવિદ્યા (મહાદેવી)[૧૨૮] કે જે 'નાગપંચમી'ની વ્રતકથાના મૂળ સ્વરૂપનો ઇશારો કરે છે, તે જોતાં, પુત્રવધૂની વાર્તા કે જે 'રાણી રળકાદે'ના રૂપે 'કંકાવટી'માં મળે છે તે પણ પ્રાચીન હોવી જોઈએ. 'રાણી રળકાદે'ની વાર્તા આ પ્રમાણે છે:[૧૨૯]

સાત ભાઈ અને સાત ભાઈની વહુ હતી. તેમાં સૌથી નાના ભાઈની વહુ રળકાદે પાસે છ જેઠાણીઓ આખા ય ઘરનું કામ કરાવે. થાકીપાકી નાની વહુ જમવા બેસે ત્યારે દરરોજ જેઠાણી તેની થાળીમાં દેડકું મૂકે, અને દરરોજ તે જમ્યા વિના ઊઠી જાય. રળકાદેના પતિએ પત્નીનું દૂબળું શરીર જોઈ, તેના દુઃખનું કારણ પૂછ્યું. રળકાદેએ કહ્યું, ઝીણી પછેડી ઓઢી તમે રાંધણિયા પાસે સૂઈ રહો એટલે તમને ખબર પડશે. પતિએ તો જેઠાણીનું દુષ્કૃત્ય નજરોનજર જોયું. આ દુઃખમાંથી પોતાને અને પોતાની પત્નીને બહાર કાઢવા પતિ દેશાવર જવા તૈયાર થયો. જતાં જતાં તેણે રળકાદેને પૂછ્યું, તારે કાંઈ જોવું છે? છાણના ગોળીટા કરતી રળકાદેએ કહ્યું, કાંઈ જોવું તો કાંઈ કારવવું! બસ એક આટલીક એંધાણી લેતા જાઓ. એમ કહી બાઈએ આંગળીએથી ફરડો કાઢી, ધણીના માથાની ચોટલીમાં પરોવી દીધો. ધણીએ કહ્યું, છાણના ગોળીટા તારે તો

૧૨૭. મેઘાણી, ઝવેરચંદ, 'કંકાવટી', ભાગ ૨જો, પૃ. ૨૮-૩૫

Shah, (Dr.) U. P., 'Iconography of the sixteen Jaina Mahāvidyās'; an article published in the Journal of The Indian Society of Oriental Art, Vol. XV, pp. 114-177; 1947

પાદર નાખવા જવા છે ને? લાવને ત્યારે તો હું જ તારો એટલો ભાર નો હળવો કરતો જાઉં! ચાલતાં ચાલતાં પાદર બહાર જઈ, છાણના ગોળીરાનો કોથળો ઠાલવતાં, ગોળીરાને બદલે સોનાનાં ઢીમ દીઠાં. ધણીએ કહ્યું, આ તો મારી રળકાદેનો પુણ્યપ્રતાપ! એને જ નામે આનાં ધરમ કરીશ. મારે એ કેમ ખપે? એમ નિશ્ચય કરી, પ્રાપ્ત કરેલી સમૃદ્ધિમાંથી, રળકાદેના નામે, પાણીની પરબ, ભોજનનાં સદાવ્રત અને પગરખાંની પરબો બંધાવી.

આ બાજુ, રળકાદેના જેઠ ગરીબ થઈ ગયા અને કામની શોધ માટે આખા કુટુંબ સાથે બહારગામ ચાલ્યા. રસ્તામાં, રળકાદેના નામની પરબો અને સદાવ્રત જોઈ, જેઠાણીઓ કહેવા લાગી કે, પૂર્વે કોઈ પુણ્યશાળી રળકાદે થઈ ગઈ હશે; આ આપણી રળકાદે તો કુળમાં કલંકી છે. ચાલતાં ચાલતાં એવે નાના ભાઈનો મુકામ હતો ત્યાં આવ્યાં. નાના ભાઈએ સૌને ઓળખ્યાં પણ મોટા ભાઈઓ અને વહુઓ નાના ભાઈને ઓળખી શક્યાં નહિ. નાના ભાઈએ સૌને રહેવા માટે ઓરડ કાઢી આપ્યા અને કહ્યું કે, દાણાપાણી લઈ જજો. રોજ રળકાદે તેને ત્યાં દાણા લેવા જાય. એક દિવસ ઉઘાડા શરીરે નહાવા બેઠેલા પતિની ચોટલીમાં વેઢ ઝબૂકતો જોયો અને અન્ય એંધાણ પણ કળ્યાં; રળકાદે રડવા લાગી. પતિએ તેને શાંત પાડી, પોતાની સાચી ઓળખાણ આપી. જેઠ જેઠાણીઓએ જાણ્યું કે, વહુ વંઠી ગઈ. એક દિવસ નાના ભાઈએ ભાઈઓ અને ભાભીઓને જમવા તેડ્યાં, અને સૌની થાળીમાં સોનાનો ઘડાવેલો એકેક દડકો મૂક્યો; બીજું કંઈ પીરસ્યું નહિ. સહુ એકબીજાં સામે જોઈ રહ્યાં. નાના ભાઈએ કહ્યું, કાં કેમ નથી ખાતાં? આ તો સોનાનો દડકો છે, ચાવીને ય ખાઈ શકશો. પણ એવું જૂનું દડકું જે દી પીરસતા તે દી વિચાર આવ્યો'તો કે આ કેમ ખવાશે? સહુએ નાના ભાઈને ઓળખ્યો; મૂંડ નીચી કરી.

'પાંચ દડાની પ્રધાનની પુત્રવધૂ' અને 'કંકાવટી'માંની આ 'રાણી રળકાદેની વાર્તા', બન્ને આર્ય સન્નારીની પતિપરાયણતા અને કુટુંબ

સર્વ સાધ્યોની નિષ્ઠાપૂર્વક સેવાનું સચોટ નિરૂપણ કરે છે. વ્રતકથાઓ, લોકવાર્તાઓ આદિમાનવ-સંસ્કૃતિની કેટલીક માન્યતાઓ પ્રતીકરૂપે રજૂ કરે છે; તે દૃષ્ટિએ 'નાગપંચમી'ની 'વૈરોટયા'ની જેમ રળકાદે પણ કોઈ મહાદેવી અથવા શક્તિ-સ્વરૂપની કલ્પના હોય, એમ સંભાવના કરી શકાય; અને એ રીતે આ વાર્તા (જોકે તેના પ્રાચીન સાહિત્યિક ઉલ્લેખ મળ્યા નથી)ની લોકહૃદયમાં સ્થાન પામેલી પરંપરા જોતાં, તે સારા પ્રમાણમાં પ્રાચીન હશે.

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૨)માં આ વાર્તા અતિ સાદા રૂપે નિરૂપાયેલી મળે છે; પણ 'પંચદંડ'ની સૌથી જૂની કૃતિમાં આ વાર્તા મળે છે તે નોંધપાત્ર છે. આ કૃતિમાં, પ્રધાનને સાત પુત્રો હોવાનો ઉલ્લેખ છે, અને સૌથી નાના ભાઈની વહુ એ જ પ્રધાનના કુટુંબની તારણહાર પુત્રવધૂ. રાણી રળકાદેની વાર્તામાં જેમ સાત ભાઈઓ અને સાત ભાઈની વહુઓ, આ કૃતિ નિર્દેશ કરે છે. પૂર્ણચંદ્રસૂરિએ આ વાર્તા પૂર્ણ વિકસિત સ્વરૂપમાં આપી છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૧), પૂર્ણચંદ્રસૂરિ, અને શુભશીલગણિએ ઇન્દ્રજાલિકની ઉપકથામાં એક ઇન્દ્રજાલિકનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે દેવમૂર્તિ ઉપાધ્યાય इन्द्रजालकगणा — ઘણા ઇન્દ્રજાલિકો હોવાનું દર્શાવે છે. આ ઇન્દ્રજાલિકો ગૌડ દેશના હતા તે જોતાં, તેમ જ બીજા પુરાવાના આધારે 'પંચદંડ'ની વાર્તાઓની પરંપરા મૂળ ભારતના ઇશાન ખૂણાના પ્રદેશમાંથી બાજુએ વિકસી હશે, એવી સંભાવના કરી શકાય. શુભશીલગણિ આ વાર્તાનું શીર્ષક 'मतिसारस्य देशान्निर्वासनम्' આપે છે; મંત્રીનું નામ મતિસાર આપ્યું છે અને તેના ત્રણ પુત્રોનાં નામ સોમ, ચન્દ્ર અને ધન છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૫)ની આ વાર્તાના વસ્તુમાં કોઈ તફાવત નથી. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૬)માં, વાર્તાના ઉત્તરાર્ધમાં, ઇન્દ્રજાલિકને પ્રતિષ્ઠાનપુરનો રાજા મારી નખાવે છે; પણ ઉદ્યાન નાશ પામતું નથી, એ નોંધપાત્ર ઘટના છે. ઉદ્યાનમાંના આંબાની કેરી કોઈથી લઈ શકાતી નથી, તેથી રાજા ઢંઢેરો પિટાવે છે કે, જે કોઈ આંબા પરની કેરી તોડી આપશે તેને તે અર્ધું રાજ્ય અને પોતાની રાજકુંવરી આપશે. આ સિવાયનું આ વાર્તાનું

~~વસ્તુ અન્ય કૃતિઓને મળતું છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૧૭)માં આ~~

વાર્તા મળે છે. કોઈ પણ ગુજરાતી કે રાજસ્થાની કૃતિમાં આ વાર્તા મળતી નથી, પણ આમાં મળે છે તે આ અજ્ઞાત ગુજરાતી ગદ્યકારની મહત્તા સૂચવે છે.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં. ૧૭) પ્રધાનનું નામ વીરસેન અને તેના બે પુત્રોનું નામ વિવિધછત્ર અને સિદ્ધસેન આપ્યું છે. સિદ્ધસેનની પત્ની-(નાની પુત્રવધૂ)નું નામ ચિત્રલેખા છે. ચિત્રલેખા પુરુષનો વેશ ધારણ કરી, સુબુદ્ધય નામ રાખે છે. આવી કેટલીક વિગતો સિવાય આ કૃતિની વાર્તા અન્ય કૃતિઓના કથાતંતુને મળતી છે. આ વાર્તાને પુષ્ટ કરવા, આ ગદ્યકારે, 'મંગલકલશ અને રત્નાવલી', 'રાજાના બે સેવક', 'શ્રીરાજ અને હંસાવલી' અને 'ધૂર્તનગરની' પેટાવાર્તાઓ આપી છે.

<u>'મંગલકલશ અને રત્નાવલી':</u> કોરાપુરપાટણ નામે નગરમાં રાજ્ય કરતા સુરસેન નામના રાજાને રત્નાવલી નામની પુત્રી હતી; પુત્રી એકની એક હતી. કન્યા પરણાવવા લાયક થતાં, રાજાએ તેને પોતાના પ્રધાનના પુત્ર સાથે પરણાવવાનું નક્કી કર્યું. પ્રધાને હા પાડી, પણ પોતાનો પુત્ર કુષ્ઠ હતો તે વાત છુપાવી. પ્રધાને દેવીને પ્રાર્થના કરી કે, મારા પુત્રનો કુષ્ઠ રોગ મટાડો. દેવીએ તેને સ્વપ્નામાં કહ્યું કે, તેનો તે રોગ મટશે નહિ, પણ ઉજ્જયિની-ના વણિકપુત્ર મંગલકલશ સાથે રત્નાવલી પરણાવો. પ્રધાને ઉજ્જયિનીથી મંગલકલશને પકડી મંગાવ્યો અને રત્નાવલીને તેની સાથે પરણાવી, તેને ઉજ્જયિની પાછો વિદાય કર્યો. પહેલી રાત્રે, રત્નાવલીએ પતિને કુષ્ઠી જોઈ, રાત્રે જ પિતાને ઘેર પાછી આવી. સવારમાં છાતી કૂટતો પ્રધાન રાજા પાસે ગયો અને કહ્યું કે, તમારી પુત્રી વિષકન્યા છે; રત્નાવલીના સંયોગ-થી મારો પુત્ર કુષ્ઠી થયો. આ સાંભળી, તિરસ્કાર ઉત્પન્ન થવાના કારણે, રાજાએ રત્નાવલીનું મોઢું જોવા ના પાડી. રત્નાવલીએ પોતાની માતા દ્વારા, બીજા પ્રધાનને કહી, રાજા સમક્ષ પ્રસ્તાવ મૂકતાં જણાવ્યું કે, હું ઉજ્જયિની જઈ, મારા સાચા પતિને શોધી લાવવા ઇચ્છું છું, તો મને મદદ કરો. (આ પ્રસ્તાવને અનુલક્ષી, મંત્રીએ રાજાના બે સેવકની ઉપકથા કહી, તેનો સંક્ષેપ આ વાર્તા પછી આપ્યો છે.) રાજાની પરવાનગીથી પુરુષવેશ
~~ધારણ કરી, રત્નાવલી ઉજ્જયિની ગઈ. ત્યાં [illegible]~~

આખરિ મંગલકલશને મેળવી શકી. ક્રૂર પ્રધાનને રાજાએ જુઠાણા માટે દેશપાર કર્યો.

'રાજાના બે સેવક': એક રાજાના બે સેવક, તે ભૂખે મરે. એક સેવક બીજા સેવકને કહે કે, "આપણે રાજાને અરજ કરીએ." ત્યારે બીજો કહે, "પ્રસ્તાવ વિના કહેજે નહીં." એક દિવસ રાજા શિકારે ગયો ત્યાં ઘોડો ઠોકર ખાતાં, રાજા નીચે પડ્યો અને તેના દાંત ભાગ્યા; ત્યારે એક સેવક હાથ જોડી ઊભો રહ્યો અને કહ્યું, "રાજાજી ગાનને વિદાય કરો." ત્યારે રાજા બોલ્યો, "રે સેવક! આ કુણ સમો છે?" ત્યારે સેવક બોલ્યો, "હે રાજાજી! અમે ભૂખે મરતાં તમારા દાંત દેખી રહેતા હતા, તે દાંત પડ્યા. હવે અમારી વિદા દીજે." આ પ્રસ્તાવ સાંભળી રાજા ખુશ થયો. તેણે સેવકોને એક લાખ ટકા અપાવ્યા અને પોતાના સેવકો તરીકે રાખ્યા.

'મંગલકલશ અને રત્નાવલી'ની વાર્તામાં, રત્નાવલી, ઉજ્જયિનીના રાજાને, હંસાવલીએ પોતાના પતિ શ્રીરાજને કેવી રીતે શોધી આપ્યો, તે વાર્તા કહે છે.

'શ્રીરાજ અને હંસાવલી':

ધર્મસ્થલી નામના નગરમાં, ધર્મસેન નામના રાજાને હરિવંશ નામનો શાહ મંત્રી હતો. મંત્રીને શ્રીરાજ નામનો પુત્ર હતો. તે જ નગરના બીજા એક શાહને હંસાવલી નામે પુત્રી હતી. હંસાવલી અને શ્રીરાજ સાથે ભણતાં હતાં, ત્યાં એક દિવસ કજિયો થવાથી, શ્રીરાજે પ્રતિજ્ઞા કરી કે, હું તને સમુદ્રના બેટમાં મૂકું તો જ મહાજનનો પુત્ર; હંસાવલીએ શ્રીરાજને કહ્યું, તને પાશ બાંધી, હું તાણાં મારું તો મહાજનની પુત્રી. બન્ને મોટાં થયાં અને પરણ્યાં. શ્રીરાજ વહાણ ભરીને પરદેશ કમાવા ચાલ્યો; વહાણ એક બેટ પાસે આવ્યું; રાતવાસો રહેવા, સર્વે વહાણમાંથી ઊતર્યા. સવારમાં, હંસાવલીને ઊંઘતી મૂકી, શ્રીરાજે વહાણ હંકારી મૂક્યું. હંસાવલી જાગી અને શોકાતુર થઈ. એટલામાં એક ગાંધર્વે તેને એક બીજા વહાણમાં બેસવા મદદ કરી, અને તેણે તેને સિદ્ધગુટિકા અને સિદ્ધાંજન આપ્યાં; ~~ગુટિકા મુખમાં રાખે તો પુરુષરૂપ~~ થાય અને અંજન આંજે તો ~~અદૃશ્ય~~

થઈ શકાય. હંસાવલી શોભાપુરપટ્ટન ગઈ અને ત્યાં પુરુષવેશ ધારણ કરી, એક જકાતીની પુત્રી પરણ્યો. જકાતીએ જકાત વસૂલ કરવાનું તેને સોંપ્યું. સમય જતાં, આ જકાતીએ એક ચોરને પકડવાનું પરાક્રમ કરવાથી, ત્યાંના રાજાએ પણ પોતાની કુંવરી તેને પરણાવી. એક દિવસ શ્રીરાજનાં વહાણ ત્યાં આવી પહોંચ્યાં. જકાતનાકે વહાણની વસ્તુઓ નોંધાવવામાં ચશમપોશી કરવાથી, શ્રીરાજને દોરડે બાંધી, જકાતીએ તેને [illegible] માર્યો. [illegible] સ્ત્રીવેશ ધારણ કરી હંસાવલી શ્રીરાજને મળી અને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી એમ તેને કહ્યું.

ઉપર્યુક્ત વાર્તાની ઉપવાર્તા તરીકે, હંસાવલી શોભાપુરપાટણના રાજાને નીચે પ્રમાણે વાર્તા કહે છે:

'ધૂર્તનગર' : ભોગાવતી નગરીમાં, સુંદર શેઠ અને ગુણસાગર શેઠ નામના બે મહાજન રહે. સુંદર શેઠની એક પુત્રી અને ગુણસાગરનો પુત્ર, બે નિશાળે ભણતાં, તેઓ વચ્ચે કજિયો થયો; મહાજનના પુત્રે કહ્યું, 'હું તને પરણી મારી પાણી ભરાવું તો સાહનો પુત્ર;' ત્યારે પુત્રીએ કહ્યું કે, 'હું તને માથે પલંગ ધરી વહાવું તો સાહની પુત્રી.' બન્ને મોટાં થતાં પરણ્યાં. ગુણસાગરનો પુત્ર વહાણ ભરી પરદેશ કમાવા ચાલ્યો; જતાં જતાં તેણે તેની પત્નીને ઘરના ભોંયરામાં પૂરી, એક દાસીને તેને એક [illegible] આપવા કહ્યું. મહાજનનો પુત્ર કુટિલપુર પાટણ નામના ધૂર્ત લોકોના નગરમાં આવી પહોંચ્યો. તે નગરની એક વેશ્યાએ તેને એક ગાથાનો અર્થ પૂછતાં, તેને તેનો અર્થ ન આવડ્યો. આથી મહાજનનાં વહાણ લૂંટાવી બધાં નગરજનોને વહેંચી દીધાં અને તેને, માથું મુંડાવી, વેશ્યાએ ચાકર કરી રાખ્યો. ગુણસાગરને આ સમાચાર મળતાં દુઃખી થયો; સુંદર શેઠની પુત્રી પણ દુઃખી થઈ. પતિને છોડાવવા તે પુરુષવેશ ધારણ કરી, વહાણો લઈ ચાલી; તે [illegible] જોવા કુટિલપુર પાટણ આવી. ત્યાં ઘણા ધૂર્તોએ તેને છેતરવાનો પ્રયત્ન કર્યો, પણ સર્વ નિષ્ફળ ગયા. જે વેશ્યાએ ગુણસાગરના પુત્રને ગુલામ કરી રાખ્યો હતો તેની ગાથાનો અર્થ

મહાજનની પુરુષવેશધારી પુત્રીએ કહ્યું, આથી વેશ્યાનું સઘળું દ્રવ્ય તેણે પ્રાપ્ત કર્યું અને પતિને છોડાવ્યો. પતિને માથે પલંગ મુકાવી, તેને પોતાને ઉતારે લઈ ગઈ. પતિને સઘળાં વહાણ અને ધન સોંપી તે સાસરાને ત્યાં આવતી રહી. મહાજનનો પુત્ર વહાણ લઈ પુષ્કળ ધન કમાઈ આવ્યો, ફરી પતિ-પત્ની મળ્યાં. બન્નેએ પોતપોતાની પ્રતિજ્ઞા કેવી રીતે પાળી તે એકબીજાને કહી ત્યારે મહાજનનો પુત્ર ખિસિયાણો પડી ગયો.

ઉપર્યુક્ત ચાર ઉપકથાઓ પૈકી, 'રાજાના બે સેવક' સિવાયની અન્ય ત્રણ પતિપરાયણ, નિષ્ઠાવાન અને છતાંય તેજસ્વી સ્ત્રીઓનાં દૃષ્ટાન્ત પૂરાં પાડે છે. એક વાર્તામાં આવી મોટી મોટી આડકથાઓ આવવાથી, મૂળ વાર્તા તો ભુલાઈ જાય અને આડકથાઓ જ મુખ્ય વાર્તાઓ બની જાય. અજ્ઞાત ગુજરાતી ગદ્યકારમાં આવું જ કંઈક બન્યું છે.

૨. પ્રતાપદંડ (કામિકદંડ)

આ વાર્તા 'પંચદંડ'ના વાર્તાચક્રમાં સૌથી પ્રથમ પૂર્ણિમાગચ્છીય રામચંદ્ર-સૂરિના સંસ્કૃત પ્રબંધમાં મળે છે, પણ તેનું મૂળ 'કથાસરિત્સાગર'માં મળે છે. સ્ત્રીઓ ગમે તેટલી સુશીલ અને સતી હોય તોપણ તેઓ તરલ, રસિકરંગી, ચંચળ સ્વભાવને વશ થાય છે, એ હેતુ, આ વાર્તાના પ્રત્યેક રૂપાંતરમાં દૃષ્ટિગોચર થાય છે. 'પંચદંડ' વિષયક કૃતિઓમાં, આ વાર્તાચક્રની પ્રાચીન પરંપરા અનુસાર, કૃતિ નં. ૧ થી ૬ સુધીની કૃતિઓમાં આ વાત મળતી નથી, પણ તેના સ્થાને 'પ્રધાનની પુત્રવધૂ' એ વાર્તા મળે છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૧૪)માં 'પ્રધાનની પુત્રવધૂ' મુખ્ય વાર્તા તરીકે આવે છે, જ્યારે તેમાં સ્ત્રીચરિત્ર-વિષયક વાર્તા, વિષાપહારદંડની છેલ્લી વાર્તાની ઉપકથા તરીકે આવે છે. પ્રતાપદંડ (કામિકદંડ)ની વાર્તાનો સંક્ષેપ આ પ્રમાણે છે:

અવંતી નગરીમાં ધનશેઠ નામના વૃદ્ધ વણિકને રત્નમંજરી નામની યુવાન સુંદર સ્ત્રી હતી. રત્નમંજરી કુંવારી હતી ત્યારે તે તેનાં માબાપને પરણવાની ના પાડતી હતી. પણ ધનશેઠ જેવા વૃદ્ધ પતિની સેવા કરવાનો લ્હાવો મળશે, એમ ધારી તે ધનશેઠને પરણી. કાપડીનો વેશ ધારણ કરી, વિક્રમ નગરચર્યા

જોવા નીકળ્યો. તે ધનશેઠના ઘેર આવ્યો અને ઘરના બહારના ઓટલે સૂઈ રહેવાની પરવાનગી માગતાં, રત્નમંજરીએ તેને સૂઈ રહેવા દીધો. રાત્રે તે ઘરમાં એક જુવાન ચોર પેઠો; તેનું રૂપ અને આકર્ષક બાંધો જોઈ, રત્નમંજરીના હૃદયમાં કામવાસના જાગી અને ચોરને વાસના તૃપ્ત કરવા વિનંતી કરી. ચોરે કહ્યું કે, જ્યાં સુધી તારો પતિ જીવતો છે ત્યાં સુધી તું પરસ્ત્રી કહેવાય અને પરસ્ત્રીને હું સ્પર્શ કરી શકું નહિ. આથી, કામવાસનાથી ઉશ્કેરાયેલી રત્નમંજરીએ વૃદ્ધ પતિના ગળે ટૂંપો દઈ મારી નાખ્યો. રત્નમંજરી સાથે ભોગવી ચોર જેવો બહાર નીકળ્યો કે વિક્રમે તલવારના એક જ ઝટકાથી તેને મારી નાખ્યો. પછી વિક્રમ સંતાઈ ગયો. અવાજ સાંભળી રત્નમંજરીએ બહાર આવી જોયું કે, પોતાના પ્રીતમને કોઈએ મારી નાખ્યો છે, પતિ પણ મરણ પામ્યો; હવે મારે જીવીને શું કરવું છે, એમ કહી, રત્નમંજરીએ બૂમો પાડી કે, દોડો, દોડો, મારા પતિને કોઈએ મારી નાખ્યા. લોકોએ જોયું કે, ચોરે ધનશેઠને માર્યા, અને ચોરને બીજા કોઈએ માર્યો. રત્નમંજરી પતિ પાછળ સતી થવા તૈયાર થઈ, ત્યારે વિક્રમે એક બાજુ પર બોલાવી તેને રાત્રિનો વૃત્તાંત કહી સંભળાવ્યો. રત્નમંજરીએ કહ્યું કે, હે રાજા! સર્વ સ્ત્રીઓ આવી જ હોય છે. જો તારે સ્ત્રીચરિત્ર વિષે વધુ જાણવું હોય તો કોચી કંદોયણને મળજે. આમ કહી તે સતી થઈ.

રાજા કોચી કંદોયણને ત્યાં ગયો. કોચીએ તેને ઓળખી, આવકાર આપ્યો. કોચીએ કહ્યું, હે રાજા! તમારે સ્ત્રીચરિત્ર જોવું હોય તો તમે જે કંઈ જુઓ તે જે આંખે જોયા કરવું પણ મોઢેથી બોલવું નહિ, ગુસ્સો કરવો નહિ. કોચીએ વિક્રમને મંજૂસમાં ઘાલ્યો; એટલામાં ત્યાં વિક્રમનો પ્રધાન બુદ્ધિસાગર આવ્યો અને તેણે વિક્રમની રાણી શૃંગારસુંદરી સાથે ક્રીડા કરવાની ઇચ્છા બતાવી. કોચીએ તેને કામિકદંડ (કામદંડ-પ્રતાપદંડ) આપ્યો અને વિક્રમે તેના વડે મંજૂસ પર ત્રણ ટકોરા માર્યા એટલે મંજૂસ ઊડી શૃંગારસુંદરીના મહેલે ગઈ. ત્યાં બુદ્ધિસાગરે રાણી સાથે ક્રીડા કરી તે વિક્રમે જોઈ. કાર્ય પૂર્ણ થતાં બુદ્ધિસાગર મંજૂસ સાથે ઊડી કોચીને ત્યાં પાછો આવ્યો; કોચીને દંડ સોંપી જતો રહ્યો. મંજૂસમાંથી વિક્રમને કાઢ્યો ત્યારે તેનું મોં ગુસ્સાથી લાલચોળ થઈ ગયેલું જણાયું. કોચીએ વિક્રમને કહ્યું, બધી સ્ત્રીઓ આવી જ હોય.

આ વાર્તાનાં રૂપાન્તર 'કથાસરિત્સાગર', 'પંચતંત્ર', 'વસુદેવહિંડી', 'તૂતીનામેહ' આદિમાં મળે છે. 'કથાસરિત્સાગર' પૈકીનાં તેનાં રૂપાન્તર પૈકી કેટલાંક નીચે પ્રમાણે છે:[૧૪૬]

૧- દેવદાસની વાર્તા

પાટલિપુત્રમાં દેવદાસ નામનો એક વેપારીનો પુત્ર, પુંડ્રવર્ધન નગરના એક ધનિક વેપારીની પુત્રીને પરણ્યો હતો. દેવદાસ દ્યૂતમાં સર્વ મિલ્કત હારી જવાથી, તે ધનિક શ્વસુરને ત્યાં જવા નીકળ્યો. પુંડ્રવર્ધન નગરમાં પહોંચ્યા પછી, ફાટેલાં કપડાંએ સસરાને ત્યાં જવું યોગ્ય ન લાગવાથી, દેવદાસ બજારમાં એક દુકાનના ઓટલાની એક બાજુ પર સૂઈ રહ્યો. તે ઊંઘ્યો ન ઊંઘ્યો તેવામાં એક જુવાન વેપારીએ આવી દુકાનનું બારણું ખોલી દુકાનમાં પેઠો. ત્યાર પછી થોડી જ વારે એક યુવતીએ ધીમાં પગલાંથી તે દુકાનમાં પ્રવેશ કર્યો. બારણાની તરડમાંથી, દીવાના પ્રકાશમાં અંદર જોતાં, દેવદાસે પોતાની જ પત્નીને પરપુરુષ સાથે પ્રેમ કરતી જોઈ. વાત વાતમાં, દેવદાસની પત્નીએ તેના પ્રીતમને કહ્યું, મારા પતિના ઘરના ચોકમાં ચાર સોનાના ચરૂ દાટેલા છે, તે તમે ઘરની ખરીદી કરી લઈ, ચરૂ કાઢી લ્યો. દેવદાસે આ વાત સાંભળી, પોતાને ઘેર જઈ, પેલા ચરૂ કાઢી લીધા. તેની પત્નીના પ્રીતમે આવી, ઘણી મોટી કિંમતે દેવદાસ પાસેથી ઘર વેચાતું લીધું. ઘરમાંથી કંઈ નહિ નીકળવાથી, તેણે દેવદાસને ઘર પાછું લઈ તેની કિંમત પાછી આપવા કહ્યું. દેવદાસે એમ કરવા ના પાડતાં, બન્ને ફરિયાદ લઈ રાજા પાસે ગયા. દેવદાસે રાજા સમક્ષ તેની પત્નીના કુચરિત્રની વાત કહી. રાજાએ જુવાન વેપારીની તમામ મિલ્કત જપ્ત કરી, જ્યારે દેવદાસે તેની દુષ્ટ સ્ત્રીનું નાક કાપી કાઢી મૂકી અને બીજી સ્ત્રી પરણ્યો.

ઉપર્યુક્ત વાર્તામાં પાત્રો પૈકી, દેવદાસની પત્ની, 'પંચદંડ'ની વાર્તા 'પ્રતાપદંડ' ('કામિદંડ')માંના સોપાન્ત રત્નમંજરી સાથે સામ્ય ધરાવે છે.

૧૪૬. Tawney and Penzer, Op. cit, Vol-II, Story No 23, 'Story of Devadasa, pp- 86-88

દુકાનની તરફ માંથી દેવદાસે પોતાની પત્નીને પરપુરુષ સાથે ક્રીડા કરતી જોઈ, એ પ્રસંગ, વિક્રમે ચોર અને રત્નમંજરીને ભોગ ભોગવતાં જોયાં તેની સાથે મળતો છે. એકંદરે, બન્ને વાર્તાઓના હેતુ એક ~~સૈ~~ સરખા છે.

'કથાસરિત્સાગર' માંની આને મળતી એક બીજી વાર્તા નીચે પ્રમાણે છે:[૨૪૭]

૨. દેવદત્તની વાર્તા

પ્રાચીન સમયમાં, જયદત્ત નામના રાજાને દેવદત્ત નામનો પુત્ર હતો. રાજાની સમૃદ્ધિ અને રાજ્ય તો ક્યારે નાશ પામે એ કહી શકાય નહિ, એમ વિચારી જયદત્તે પાટલિપુત્રના વસુદત્ત નામના એક સમૃદ્ધ વેપારીની પુત્રી સાથે દેવદત્તને પરણાવ્યો, કે જેથી કરીને વસુદત્ત કોઈ આપત્તિના સમયે જમાઈને આર્થિક મદદ કરે. લગ્ન વખતે, વસુદત્તે જમાઈને, રાજાની સંપત્તિને પણ ઝાંખી પાડે એવો દાયજો આપ્યો. ત્યાર પછી થોડા સમયમાં, જયદત્ત મરણ પામ્યો અને તેના સંબંધીઓએ તેનું રાજ્ય છીનવી લીધું. માતાની સલાહથી, જયદત્ત સસરા પાસે આર્થિક સહાય માગવા ચાલ્યો. તે સંધ્યાકાળે પાટલિપુત્ર પહોંચ્યો અને તેવા સમયે સસરાને ત્યાં જવું યોગ્ય ન લાગવાથી, જયદત્ત એક ધર્મશાળામાં રાતવાસો રહ્યો. રાત્રે તેણે તેના સસરાના ઘરમાંથી એક સ્ત્રીને દોરડા વડે નીચે ઊતરતી જોઈ. તેણે ધારીને જોયું તો તે તેની સ્ત્રી હતી. રત્નોનાં આભૂષણોથી સજ્જ તે પોતાના યાર પાસે ગઈ. વિલંબ થવાથી, તેના પ્રીતમે તેને લાતો મારી છતાં તે તેના ચરણ પાસેથી ખસી નહિ. પ્રીતમ સાથે ક્રીડા કરી તે ઝડપથી પાછી ફરતાં જતાં, તેના કાનનું એક રત્નનું ઘરેણું પડી ગયું તે દેવદત્તે લઈ લીધું. પત્નીનું દુશ્ચારિત્ર્ય જોઈ દેવદત્ત ખિન્ન થયો. રત્નનું કાનનું ઘરેણું કાન્યકુબ્જ રાજાને ત્યાં ગીરે મૂકી, બદલામાં એક લાખ સોનામહોર લઈ, દેવદત્તે સૈન્ય એકઠું કર્યું અને દુશ્મનને હરાવી, પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. તેણે કાન્યકુબ્જના રાજાની

૨૪૭. Tawney and Penzer, Op. cit., Vol. II, story No. 25, 'Story of Devadatta', pp. 129-132

સોનામહોરો પાછી આપી, કામનું રત્નનું ઘરેણું પાછું મેળવી, પોતાના સસરાને મોકલી આપ્યું. પુત્રીનું ઘરેણું દેવદત્ત પાસે કેવી રીતે ગયું, તેની પૂછપરછ કરતાં, વસુદત્તે પોતાની પુત્રીને તે બતાવ્યું. પુત્રી ઘરેણું જોતાં જ ચમકી અને પોતાના દુશ્ચારિત્ર્યની પોતાના પતિ દેવદત્તને ખબર પડી છે, એમ જાણતાં તેને આઘાત લાગ્યો અને મરણ પામી. તેના પિતાએ પુત્રીની એક વિશ્વાસુ સખી પાસેથી જ્યારે સત્ય હકીકત જાણી ત્યારે તેણે પુત્રીના મરણનો શોક ન કર્યો. દેવદત્ત કાન્યકુબ્જના રાજાની પુત્રીને પરણ્યો અને સુખી થયો.

દેવદત્તનું ધર્મશાળામાં રાતવાસો રહેવું, રાત્રે પોતાની પત્નીને પરપુરુષ સાથે ક્રીડા કરતાં જોવી, અને અંતે પત્નીને તેના કુટિલ વર્તનની જાણ ઘરેણા દ્વારા કરાવવી, આ સર્વ પ્રસંગો 'પંચદંડ'ની સ્ત્રીચારિત્ર્ય-વિષયક વાર્તાને મળતા છે.

'કથાસરિત્સાગર'માં 'વેતાલપચીસી'ની વાર્તાઓ આવે છે, તેમાં વેતાલ, ત્રિવિક્રમને જે વાર્તાઓ કહે છે તેમાં એક પોપટ, સ્ત્રીઓની દુષ્ટતા અને ઘાતકીપણાની વાત કહે છે તે નીચે પ્રમાણે છે: ૨૪૯

૩. સમુદ્રદત્ત અને વસુદત્તાની વાર્તા

હર્ષવતી નગરીમાં ધર્મદત્ત નામના વેપારીની વસુદત્તા નામની ઘણી સુંદર પુત્રી હતી. વસુદત્તાને તામ્રલિપ્તિના એક યુવાન વેપારી સમુદ્રદત્ત સાથે પરણાવી હતી. વસુદત્તા પિયરમાં એક સુંદર પુરુષથી આકર્ષાઈ, તેની સાથે છૂપા સંબંધથી તેની પત્ની તરીકે રહેવા લાગી. એક દિવસ સમુદ્રદત્ત તેના સાસરે આવ્યો ત્યારે વસુદત્તાનાં માતાપિતાએ તેને તેના પતિ પાસે રાત્રે મોકલી. વસુદત્તાએ ઊંઘવાનો ડોળ કર્યો અને તેનો થાકેલો પતિ ઊંઘી ગયો. તે રાત્રે એક ચોર ત્યાં પેઠો. વસુદત્તા બધાંને ઊંઘતાં જોઈ, શણગાર સજેલી સ્થિતિમાં ઊઠી અને મધ્યરાત્રિએ પ્રીતમને મળવા ચાલી. જે ઘરેણાં ચોરવા ચોર આવ્યો હતો તે ઘરેણાં વસુદત્તાએ ધારણ કરેલાં હોવાથી,

૨૪૯. Tawney and Penzer, Op. cit., Vol. VI, Story No 163G (3.b) 'The Parrot's Story', pp. 186-189.

પોતાનો પ્રયત્ન નિષ્ફળ જતાં, ચોર વસુદત્તાની પાછળ છૂપાઈને આવ્યો. વસુદત્તા શહેરની બહાર એક ઉદ્યાનમાં ગઈ. ત્યાં તેણે પોતાના પ્રીતમને ઝાડની ડાળીએ ફાંસીએ લટકાવેલો જોયો. તેણે ઘણું રુદન કર્યું અને છેવટે પ્રીતમના મૃતદેહને ઝાડ પરથી ઉતારી, તેને આલિંગન કર્યું અને, ~~છેવટે પ્રીતમના મૃતદેહને~~ જ્યાં ચુંબન કરવા ગઈ તેવામાં મૃતદેહમાં પ્રવેશેલા વેતાલે તેનું નાક કરડી ખાધું. વેતાલે મૃતદેહનો ત્યાગ કરતાં, મૃતદેહ હતો તેવો થઈ ગયો. રડતી વસુદત્તા ઘેર ગઈ અને પતિના ઓરડામાં જઈ બૂમ પાડી કે, ધાજો, ધાજો, હું નિર્દોષ છતાં મારા પતિએ મારું નાક કાપી નાખ્યું છે. તેની બૂમો સાંભળી, તેના પતિ, પિતા અને અન્ય પડોશી જાગી ઊઠ્યા; વસુદત્તાના પિતાએ સમુદ્રદત્તને બાંધ્યો અને રાજા પાસે લઈ ગયા. રાજાએ સમુદ્રદત્તને ગુનહેગાર ઠરાવી, તેનો વધ કરવા હુકમ કર્યો. તેવામાં, આ સર્વ સત્ય ઘટનાના દ્રષ્ટા ચોરે રાજાને સાચી હકીકત કહી અને પુરાવા તરીકે વસુદત્તાના પ્રીતમના શબના મુખમાં રહેલું નાક પણ બતાવ્યું. રાજાને વસુદત્તાના કુટિલ ચારિત્ર્યની જાણ થતાં, તેના કાન કપાવી દેશપાર કરી અને તેના પિતાની મિલકત જપ્ત કરી. રાજાએ ચોરને ન્યાયાધીશ બનાવ્યો.

ઉપર્યુક્ત વાર્તા અને 'પંચદંડ'ની 'પ્રતાપદંડ'ની વાર્તાનો હેતુ, મુખ્ય પાત્ર, તેમ જ કેટલાક પ્રસંગો ઠીક સામ્ય દર્શાવે છે. રત્નમંજરીની માફક વસુદત્તાનું પરપુરુષમાં આસક્ત થવું, રાત્રે ચોરનો ગૃહપ્રવેશ, વિક્રમની માફક ચોર સત્ય ઘટનાનો દ્રષ્ટા હોવો અને છેવટે પોતાનું પાત્ર પ્રગટ થતાં, રત્નમંજરીની માફક વસુદત્તાની થયેલી ફજેતી આદિ બન્ને વાર્તાના મળતાપણાના કેટલાક અંશ છે.

આ વાર્તાના તામિલ રૂપાન્તરની બેબિંગ્ટને નોંધ કરી છે.[૨૪૯] આ રૂપાન્તરમાં પ્રેયસીના ઘરનો ચોર શોધી કાઢતો નથી, પણ તેને નગરરક્ષકો શોધી કાઢે છે. ચોર ધારીને નગરરક્ષકો તેને તીરથી વીંધી નાખે છે. આ સમયે પ્રેયસી ત્યાં આવી પહોંચે છે અને પ્રીતમ ગુસ્સે થયો હોવાથી બોલતો

૨૪૯. As referred to by Prof. Penzer, N.M., in the appendix of Vol. VI, pp. 268-269 — Babington, 'Vedala Cadai' p. 45 et seq.

નથી, એમ માની ચૂંબન કરવાનો પ્રયત્ન કરે છે. વાગેલા તીરની વેદનાથી પીડાતા પ્રીતમે બચકું ભરી તેનું નાક કરડી ખાધું. દુષ્ટ સ્ત્રીએ ઘેર જઈ, છૂરીને લોહીથી ખરડી, બૂમાબૂમ કરી નાક કાપવા માટે પતિને દોષિત ઠરાવ્યો. પતિને વધસ્થાને લઈ જવામાં આવતો હતો, ત્યારે નગરરક્ષકોએ સાચી હકીકત જાહેર કરતાં, પતિને છોડી દુષ્ટ પત્નીને બાંધવામાં આવી અને અગ્નિમાં નાખી.

આ વાર્તા 'વેતાલપચીસી'ના કાલ્મુકે કરેલા મોંગોલિયન રૂપાંતર 'સિદ્ધિ કુર'માં પણ મળે છે. 'સિદ્ધિ કુર'માં 'વેતાલપચીસી'નું પ્રાચીન સ્વરૂપ ઠીક પ્રમાણમાં સચવાઈ રહ્યું છે, તે જોતાં 'સિદ્ધિ કુર'માં સચવાયેલું આ વાર્તાનું રૂપાન્તર સારા પ્રમાણમાં પ્રાચીન કહેવાય. તે વાર્તા આ પ્રમાણે છે:[૯૫૦]

ઓર્ડમિલસોંગ નામના દેશમાં બે ભાઈઓ રહેતા હતા; તેઓ બે બહેનોને પરણ્યા હતા છતાં તેઓ બન્ને વચ્ચે અણબનાવ હતો. એક દિવસ મોટાભાઈએ મોટી મિજબાની ગોઠવી તેમાં નાના ભાઈને આમંત્રણ ન આપ્યું. અતિ ખિન્ન થયેલ નાનો ભાઈ, કોઈ કિંમતી વસ્તુ ચોરી જવાના આશયથી, મોટાભાઈના ઘરમાં નાનીમોટી વસ્તુઓ સંઘરવાના ઓરડામાં સંતાઈ રહ્યો. સારી રીતે મિષ્ટાન્ન ઉડાવી, મદ્યમાં ચકચૂર થઈ સર્વ ઊંઘતા હતા ત્યારે મોટાભાઈને મૂર્છિત દશામાં તે ઓરડામાં લાવી, પત્ની તેની સાથે સૂઈ રહી. થોડી વારે તે ઊઠી અને ભોજનની વિવિધ વાનગીઓ લઈ, દૂર એક ટેકરી પરના કબ્રસ્તાનમાં ગઈ. તેની પાછળ પાછળ નાનો ભાઈ પણ ગયો. કબ્રસ્તાનમાં, મોટાભાઈની પત્નીએ પોતાના પ્રીતમને મરણ પામેલો જોયો; છતાં પોતે આણેલી ભોજનની વાનગીઓ ચોકી કઈ તેને ખવડાવવા જતાં, મૃતદેહમાં વસેલા વેતાલે તે સ્ત્રીનાં નાક અને જીભનાં ટેરવાં કાપી ખાધાં; તેનું મુખ લોહીથી ખરડાઈ ગયું. તે પાછી આવી, પતિના ઓરડામાં ગઈ. નાનો ભાઈ, તેના પહેલાં પાછો આવી ઓરડામાં સંતાઈ ગયો હતો. સ્ત્રી બૂમ પાડી ઊઠી, અરે

૯૫૦ As referred to by Penzer, N.M., Op. cit., Vol. VI, pp-269-70.
~~Ibid., p-244; Rosen, ..., Vol. I, p-96~~

ધાજો, ધાજો. પતિ જાગી ઊઠ્યો અને બૂમાબૂમનું કારણ પૂછતાં, કુટલ સ્ત્રીએ કહ્યું, તમે મારી જીભ અને નાકનાં ટેરવાં કાપી નાખ્યાં છે.

આ વાર્તાનો ઉત્તરાર્ધ, અન્ય આ પ્રકારની વાર્તાઓને મળતો છે.

ફારસી વાર્તાસંગ્રહ 'તૂતી-નામહ'માં આ વાર્તાનું એક પ્રતિરૂપ નીચે પ્રમાણે મળે છે.[૧૫૧]

બન્ને પ્રેમીઓને નગરરક્ષકો જોઈ જાય છે અને રિવાજ મુજબ પ્રીતમને ફાંસીએ લટકાવવામાં આવે છે. તેને ફાંસીએ લટકાવતાં પહેલાં પ્રેયસી છેલ્લું આલિંગન કરવા ગઈ ત્યારે પ્રીતમે તેનું નાક કરડી ખાધું. સ્ત્રીએ આ દોષ પતિ પર ઢોળ્યો. વાર્તાનો પછીનો ભાગ અન્ય રૂપાન્તરોને મળતો છે.

'પંચતંત્ર'માં આ વાર્તાના હેતુને વ્યક્ત કરતી સ્ત્રીચરિત્રની ઘણી વાર્તાઓ છે, પણ તે પૈકી નીચે દર્શાવેલી વાર્તા 'પંચદંડ'ની તેમજ અન્ય ઉપર્યુક્ત સંગ્રહોની વાર્તાઓ સાથે સારું સામ્ય ધરાવે છે:

એક સંન્યાસી ફરતો ફરતો એક નગરમાં આવ્યો અને એક વણકરને ત્યાં રાતવાસો રહ્યો. વણકરની પત્ની વ્યભિચારી હતી અને તેના દુષ્કૃત્ય બદલ તેના પતિએ ખૂબ માર મારી, તેને થાંભલા સાથે બાંધી. રાત્રે તેની એક વાળંદણ સખીએ આવી તેને છોડી, તેને તેના પ્રીતમ પાસે મોકલી અને પોતે વણકરપત્નીની જગ્યાએ થાંભલે બંધાઈ. આ સમય દરમ્યાન વણકર જાગ્યો અને તેની પત્નીને બોલાવવા લાગ્યો પણ પોતે ઓળખાઈ જશે એ બીકથી વાળંદણ બોલી નહિ. આથી, ગુસ્સે થઈ વણકરે તેનું નાક કાપી નાખ્યું. વણકરપત્ની યાર સાથે રંગ રમી પાછી આવી અને વાળંદણની સ્થિતિ જોઈ દુઃખી થઈ, અને વાળંદણને છોડી પોતે બંધાઈ ગઈ. સવારમાં તેના પતિ વણકરને તેણે કહ્યું, જો હું સતી છું, મારું નાક હતું તેવું થઈ ગયું છે.

બીજા પક્ષે, વાળંદણ ઘેર ગઈ. તેના પતિએ હજામત માટેનાં ઓજારોની

૧૫૧. Ibid, Vol. VI, p. 271; Rosen, 'Tuti-nameh', Vol. I, p. 96 As referred to by Penzer N.M., Op. cit., Vol. V, pp. 223-226.

કોથળી માગતાં, કોથળીને બદલે સ્ત્રીએ અસ્ત્રો ફેંક્યો. આથી ગુસ્સે થઈ વાળંદે તેના તરફ સામો અસ્ત્રો ફેંક્યો. વાળંદણે લોહીવાળો અસ્ત્રો ફરી, હાથમાં નાક પકડી બૂમાબૂમ કરી મૂકી કે, મારા દુષ્ટ પતિએ મારું નાક કાપી નાખ્યું છે. સિપાઈઓ વાળંદને પકડી ન્યાયાધીશ પાસે લઈ ગયા. ન્યાયાધીશે વાળંદને ઘણા પ્રશ્નો પૂછ્યા, પણ તેણે કંઈ ઉત્તર આપ્યો નહિ. આથી ન્યાયાધીશે તેને દોષિત ઠરાવી, તેનો વધ કરવા હુકમ કર્યો. વાળંદને વધસ્થાને લઈ જવામાં આવતો હતો, ત્યારે આ તરકટની સત્ય હકીકત જાણનાર સંન્યાસીએ ન્યાયાધીશ સમક્ષ સાચી હકીકત જણાવતાં, વાળંદને છોડી મૂકવામાં આવ્યો.

આ ઉપરાંત, 'વસુદેવ-હિંડી'માં આ વાતના હેતુનું પ્રતિપાદન કરતી એક વાર્તા મળે છે, તે આ પ્રમાણે છે:[૧૫૨]

વિન્ધ્યાચળ પાસે અમૃતસુન્દરા નામની ચોરપલ્લીમાં અર્જુન નામે ચોર-સેનાપતિ, જંગલમાંથી પસાર થતા એક તરુણ યુગલ પર હુમલો કરવા જતાં, તરુણના હાથે તે માર્યો ગયો. અર્જુનના મરણનું વેર લેવા, તેનો નાનો ભાઈ તે તરુણને મારવા તેના ગામ ગયો. અર્જુનનો નાનો ભાઈ સંતાઈ રહ્યો હતો તે દરમ્યાન તરુણની પત્ની સર્પદંશથી મરણ પામી. યુવાન, પત્નીના મૃતદેહને દેવકુલના દ્વાર પાસે લઈ જઈ વિલાપ કરવા લાગ્યો. એક વિદ્યાધરને દયા આવતાં, તેણે યુવાનની પત્ની સજીવન કરી. ચોર-સેનાપતિ અર્જુનનો નાનો ભાઈ દેવકુલમાં, હાથમાં દીવાનો સંપુટ લઈ, પહેલેથી સંતાઈ રહ્યો હતો. સજીવન થયેલી પત્નીને દેવકુલમાં રાખી, યુવાન બહાર અગ્નિ લેવા ગયો. તે દરમ્યાન, ચોર-સેનાપતિના નાના ભાઈએ દીવાનો સંપુટ ઉઘાડી, સ્ત્રીને કહ્યું કે, હું તારા પતિને મારી નાખી તને ઉપાડી જઈશ. જો આ રહસ્ય ખોલી દઈશ તો તને પણ મારી નાખીશ. તે સ્ત્રીએ કહ્યું કે, હું જાતે જ એને મારી નાખીશ. ચોર-સેનાપતિના ભાઈએ પૂછ્યું, તું કેવી રીતે મારીશ? સ્ત્રીએ જવાબ આપ્યો, એ અગ્નિ લઈને આવશે અને મારા હાથમાં તલવાર આપીને દેવતા સળગાવશે તે વખતે

૧૫૨. સાંડેસરા, (ડૉ.) ભો.જ.-(અનુવાદક), 'વસુદેવ-હિંડી'; પૃ.૫૮-૫૯

એનું માથું કાપી નાખીશ. અર્જુનના નાના ભાઈએ એ વાત માન્ય રાખી. પેલો યુવક અગ્નિ લઈને આવ્યો અને તેણે પૂછ્યું; દેવકુલમાં પ્રકાશ શેનો હતો? સ્ત્રીએ જવાબ આપ્યો, તમારા હાથમાં રહેલા અગ્નિનો એ પ્રકાશ હશે. પછી યુવકે કહ્યું, તું આ તલવાર પકડ, એટલે હું દેવતા સળગાવું. એટલે તેણે તલવાર પકડી અને યુવક દેવતા સળગાવવા માંડ્યો. પેલી સ્ત્રી પણ તલવાર ખેંચીને ઘા કરવા તૈયાર થઈ. ત્યારે સંતાયેલા ચોર-સેનાપતિના ભાઈએ વિચાર કર્યો, અહો સ્ત્રીઓનું કેવું સાહસ છે! આમ વિચારીને તે સ્ત્રીના તલવારવાળા હાથ પર તેણે ચોટ લગાવી, એટલે તલવાર જમીન પર પડી ગઈ. સંભ્રાન્ત થયેલા પેલા તરુણે પૂછ્યું, આ શું? એટલે સ્ત્રીએ કહ્યું, મને ભય લાગ્યો, એટલે તલવાર હાથમાંથી પડી ગઈ. તેઓ ત્યાં રાત ગાળીને પરોઢ થતાં ઘેર ગયાં.

પૂર્વ અને પશ્ચિમના ઘણા દેશોમાં આ વાર્તા અતિ પ્રચલિત છે, અને તેનાં ઘણાં રૂપાન્તર પ્રાપ્ત થાય છે, એમ 'કથાસરિત્સાગર' પર વિદ્વત્તાપૂર્ણ ટિપ્પણો લખનાર પ્રો. એન. એમ. પેન્ઝરે દર્શાવ્યું છે. બેડીઅર (Bedier) નામના વિદ્વાને, આ વાર્તાનાં વિવિધ રૂપાન્તરોની ચર્ચા 'Le Fabliaux' નામના પુસ્તકમાં કરી છે.[૧૫૩] ઇટાલિના વાર્તાકાર બોકેશિયોએ પણ 'ડેકેમેરોન' વાર્તાસંગ્રહમાં ઉપર્યુક્ત વાર્તા સંગ્રહી છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાં, શિક્ષિત કે અશિક્ષિત સર્વ વર્ગના લોક આ વાર્તા એક યા બીજા રૂપે જાણે છે. ગુજરાતી લોકવાર્તાના સાહિત્યમાં, 'સુડાબહોતેરી'ની સર્વ વાર્તાઓના ચાલક-પ્રેરક બળરૂપે આ સ્ત્રીચરિત્ર-વિષયક વાર્તા છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

'પંચદંડ' વિષયક કૃતિઓમાં, અ.ક્ર. ૧ થી ૬ સુધીની કૃતિઓમાં આ વાર્તા મળતી નથી; પણ કૃતિ નં. ૧૪ સિવાય, કૃતિ નં. ૭ થી ૧૯ સુધીની સર્વ રચનાઓમાં આ વાર્તા પ્રાપ્ત થાય છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૧૪)માં આ વાર્તા પંચવાર્તારૂપે મળે છે. 'પંચદંડ'ના વાર્તાચક્રમાં, આ વાર્તાનો સૌથી પહેલાં પ્રવેશ કરાવનાર પૂર્ણિમાગચ્છીય

---

૧૫૩. As referred to by Prof. N.M. Penzer, Op. cit., p-271; Vol VI. Bedier 'Les Fabliaux', 4th edition, 1925; pp. 164-199

રામચન્દ્રસૂરિ. રામચંદ્રસૂરિ, નરપતિ, અજ્ઞાત પંચદંડ ચતુષ્પદીકાર, લક્ષ્મીવલ્લભ, ભાણવિજય આદિ પોતાની રચનાઓમાં, કોચી કંદોયણના દંડને કામદંડ કે કામિકદંડ નામ આપે છે, જ્યારે માલદેવ તેને બહુગુણદંડ કહે છે. માલદેવે દૃઢ શેઠની પુત્રીનું નામ મણિમંજરી આપ્યું છે અને તે કોચી કંદોયણની શિષ્યા હતી તેમ જ સિદ્ધવિદ્યાની જાણકાર હતી, એમ વર્ણન કર્યું છે. વિજયકુશલે કોચીના દંડને 'સર્વાર્થવ્યાધિહર – સર્વાર્થકામદંડ' નામ આપ્યું છે. અજ્ઞાત રાજસ્થાની ગદ્યકારે તેને કામપ્રદદંડ કહ્યો છે, જ્યારે શામળે સર્વ વાર્તાકારોથી જુદા પડી તેને પ્રતાપદંડ કહી વર્ણન કર્યું છે. આ. પેશાનન્દ ફાવસજીએ આ દંડની પ્રાપ્તિ દર્શાવી છે, પણ દંડનું નામ આપ્યું નથી.

'પંચદંડ'ની જે કૃતિઓમાં આ વાર્તા પ્રાપ્ત થાય છે, તે સર્વમાં, વાર્તાનું વસ્તુ, પ્રસંગો, પાત્રો, વર્ણનો આદિ મોટે ભાગે એકસરખાં છે.

વાર્તા પાંચમી

વિષાપહારદંડ

'પંચદંડ'ની આ પાંચમી વાર્તા 'પંચદંડ'વિષયક સર્વ કૃતિઓમાં પ્રાપ્ત થાય છે. વાર્તામાં મુખ્ય પાત્રોમાં, વિક્રમ, વેતાલ, વિશ્વરૂપ પુરોહિત, પુરોહિતપુત્રી ગોમતી, તેની સખીઓ, નાગકન્યા આદિ છે. વાર્તાના મુખ્ય પ્રસંગો મુખ્યત્વે ઉજ્જયિની અને પાતાલ (પાતાલપુર)માં બને છે. નાગજાતિ એક પ્રાક્-ઐતિહાસિક જાતિ હતી અને તેના વિશેની આ વાર્તા એક પૌરાણિક ધારાઓથી વિંટળાયેલી છે છતાં તે એક જૂની માનવ જાત હતી, તે સર્પજાતિ ન હતી, એવું આ વાર્તા દ્વારા આપણને જાણવા મળે છે. મહાભારતમાં નાગપ્રજા સર્પજાતિની હોવાનો ઉલ્લેખ મળે છે તેનાથી ઊલટું, આ વાર્તા નાગોને મનુષ્ય તરીકે વર્ણવે છે, તે એક સારો સાહિત્યિક મુદ્દો છે. વાર્તાનો સારાંશ નીચે પ્રમાણે છે:

દમનીના આદેશ પ્રમાણે, વિક્રમે ઉજ્જયિનીના પુરોહિત વિશ્વ-
રૂપ (કેટલીક કૃતિઓમાં બીજું નામ છે)ને દાન લેવાની વિનંતી કરતાં,
પુરોહિતે કહ્યું કે, અન્ય પ્રતિગ્રહથી હું ઘણો ઋણી થયેલો છું, તેથી
રાજપ્રતિગ્રહના ઋણ વડે મારા આત્માને વધુ ભાર આપવા ઇચ્છતો
નથી. આવા અપ્રતિગ્રાહી પુરોહિતના વર્તનથી આશ્ચર્ય પામી, વિક્રમ
રાત્રે નગરચર્યા જોવા નીકળ્યો. મધ્યરાત્રિએ વિશ્વરૂપ પુરોહિતની પુત્રી
ગોમતી અને તેની ત્રણ સખીઓને, તેણે કોઈ સ્થળે જતી જોઈ. ફૂલની
ટોપલી અને લગ્ન માટેનો બીજો સરસામાન ઉંચકવા, તેઓને એક
નોકરની જરૂર પડી. વેશપલટો કરી, વિક્રમ તેમના સેવક તરીકે જોડાયો.
ચાર સખીઓ, પાતાળમાં પોતાની સખી નાગકન્યા પરણતી હતી ત્યાં
લગ્નમાં જતી હતી; તેઓની પાસે વિષાપહારદંડ અને રત્નદંડ (તમોહરદંડ)
હતા. તેમની મદદથી તેઓ ચાકરરૂપ વિક્રમ સાથે પાતાળમાં ગયા. નગરની
ભાગોળે, વસ્ત્ર અને દંડ ચાકરને સોંપી, ચારે ય સખીઓ એક સરોવરમાં
નહાવા પડી. તે દરમ્યાન, વેતાલને બોલાવી, વિક્રમે તેનો દંડ અને વસ્ત્ર
સોંપી દીધાં, અને પોતે સુંદર સ્વરૂપ ધારણ કરી, નાગકન્યાને પરણી
ગયો. જે વરને નાગકન્યા પરણવાની હતી તેને વિક્રમે વેતાલની સહાયથી
સંતાડી દીધો. બીજી બાજુ, ગોમતી અને તેની સખીઓ સરોવરમાંથી
વસ્ત્ર વિના નીકળી શકે એમ ન હોવાથી, પોતાની સખી નાગકન્યાને
સંદેશો મોકલી વસ્ત્ર મંગાવ્યાં અને વસ્ત્ર ધારણ કરી, સખી નાગ-
કન્યાને ત્યાં ગઈ. ત્યાં તો વર બદલાઈ ગયાની જાણ થતાં, નાગ-
રાજાએ સૈન્ય મોકલી, વિક્રમને પકડવા હુકમ કર્યો. વિક્રમે આખા
સૈન્યને હરાવ્યું. છેવટે, નાગરાજને વિક્રમના સાચા સ્વરૂપની જાણ
થતાં, તેને આનંદ થયો અને પોતાની પાસેનો મણિદંડ વિક્રમને ભેટ
આપ્યો. ગોમતી અને તેની ત્રણ સખીઓ પણ વિક્રમને પરણી,
અને તેઓએ વિક્રમને પોતાની પાસેના બે દંડ — વિષાપહારદંડ
~~અને રત્નદંડ વિક્રમને ચરણે ધર્યા. વિક્રમ ત્રણ દંડ અને પાંચ પત્ની~~
સાથે ઉજ્જયિની આવ્યો.

'પંચદંડ'ના વાર્તાચક્રની પ્રાચીન પરંપરામાં, વિષાપહારદંડની આ વાર્તામાં રત્નદંડ અને મણિદંડની પ્રાપ્તિ વર્ણવેલી છે. આ રત્નદંડ અને મણિદંડ અનુક્રમે દંડરત્ન અને મણિરત્ન રૂપે, આચાર્ય હેમચન્દ્રાચાર્યવિરચિત 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં મળે છે.[૧૫૪] મઘવા ચક્રવર્તિવિષયક ચરિત્રમાં આ પ્રમાણે વર્ણન છે:

------ ત્યાંથી ચક્રવર્તિની (મઘવાની) આજ્ઞાથી સેનાપતિ ચર્મરત્ન વડે સિંધુને ઊતરીને તેના પશ્ચિમ નિષ્કુટમાં ગયો અને તે ભાગ સાધીને પાછો આવ્યો. પછી સેનાપતિએ દંડરત્ન વડે તે ગુફાનાં કમાડ ઉઘાડ્યાં, એટલે ચક્રવર્તીએ ગજરત્ન પર બેસી, સૈન્ય સહિત તેમાં પ્રવેશ કર્યો. મણિરત્ન વડે અંદર પ્રકાશ આપનારાં મંડળો કરી, ગજરત્નનાં કુંભસ્થળ ઉપર મણિરત્ન રાખી, તેની કાંતિના પ્રસાર વડે અંદર ચાલ્યા. ગુફાની મધ્યમાં, વર્ધકીરત્ને રચેલા સેતુબંધ વડે અત્યંત દુસ્તર એવી ઉન્મગ્ના અને નિમગ્ના નદી ઊતરી. પોતાની મેળે જેનાં કમાડ ઉઘાડી ગયેલાં છે એવા ઉત્તર દ્વારને માર્ગે થઈ, ચક્રવર્તી, સેના સાથે તે ગુફાની બહાર નીકળ્યા. ત્યાં આપાત નામના અતિ દુર્જય કિરાતોને, અસુરોને ઇંદ્ર જીતે તેમ મઘવા ચક્રવર્તીએ જીતી લીધા.

'ચક્રરત્નનું પ્રગટ થવું' એ વિષેના પ્રકરણમાં એ જ મતલબનું બીજું કથાનક નીચે પ્રમાણે છે:[૧૫૫]

---- ત્યાંથી ચક્રના માર્ગને અનુસરી પ્રભુ તમિસ્રા ગુફાની નજીક આવ્યા ને ત્યાં રહેલા કૃતમાળ દેવને તત્કાળ વશ કરી લીધો. ત્યાંથી શાંતિનાથની આજ્ઞાથી સેનાપતિએ ચર્મરત્ન વડે સિંધુ નદી ઊતરી, તેના દક્ષિણ નિષ્કુટને ક્ષણમાં સાધી લીધું. ત્યાંથી આવી સેનાપતિએ અમોઘ શક્તિવાળા દંડરત્નથી તેના કપાટ (કમાડ)નો તાડન કરી, તમિસ્રા ગુફા ઉઘાડી. પછી પ્રૌઢ પરાક્રમવાળા પ્રભુએ ગજરત્ન પર ચઢી, સિંહની જેમ તે ગુફામાં સૈન્ય સહિત પ્રવેશ કર્યો. વિશ્વસેનના કુમાર

૧૫૪. આચાર્ય, હેમચન્દ્રાચાર્ય, 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'; પર્વ ૪, સર્ગ ૬, પૃ. ૧૭૪; (ગુજરાતી અનુવાદ) ~~પ્રકાશક શ્રી જૈન આત્માનંદ સભા,~~ ભાવનગર, ૧૯૭૧

૧૫૫. એ જ, પર્વ ૫, સર્ગ ૫, પૃ. ૨૬૧

શાંતિનાથે ગુફામાં રહેલા અંધકારને છેદવા માટે, ઉદયગિરિ પર સૂર્યની
જેમ ગજેંદ્રના દક્ષિણ કુંભ ઉપર મણિરત્ન સ્થાપિત કર્યું; અને કાકિણી
રત્ન વડે ગુફાની બન્ને બાજુ અનુક્રમે ઓગણપચાસ માંડળા આલે-
ખતાં ચાલ્યા. આગળ ચાલતાં, ગુફાની મધ્યમાં આવેલી ઉન્મગ્ના
અને નિમગ્ના નામની નદી ઉપર પ્રભુએ વાર્ધકિરત્ન પાસે એક પદ્યા
(સેતુ) બંધાવ્યો, તે સેતુ દ્વારા પ્રભુ સૈન્ય સહિત તે દુસ્તર નદીઓ
ઊતર્યા.-------

આ કથાનકને મળતું અન્ય કથાનક 'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર'
પર્વ ૧૦માં 'શ્રીમહાવીર સ્વામીના પૂર્વ ભવનું વર્ણન'માં મળે છે.[૧૪૬] આ
આ પર્વના ૧૨મા સર્ગમાં 'કૂણિકનું મૃત્યુ' એ પ્રકરણમાં નીચે પ્રમાણે
પ્રસંગ મળે છે:[૧૪૭]

--- પ્રભુની પાસેથી ઉપર પ્રમાણે સાંભળી, અહંકારના પર્વતરૂપ
ચંપાપતિ ત્યાંથી ઊભો થયો; અને પોતાની નગરીમાં આવી તત્કાળ
લોઢાનાં એકેંદ્રિય સાત મહારત્નો કરાવ્યાં. તેમ જ વૃથા મનોરથ વડે
કદર્થિત થયેલા તેણે પદ્માવતીને સ્ત્રીરત્ન માની, હસ્તી વગેરે બીજાં સાત
પંચેન્દ્રિય રત્નો પણ કલ્પી લીધાં. પછી આખા ભરતક્ષેત્રને સાધવાને
માટે મોટા પરાક્રમવાળો કૂણિક ઘણા દેશો સાધતો સાધતો, વૈતાઢ્ય-
ગિરિની તમિસ્ત્રા ગુહા પાસે સૈન્ય સહિત આવ્યો. દુર્દૈવથી દૂષિત
થયેલા અને પોતાના આત્માને નહીં જાણનારા તેણે ગુહાદ્વારના
કપાટ ઉપર દંડ વડે ત્રણ વાર તાડન કર્યું એટલે તે ગુહાદ્વારનો
રક્ષક કૃતમાળ દેવ બોલ્યો કે, આ મરવાને કોણ તૈયાર થયો છે?
કે જે પોતાના આત્માને નહીં ઓળખતો સતો ગુહાદ્વારને દંડથી
તાડન કરે છે. કૂણિક બોલ્યો, અરે હું વિજયની ઇચ્છાએ આવ્યો છું,
મને શું તું નથી ઓળખતો? હું અશોકચંદ્ર નામે ચક્રવર્તી ઉત્પન્ન

૧૪૬ એ જ, પર્વ ૧૦, સર્ગ ૧, પૃ. ૧૩
૧૪૭. એ જ, પર્વ ૧૦, સર્ગ ૧૨, પૃ. ૨૮૫

થયો છું. કૃતમાળદેવ બોલ્યો, ચક્રવર્તી તો બાર થઈ ગયા છે, તો હવે અપ્રાર્થિત-(મૃત્યુ)ની પ્રાર્થના કરનાર તું કોણ છે, તારી બુદ્ધિને સ્વસ્તિ હો. કૂણિક બોલ્યો, ઘણું પુણ્ય કરવાથી હું તેરમો ચક્રવર્તી ઉત્પન્ન થયો છું. પુણ્યથી શું દુર્લભ છે?' અરે કૃતમાળદેવ! તું મારું પરાક્રમ જાણતો નથી, નહીં તો આ ગુફાનાં દ્વાર ઉઘાડ્યા વિના રહે જ નહીં. આ પ્રમાણે આધિ દૈવદોષ-થી ગ્રહણ થયેલાની જેમ અસંબદ્ધ ભાષણ કરનાર તે કૂણિકને કૃતમાળદેવે રોષથી તત્કાળ બાળીને ભસ્મ કરી દીધો. એવી રીતે અશોકચંદ્ર(કૂણિક) રાજા મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગયો.....

'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'નાં ઉપર્યુક્ત કથાનકોમાં, જે દંડરત્ન, મણિરત્ન, અને કાકિણીરત્ન છે તે 'પંચદંડ'માં અનુક્રમે રત્નદંડ, મણિદંડ, વિષાપહારના સ્વરૂપમાં આપણને મળે છે. વિષાપહારદંડની વાર્તામાં, ગોમતી અને તેની સખીઓ પાતાળમાં જવા નીકળે છે. એક સ્થળે તેઓ રત્નદંડનો પ્રહાર કરે છે ત્યાં જમીનમાં બાકોરું પડી, પાતાળમાં જવાનો માર્ગ ખુલ્લો થાય છે. પાતાળના માર્ગમાં પ્રકાશ માટે મણિદંડ અથવા તમોહર કે તિમિરહરદંડનો ઉપયોગ કરવામાં આવે છે, અને પાતાળમાં વિષથી રક્ષણ કરવા વિષાપહારદંડ કામમાં આવે છે. મણિરત્ન અને મણિદંડ પ્રકાશ આપવાની શક્તિ ધરાવે છે. મણિરત્ન વિશે નોંધ લખતાં, 'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર'ના અંગ્રેજી ભાષાન્તરમાં, મિસ ડૉ. હેલન એમ. જ્હોન્સન આ પ્રમાણે વર્ણન કરે છે:[૫૮]

મણિરત્નનો આકાર મને બરાબર સ્પષ્ટ થતો નથી. સામાન્ય રીતે, જ્યારે તેની એક બાજુ આપેલી હોય છે, ત્યારે તે વર્તુળનો વ્યાસ અથવા ચોરસની બાજુ હોય છે. પણ, 'પ્રવચનસારોદ્ધાર' (૧૨૧૩-૧૭, પૃ. ૩૫૦ b) અને 'જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ' (૫૪, ૨૨૫ b)માં દર્શાવ્યા પ્રમાણે મણિ ત્રિકોણાકારનું

૫૮. Johnson, Helen M., 'Trisastisalākāpurusa-charitra' Vol. 1, page 234 (foot-note No. 296/302)

છે. 'જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ'માં કહેવામાં આવ્યું છે કે, તે ચાર આંગળ લાંબું અને બે આંગળ પહોળું હોઈ 'ત્રિઅસ્ત્ર' છે; વળી, તે ચાર આંગળ લાંબું અને ૨ આંગળ જાડું હોઈ, સમબાજુ-ત્રિકોણના આકારનું 'ષડસ્ત્ર' પણ હોઈ શકે. પણ તેનો આકાર મૃદંગ સાથે સરખાવવામાં આવ્યો છે. કદાચ તે બે સાથે રાખેલા પિરામીડ જેવું હોય. 'પ્રવચનસારોદ્ધાર'માં તેને 'ત્રિઅસ્ત્ર' અને 'ષડંશ' કહ્યું છે. ઈન્દ્રરત્નના હાથ પર મૂકતાં, તે બાર યોજન સુધી પ્રકાશ આપે છે. માથા પર કે કાંડા પર બાંધવામાં આવતાં, તે સર્વ આપત્તિઓ અને રોગોને દૂર કરે છે, યુદ્ધમાં રક્ષણ આપે છે અને યૌવન જાળવી રાખે છે. 'સ્થાનાંગ સૂત્ર' (૫૫૯, પૃ.૩૯૯) પણ તેને ચાર આંગળ લાંબું અને તેનાથી અર્ધું પહોળું, એ રીતે વર્ણવે છે, પણ તેમાં આકારની વિગતો આપેલી નથી.

દંડરત્નનો ઉલ્લેખ 'વસુદેવ-હિંડી'માં બે સ્થળે મળે છે:

-----પછી તેમણે તે પર્વતની ચારે બાજુએ પહેલા કાંડતલ સુધી દંડરત્ન વડે છિન્નકટક કરી નાખ્યો (અર્થાત્ ચઢવાના રસ્તા કાપી નાખ્યા) અને ખાઈ ખોદવા લાગ્યા. -----[૧૫૯]

'ભાગીરથિકુમારે ગંગાને સમુદ્રગામિની કરી' એ પ્રસંગકથામાં દંડરત્નનો નીચે પ્રમાણે ઉલ્લેખ આવે છે;[૧૬૦]

---- એટલામાં અષ્ટાપદ સમીપના પ્રદેશમાં વસનારા લોકસમૂહો રાજા પાસે આવી, તેને પગે પડી વિનંતી કરવા લાગ્યા, "સ્વામી! કુમારોએ મહાનદી ગંગાને અષ્ટાપદમાં આણી છે; હવે માર્ગ નહીં મળતાં તે નદી સર્વે જનપદોનો જળ વડે વિનાશ કરે છે; માટે હે મહારાજ! ગંગા મહાનદીને એક માર્ગે સમુદ્રગામિની કરવાને— સમુદ્ર તરફ વાળવાને તમે યોગ્ય છો." પછી રાજાએ પોતાના બાળક પુત્ર ભાગીરથિને આજ્ઞા આપી, "રાજાઓ અને અમાત્યોની સાથે દંડરત્ન લઈને તું અષ્ટાપદ પર્વત પાસે જા. ત્યાં અર્ઘ, બલિ, ગંધ, ધૂપ અને માલ્ય વડે જ્વલનપ્રભ નાગની પૂજા કરીને, તેની અનુજ્ઞા લઈને દંડરત્ન વડે ખોદતો તું ગંગા મહાનદીને એક માર્ગે

૧૫૯. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી' (ગુજરાતી અનુવાદ), પૃ. ૩૯૫
૧૬૦. ઉપર્યુક્ત, પૃ. ૪૦૦

સમુદ્રગામિની કરીશ." એ લઈ જજે." પછી ભાગીરથિકુમાર રાજાની આજ્ઞા સ્વીકારીને, દંડરત્ન લઈને, સૈન્ય અને વાહન સહિત તથા રાજાઓ અને અમાત્યો-ને સાથે લઈને અષ્ટાપદ પર્વત પાસે ગયો. ત્યાં અઠ્ઠમ ભક્તની તપશ્ચર્યા ગ્રહણ કરીને, દર્ભના સંથારા પર રહીને જ્વલનપ્રભ નાગનું ધ્યાન ધરતો તે બેઠો. પછી અઠ્ઠમ ભક્ત સમાપ્ત થતાં તે જ્વલનપ્રભ નાગ ભાગીરથિ પાસે આવ્યો. પછી ભાગીરથિએ અર્ઘ્ય, બલિ, ગંધ, માલ્ય અને ધૂપ વડે તેનો સત્કાર કર્યો, એટલે તે બોલ્યો, "તારું શું કાર્ય કરું?" કુમારે કહ્યું, "તમારી કૃપાથી દંડરત્ન ગ્રહણ કરીને મહાનદી ગંગાને એક માર્ગે સમુદ્રગામિની કરીશ." એટલે નાગે કહ્યું, "જા, જલદી તેમ કર. ભરતમાં જે નાગો છે તે સર્વે મારા વશવર્તી છે." પછી ભાગીરથિકુમાર રથ ઉપર બેસીને દંડરત્ન વડે ગંગાનદીને, હસ્તિનાપુરને સ્પર્શ કરે તેમ કુરુજનપદના મધ્યમાં થઈને અને કોસલા જનપદની દક્ષિણમાં થઈને, ખેંચી જવા લાગ્યો. પશ્ચિમમાં જ્યાં નાગોનાં ભવનને (નદીના પ્રવાહથી) ઇજા આવતી હતી ત્યાં તે બલિ આપતો હતો. તે સમયથી નાગબલિ શરૂ થયો. પ્રયાગની ઉત્તરે થઈ, કાશીની દક્ષિણે થઈ, કોઈક સ્થળે વિન્ધ્યમાં થઈ, મગધા જનપદની ઉત્તરે થઈ અને અંગા જન-પદની દક્ષિણે થઈ હજારો નદીઓ વડે વૃદ્ધિ પામતી ગંગાને તેણે સાગરમાં ઉતારી. ત્યાં ગંગાસાગર નામનું તીર્થ થયું. જહ્નુએ તેને પૂર્વે ખેંચી હતી, તેથી તે નદી જાહ્નવી કહેવાય છે. ગંગા મહાનદીને સાગરમાં ઉતારીને ભાગીરથિ સાકેત નગર ગયો અને સગર ચક્રવર્તીને નિવેદન કર્યું કે, "મેં ગંગાને સાગરમાં ઉતારી છે."

આ દંડરત્ન એ જ 'પંચદંડ'ની વિધાપહારદંડની વાતમાં ઉલ્લેખ પામેલો રત્નદંડ છે. તેના વડે પર્વત તોડી શકાય, ખાઈ ખોદી શકાય, ભૂમિ પર પ્રહાર કરવાથી જમીનમાં, પાતાળમાં જવાનું બાકોરું પાડી શકાય તેમ જ તેના પ્રહારથી ગુફાનાં દ્વાર પણ ઉઘાડી શકાય. પૂર્ણચંદ્રસૂરિ તેને રત્નદંડ કહે છે, જ્યારે દેવમૂર્તિ અને શુભશીલગણિ ભૂસ્ફોટકદંડના નામથી ઓળખાવે છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર ('કૃતિ નં. ૫) તેને અચલ-ચાલનદંડ કહે છે, જ્યારે અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૬) તેને શાલો-ત્પાટનક્ષમદંડ તરીકે વર્ણવે છે. આમ, સર્વ 'પંચદંડ'કારો આ દંડને તેનાં

ગુણદર્શક નામ આપ્યું છે. 'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર'માં દંડરત્નને ચક્ર-
વર્તીનાં ચૌદ રત્નો પૈકીનું એક ગણાવ્યું છે. આ ચૌદ રત્નો વિષે મેં આ
મહાનિબન્ધમાં 'વાર્તાઓમાં ઘટકતત્ત્વ (Motifs)' એ પ્રકરણમાં વિસ્તારથી
ચર્ચા કરી છે.

'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર'માં ચક્રવર્તીનાં ચૌદ રત્નો પૈકીનું એક કાકિણી-
રત્ન, એના પરથી 'પંચદંડ'માં વિષાપહારદંડની કલ્પના વિકસી હોય, એમ
મિસ ડૉ. હેલન જ્હોન્સનના નોંધના કથન પરથી જણાય છે:[૧૬૭]

The Kākiṇī was a cube. It is described also in Jambū-dvīpaprajñapti, 54, 226; Pravacanasāroddhāra, 1213-17, p. 350. The descriptions agree with this one and add the facts that it was the shape of a goldsmiths anvil, was made of gold and could remove poison.

આ રીતે, 'પંચદંડ'માં, રત્નદંડ, મણિદંડ અને વિષાપહારદંડનાં જે અદ્ભુત
સ્વરૂપ દૃષ્ટિએ પડે છે તેનાં મૂળ ચક્રવર્તી રાજાનાં અદ્ભુત શક્તિ ધરાવતાં ચૌદ
રત્નો પૈકી કેટલાકમાં મળે છે.

આચાર્ય મુનિરત્નસૂરિ-વિરચિત સંસ્કૃત 'અંબડચરિત્ર'ના છઠ્ઠા આદેશ-
માં 'પંચદંડ'ની વિષાપહારદંડની વાતનું નીચે પ્રમાણે પ્રતિરૂપ મળે છે:

ગોરખ યોગિનીએ અંબડને આદેશ આપ્યો કે, કૂર્મકિરોડિક નગરમાં
દેવચન્દ્ર રાજા રાજ્ય કરે છે; ત્યાં સોમેશ્વર નામના બ્રાહ્મણ પાસે સર્વાર્થ-
શંકરદંડ છે તે તું લાવ.

અંબડ કૂર્મકિરોડિક જતાં, કલિંગ દેશના ભોજકટ નગરના રાજા વૈરી-
સિંહની પુત્રી રત્નવતી સાથે પરણ્યો. રત્નવતીને પિયરમાં મૂકી, અંબડ
કૂર્મકિરોડિક નગરમાં ગયો. ત્યાં સોમેશ્વર બ્રાહ્મણનું ઘર એકદમ નહિ જડવાથી,
તે એક કામદેવના મંદિરમાં રાતવાસો રહ્યો. સોમેશ્વરનું ઘર શોધી કાઢવાની
ચિંતાથી, અંબડ રાત્રે ઊંઘી શક્યો નહિ. રાત્રે તેણે એક કૌતુક જોયું કે, મંદિરની

૧૬૭. Johnson, Miss Helen M., Op. cit, Vol. 1, pp. 234-235.
(= foote-note No 298 307.

ત્રણ પૂતળીઓ સ્ત્રીરૂપે સજીવન થઈ, ચંદ્રકાંતા નામની પુરોહિતપુત્રી સાથે વાતચીત કરતી હતી. અંબડે એકદમ બૂમ પાડતાં ચારે ય સખીઓ ગભરાઈ ગઈ, અને ચંદ્રકાન્તા નામની કન્યાએ અંબડને પ્રશ્ન પૂછતાં, અંબડે ઉત્તર આપ્યો કે, હું એક મુસાફર છું; મારું નામ પંચશર્મા છે. સખીઓ, પાતાળમાં પોતાની સખી વાસવદત્તાને મળવા જતી હતી તેમણે તેને સહાયક તરીકે પોતાની સાથે લીધો. સખીઓ, બળદ અને ધૂરા વગરના ગાડામાં બેઠી અને ગાડું ચાલવા લાગ્યું, તે જોઈ અંબડ આશ્ચર્ય પામ્યો. અર્ધે રસ્તે જતાં ગાડું અટકી પડ્યું. સખીઓએ પ્રયત્ન કર્યા છતાં ગાડું ન ચાલ્યું ત્યારે ગાડું ચલાવવા તેઓએ પંચશર્માને વિનંતી કરી. પંચશર્માએ કહ્યું કે, તમારી વિદ્યા મને શીખવો તો હું ગાડું ચલાવું. સખીઓએ તેને પોતાની વિદ્યા શીખવી, એટલે ગાડું આગળ ચાલ્યું. ગાડા સાથે સર્વ પાતાળમાં ગયાં ત્યાં વાસવદત્તા તેમને લેવા સામી આવી. ચંદ્રકાંતાએ નાગશ્રીને આપવા અંબડ પાસે પાનબીડાં માગ્યાં. અંબડે ફલચૂર્ણ ભેળવી પાનબીડું ચંદ્રકાંતાને આપ્યું; પાનબીડું ખાતાંની સાથે, નાગશ્રી રાસભી થઈ ગઈ. અન્ય સખીઓ આ જોઈ ગભરાઈ ગઈ. એટલામાં તો અંબડે શ્વેતકંબા કાઢી, તેના વડે વાસવદત્તા અને ચારે ય સખીઓને પ્રહાર કરતાં, તેઓ મૃગલી થઈ ગઈ. મૃગલીસ્વરૂપવાળી આ સખીઓ કૂર્મકિરોડિ નગરમાં ગઈ; ચંદ્રકાંતા પણ મૃગલીરૂપે પોતાના પિતા સોમેશ્વરને ત્યાં ગઈ અને અન્ય ત્રણ સખીઓ કામદેવના મંદિરમાં રહી. આ જ અરસામાં અંબડ બળદ અને ધૂરા વિનાનું ગાડું લઈ, કૂર્મકિરોડિ નગરમાં ફરતો જોઈ, લોકોને અને ત્યાંના રાજાને આશ્ચર્ય થયું. રાજાએ અંબડને કહ્યું, હે સિદ્ધવીર! મારા પુરોહિત સોમેશ્વરની પુત્રી ચંદ્રકાંતાને કોઈએ મૃગલી બનાવી દીધી છે, તેને મૂળ સ્ત્રીસ્વરૂપમાં આણો; હું તમને અર્ધું રાજ્ય આપીશ અને મારી પુત્રી પરણાવીશ. અંબડે ચંદ્રકાંતાને તેમ જ કામદેવના મંદિરમાં રહેલી અન્ય ચાર સખીઓને રક્તકંબાથી પ્રહાર કરતાં, તેઓ મૂળ સ્ત્રીસ્વરૂપ પામી. ચંદ્રકાંતાની વિનંતીથી, અંબડે પાતાળમાં જઈ, નાગશ્રીને

વાપિજલ પાતાં, તે પણ મૂળ સ્ત્રીસ્વરૂપ પામી. ચંદ્રકાંતાએ પોતાનો સર્વાર્થશિંકરદંડ અને વાસવદત્તાએ પોતાનો હર્ષદંડ અંબડને ભેટ આપ્યા. ચંદ્રકાંતા, વાસવદત્તા, નાગશ્રી, કુર્મકરોડિ નગરના રાજાની પુત્રી અને કામદેવના મંદિરમાં પૂતળીઓમાંથી સ્ત્રીરૂપે થયેલી ચંદ્રકાંતાની ત્રણ સખીઓ — આ સાતે ય સખીઓ અંબડને પરણી. આ સાત અને ભોજકટ નગરના રાજાની પુત્રી રત્નવતી એમ આઠ પત્ની અને બે દંડ લઈ, અંબડ ગોરખયોગિનીને પ્રણામ કર્યા.

આ વાર્તા, 'પંચદંડ'ની વિષાપહારદંડની વાર્તા સાથે ઠીક ઠીક સામ્ય ધરાવે છે. કામદેવના મંદિરમાં પુરોહિતપુત્રી ચંદ્રકાંતા અને અન્ય ત્રણ સખીઓનું એકત્ર થવું, અંબડનું તેઓ સાથે સહાયક તરીકે પાતાળમાં જવું, અને ત્યાં ફૂલચૂર્ણ અને શ્વેતકંબાથી સ્ત્રીઓનું રાસભી અને મૃગલીમાં સ્વરૂપાન્તર કરવું ('પંચદંડ'માં વિક્રમ પોતે સ્વરૂપપરિવર્તન કરી નાગકન્યાને પરણે છે), નાગશ્રી પાસેથી હર્ષદંડ અને ચંદ્રકાંતા પાસેથી સર્વાર્થશિંકરદંડ પ્રાપ્ત કરવા, અને છેવટે ચંદ્રકાંતા આદિ સખીઓએ અંબડને પરણવું — આ સર્વ પ્રસંગો 'પંચદંડ'ની ઉપર્યુક્ત વાર્તાના મૂળ તરીકે હોય એ શક્ય છે. આચાર્ય મુનિરત્નસૂરિએ સર્વાર્થશિંકરદંડને એક સ્થળે ('અંબડચરિત્ર'), સર્વાર્થસિદ્ધિદંડ નામ આપ્યું છે.

'પંચદંડ' વિષયક સર્વ પ્રાપ્ત સંસ્કૃત, રાજસ્થાની અને જૂની ગુજરાતી કૃતિઓમાં આ વાર્તા પ્રાપ્ત થાય છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-કૃત 'विक्रमादित्यस्य पञ्चदण्डछत्रप्रबन्ध' (કૃતિ નં. 1)માં, આ વાર્તા દ્વારા વિષાપહારદંડની પ્રાપ્તિ વર્ણવેલી નથી, પણ રત્નદંડ, શત્રો-ચ્ચાટનક્ષમ દંડ, અચલચાલનદંડ, ભૂસ્ફોટદંડ તરીકે અન્ય રચનાઓમાં જેનો ઉલ્લેખ કરાયેલો છે, એવા ગુણ ધરાવતો મરકી માલણનો દંડ વિક્રમને પ્રાપ્ત થાય છે. વાર્તામાં, મરકી માલણ અને પુરોહિતપુત્રી સાવિત્રી (અન્ય કૃતિઓમાં એનું નામ ગોમતી આપેલું છે.)[163] એ ત્રણ સખીઓ સાથે વિક્રમ સેવક તરીકે, પાતાલપુરમાં[162] અલિંજર નાગની

162. 'પંચદંડ'ની અન્ય રચનાઓમાં આ સ્થળને પાતાળ તરીકે વર્ણવેલું છે.

163. રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ'માં 'આર્યનન્દિલ' પ્રબન્ધમાંની નાગયશમા-ની વાર્તામાં અલિંજર નાગનો ઉલ્લેખ આવે છે.

કન્યાના લગ્નમાં ભાગ લેવા જાય છે. મદૂકી માલણ પાસેના દંડની મદદથી તેઓ શીલા ઉઘાડી પાતાલપુરમાં જઈ શકે છે. પાતાલપુરમાં જતાં, આગળ એક સરોવરમાં સખીઓ નહાવા પડી તે દરમ્યાન વિક્રમ, દંડ અને વસ્ત્રો લઈ નાસી જાય છે, અને યુક્તિથી આલિંજર નાગની પુત્રીને પરણે છે. પાછળથી, સાવિત્રી, મદૂકી અને હરિયાલી પણ વિક્રમને પરણે છે. વિક્રમ મદૂકી માલણનો દંડ અને ચાર પત્ની સહિત ઉજ્જયિનીમાં પાછો આવ્યો.

પૂર્ણચંદ્રસૂરિની રચનામાં, આ વાર્તા દ્વારા વિક્રમને, હરિયાલીનો વિષાપહારદંડ, નાગકન્યાનો મણિદંડ અને નાગરાજનો રત્નદંડ, એમ ત્રણ દંડ પ્રાપ્ત થાય છે. આ વાર્તામાં, પુરોહિતપુત્રીનું નામ ગોમતી અને માલીપુત્રીનું નામ જયાવૂ આપેલાં છે. દેવમૂર્તિ ઉપાધ્યાય (કૃતિ નં ૩) ની રચનામાં, આ વાર્તાના કથાવસ્તુમાં કોઈ નોંધપાત્ર તફાવત પડતો નથી. આમાં વિક્રમ, વિષાપહારદંડ, પૂરસ્ફોટદંડ અને મણિદંડ પ્રાપ્ત કર્યાનું વર્ણન મળે છે. શુભશીલગણિએ પોતાની સંસ્કૃત કૃતિ '~~पञ्चदण्डकथा~~' માં, આ વાર્તાના દંડનાં નામ દેવમૂર્તિ પ્રમાણે આપ્યાં છે, પણ પાતાલમાં ગોમતી, જયાવૂ, હરિયાલીની સાથે જે નાગકન્યા પરણવાની હતી તે નાગરાજની પુત્રી નહિ, પણ નાગ-વાણિયાની પુત્રી હોવાનો ઉલ્લેખ શુભશીલગણિએ કર્યો છે. આ મહાનિબંધમાં ઉલ્લેખાયેલા અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારો પૈકી કૃતિ નં-૫માં, વિષાપહારદંડ, સર્વમણિમયદંડ, અને અચલચાલનદંડની પ્રાપ્તિ વર્ણવેલી છે અને નાગકન્યા નાગવાણિયાની પુત્રી હતી, એમ વર્ણન કરેલું છે. કૃતિ નં-૬માં પણ નાગકન્યાનો નાગકન્યાનો નાગવણિકની પુત્રી તરીકે ઉલ્લેખ કરેલો છે, તેમાં વિક્રમ, વિષાપહારદંડ, શીલોત્પાટનક્ષમ-દંડ અને મણિમયદંડ પ્રાપ્ત કરે છે. અહીં ફરી એક વાર કહેવું ઉચિત થશે કે, 'પંચદંડ'ની પ્રાચીન પ્રણાલીને અનુસરનારી કૃતિઓમાં, રત્નદંડ, પૂરસ્ફોટદંડ, અચલચાલનદંડ અને શીલોત્પાટનક્ષમદંડ તરીકે જે દંડનાં વર્ણન મળે છે તે સર્વનાં નામ જુદાં છે પણ ગુણ

એક જ છે, અને તે – પર્વત તોડવા, જમીનમાં ખાઈ ખોદવી, પ્રહારથી ગુફાનો દ્વાર ઉઘાડવો, આદિ કાર્યો માટે ઉપયોગ કરવાનો.

પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિ, આ વાર્તામાં, પાતાલની નાગકન્યાને નાગ-રાજની પુત્રી કહે છે; વાર્તામાં વિક્રમને પ્રાપ્ત થતા બે દંડનાં નામ તમોહર-રત્નદંડ અને વિષહૃદયહરદંડ (કે જેનું ખરેખર નામ વિષાપહાર અથવા વિષહરદંડ છે.) છે. આની પહેલાંની કૃતિઓમાં, મણિદંડ એ તમોહરદંડના પર્યાય તરીકે યોજાયો છે, જ્યારે રત્નદંડ એ જુદો જ દંડ છે. પણ રામચંદ્રસૂરિએ તમોહર-રત્નદંડ એવું નામ આપી, એક જ દંડની કલ્પના કરી છે. વિક્રમે પાંચ દંડ પ્રાપ્ત કર્યા, એ પરાક્રમથી પ્રસન્ન થઈ, ઇન્દ્રે વિક્રમ માટે એક દિવ્ય સિંહાસન મોકલ્યું. આ સિંહાસન પર પંચ દંડથી આધારિત છત્ર શોભતું હતું. આવા સિંહાસન પર વિક્રમ બેઠો. ઇન્દ્રે વિક્રમ માટે દિવ્ય સિંહાસન મોકલ્યું, એ પ્રસંગ સૌથી પ્રથમ રામચન્દ્રસૂરિ આપે છે.

નરપતિ રામચન્દ્રસૂરિના 'पञ्चदण्डछत्रप्रबन्ध'નું સૌથી પ્રથમ અને સફળ અનુકરણ કરનાર કવિ છે. વિષાપહારદંડની વાર્તામાં, કવિ નાગકન્યાને, પાતાલના રાજા મયણસંધાની પુત્રી શૃંગારસુંદરી તરીકે ઓળખાવે છે. વાર્તાના અન્તે, વિક્રમ તમોહરદંડ, વિષહરદંડ અને સર્વમોહનહારવિદ્યા પ્રાપ્ત કરે છે. આ વાર્તાના વિકાસમાં, એક નોંધપાત્ર ઘટના એ છે કે, 'પંચદંડ'ની પ્રાચીન પરંપરાને અનુસરનાર કૃતિઓ, રત્નદંડ, મણિદંડ અને વિષાપહારદંડની, એમ ત્રણ દંડની પ્રાપ્તિ વર્ણવે છે. રામચન્દ્રસૂરિ તમોહર-રત્નદંડ અને વિષાપહાર-દંડ, એમ બે દંડની પ્રાપ્તિ દર્શાવે છે, જ્યારે નરપતિ, અજ્ઞાત 'પંચદંડચતુષ્પદી'કાર, અને માલદેવ, તમોહરદંડ અને વિષહરદંડનો ઉલ્લેખ કરે છે. વિજયકુશલે એ દંડનાં, વિષાપહારદંડ અને મણિરત્નદંડ, એવાં નામ આપ્યાં છે, જ્યારે લક્ષ્મીવલ્લભ બન્ને દંડને વિષહરદંડ અને તિમિરહરદંડ તરીકે ઓળખાવે છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં-૧૪), વિક્રમે બે દંડ પ્રાપ્ત કર્યાનું દર્શાવે છે પણ તેણે બે દંડનાં નામ આપ્યાં નથી. અજ્ઞાત કવિકૃત 'પંચદંડની વારતા' (કૃતિ નં-૧૫; કે જે નરપતિની રચનાનું રૂપાન્તર જ છે.)માં, તમોહરદંડ અને વિષહરદંડની પ્રાપ્તિ વર્ણવેલી છે, જ્યારે અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-

રચિત 'પંચદંડની વાત'માં, કવિએ આ વિષાપહારદંડની વાત પોતાની કૃતિમાં આપી નથી; પણ ખંભાતની રાજકુંવરી રત્નમંજરી પાસેથી વિક્રમે રત્નોની પેટી અને વિષાપહારદંડ પ્રાપ્ત કર્યાં, એમ કહી એ વાર્તાકારે વાર્તાઓ અને દંડનાં નામ તેમ જ તેમની પ્રાપ્તિ દર્શાવતી વસ્તુસંકલનામાં ભૂલ કરી છે. શામળે આ વાર્તામાં એક જ દંડ—વિષધરદંડ—નો ઉલ્લેખ કર્યો છે. દંડનું ખરું નામ વિષહર કે વિષાપહાર હોઈ શકે, વિષધર નહિ. આ વાર્તામાં આવતા પુરોહિતનું નામ શામળે વીરભટ આપ્યું છે. વીર ભટની પુત્રી અને તેની સખીઓનાં નામ તેણે આપ્યાં નથી, જ્યારે નાગકન્યાનું નામ કુંકુમવતી આપેલું છે. આ. પેશાતનજી કાવસજી-રચિત 'પાંચ દંડની વારતા'માં પણ નાગકન્યાનું એ જ નામ આપ્યું છે. શામળની માફક આ. પેશાતનજી-એ પણ આ વાર્તામાં એક જ દંડ પ્રાપ્ત થયાનો ઉલ્લેખ કર્યો છે, જો કે તેઓએ દંડનું નામ આપ્યું નથી, જ્યારે ભાણવિજયગણિએ વિષહરદંડ અને તમોહરદંડની પ્રાપ્તિ વર્ણવી છે.

આમ, 'પંચદંડ'વિષયક સર્વ કૃતિઓમાંની આ વાર્તામાં, પ્રાચીન સંસ્કૃત પરંપરાને અનુસરનાર વાર્તાકારોએ રત્નદંડ, મણિદંડ અને વિષાપહારદંડ, એમ ત્રણ દંડની પ્રાપ્તિ વર્ણવી છે, જ્યારે પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની 'પંચ-દંડ'ની પરંપરાને અનુસરનાર સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કથા-કારોએ, વિષાપહારદંડ અને તમોહર (મણિદંડ) દંડ એ બે દંડ વિક્રમે પ્રાપ્ત કર્યા એમ દર્શાવ્યું છે. શામળે આ વાર્તામાં, વિષહરદંડનો જ ઉલ્લેખ કર્યો છે. આ. પેશાતનજી પણ એક જ દંડનો ઉલ્લેખ કરે છે, પણ દંડનું નામ દર્શાવતા નથી.

વિક્રમે પાંચ દંડ પ્રાપ્ત કર્યાથી પ્રસન્ન થઈ, ઇન્દ્રે સ્વર્ગમાંથી વિક્રમ માટે દિવ્ય સિંહાસન મોકલ્યું, અને એ સિંહાસન પર પાંચ દંડથી આધારિત છત્ર જડવામાં આવ્યું; એ સિંહાસન પર વિક્રમ બેઠો. આ પ્રસંગ, રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરનાર સર્વ 'પંચદંડ'કારોએ આપ્યો છે. 'પંચદંડ'ની પ્રાચીન પરંપરામાં તે મળતો નથી.

વિષાપહારદંડની વાતને અંતે, અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં-૧૭) 'શકુનમાહાત્મ્ય' અને 'અન્યાયી રાજા' એ બે પેટાવાર્તાઓ આપી છે. રાજા

ચંદ્રસેને સૂડાને શકુન-વિષયક વાર્તા કહેવા વિનંતી કરતાં, સૂડો કહે છે:

૧. શકુનમાહાત્મ્ય

હરિદત્ત નામનો વણિક ઉજ્જયિનીમાં પોતાની પત્નીને લેવા જવા કેટલાય વખત ઘેરથી નીકળ્યો, પણ ઉજ્જયિનીમાં તેનો કાળ હોવાથી, તે પાછો ઘેર આવતો. એક દિવસ, એક ચીડાએ શકુન આપવાથી, હરિદત્ત ઉજ્જયિની ગયો. દેવીએ ચીડાને શકુન આપવા બદલ ઠપકો આપ્યો અને બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી, હરિદત્ત સાથે જવા તેને કહ્યું. હરિદત્ત એના સસરાને ત્યાં ગયો. થાક્યોપાક્યો તે રાત્રે ઊંઘી ગયો ત્યારે તેની સ્ત્રી તેના યારને મળવા નગર બહાર ચાલી. નગર બહાર, એક વડના વૃક્ષ નીચે તેણે પોતાના પ્રીતમને મરેલો જોયો; પણ આસક્તિના કારણે તેને આલિંગન કરવા જતાં, વડ પરના એક ભૂતે મૃતદેહમાં પ્રવેશ કરી, પાપિણી સ્ત્રીનાં નાકકાન કરડી ખાધાં. સ્ત્રીએ ઘેર જઈ બૂમાબૂમ કરી લોકોને કહ્યું કે, મારા પાપી પતિએ, વિના અપરાધે મારાં નાકકાન કાપી નાખ્યાં છે. હરિદત્તના સસરા તેને બાંધી રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને શૂળીએ ચઢાવવા હુકમ આપ્યો. તેવામાં, દેવીએ મોકલેલો ચીડો ત્યાં આવી પહોંચ્યો અને સત્ય હકીકત જણાવતાં, રાજાએ પાપિણી સ્ત્રીને શૂળી દીધી અને હરિદત્તના સસરાને, માથું મુંડાવી, ગધેડે બેસાડી કાઢી મૂક્યો.

'પંચદંડ'ની વાર્તાઓનું પ્રાચીન સ્વરૂપ અને સ્વરૂપાન્તર જોતાં, વિક્રમને છત્રપતિપદ, ચક્રવર્તીપદ અપાવનાર દંડની કલ્પના એ વેદકાળ જેટલી જૂની જણાય છે. જાદુઈ વિદ્યાના પ્રતીકરૂપે યોજાયેલ દંડ તે પણ અથર્વવેદ જેટલો પ્રાચીન છે. જાદુઈ દંડની આસપાસ ગૂંથાયેલી વાર્તાઓ પૈકી, ઉપાદેના ઊડણદંડ જેવી વાર્તા 'બૃહત્કથા' જેટલી, ઈસ્વી સનની પહેલી સદી જેટલી પ્રાચીન છે, એમ તેના પ્રાપ્ત થતા સ્વરૂપપરથી નિર્ણય કરી શકાય છે. વાર્તાઓના સ્વરૂપાન્તરની પ્રક્રિયા અતિ સંકુલ છે. એક પ્રાચીન વાર્તાના અંશ આપણને એક યા બીજા સ્વરૂપે મધ્યકાલીન વાર્તાસાહિત્યમાં મળે છે, પણ તેટલા વર્ષોના પ્રવાસ કરતાં તેની સારી એવી કાયાપલટ થઈ જાય છે. વાર્તાઓના છેવટના સ્વરૂપમાં એટલા બધા સરવાળા-બાદબાકી

થયાં હોય છે કે, તેમનાં પ્રાચીન સ્વરૂપ અને અર્વાચીન સ્વરૂપ વચ્ચે સામ્ય શોધવું મુશ્કેલ થઈ પડે છે. વાર્તાઓના સ્વરૂપઘડતરમાં ઘણાં બળ કામ કરે છે; જે તે દેશ, સમય, પ્રજાની માન્યતાઓ, સામાજિક ધાર્મિક રાજકીય અને અન્ય સાંસ્કૃતિક પ્રવાહો, વાર્તાની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે.